
ગુજરાતી

कक्षा 10



कक्षा
10

# ગુજરાતી

## તૃતીય ભાષા

माध्यमिक शिक्षा बोर्ड राजस्थान, अजमेर

# ગુજરાતી

તૃતીય ભાષા

## ધોરણ 10

માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજસ્થાન, અજમેર

# પાઠ્યપુસ્તક નિર્માણ સમિતિ

## 'ગુજરાતી - તૃતીય ભાષા' ધોરણ - 10


**લેખકગણ**

1. **ડૉ. અશોક પટેલ - કન્વેનર એમ.એ., એમએડ. , પીએચ.ડી.**
એસોસિયેટ પ્રોફેસર, એસ.યુ.જી. કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વાસણા, અમદાવાદ.
2. **ડૉ. યોગેન્દ્ર વ્યાસ - વિષય જાણકાર એમ.એ., પીએચ.ડી.**
એચઓડી. ગુજરાતી ડિપાર્ટમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
3. **ડૉ. પિન્કી પંડ્યા - એમ.એ., એમ.ફીલ., પીએચ.ડી.**
એચઓડી. ગુજરાતી ડિપાર્ટમેન્ટ, એફ. ડી. આર્ટસ કોમર્સ કૉલેજ, જમાલપુર અમદાવાદ - ૧
4. **ડૉ. રાકેશ રાવત - એમ.એ., બી.એડ., પીએચ.ડી.**
આણંદ હાયર સેકન્ડરી, ટાઉનહોલ સામે, આણંદ
5. **શ્રી ભરતસિંહ દામોર - એમ.એ., એમ.એડ.**
આદર્શ રાજકીય ઉચ્ચોતર માધ્યમિક વિદ્યાલય, નાઈ બસ્તી, બરદામા, તા. ચિખલી જિ. ડુંગરપુર રાજસ્થાન
6. **મી. હેતલ પંડ્યા - એમ.એડ., બી.એડ.**
સી.એન. હાયર સેકન્ડરી સ્કૂલ, આંબાવાડી અમદાવાદ
7. **શ્રી નીતિનકુમાર ધાંધોદરા - એમ.એ., એમ.એડ.**
શીષ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ


## આભાર


સંપાદક મંડળ અને માધ્યમિક શિક્ષણ બૉર્ડ-અજમેર, એ બધા લેખકો પ્રત્યે આભાર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે કે, જેમના મૂલ્યવાન વિચારો અને સર્જન આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કરેલ છે.

આ પાઠ્યપુસ્તકમાં મુદ્રિત સમગ્ર વિષયવસ્તુનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવેલ છે, છતાં પણ વિષયવસ્તુનો કોઈ ભાગ કે અંશ ભૂલથી પણ સમાવિષ્ટ થયો ન હોય તો તેના માટે સંપાદક મંડળ ખેદ વ્યક્ત કરે છે. આવી બાકી કોઈપણ વિગત કે વિષયવસ્તુ પ્રત્યે જો ધ્યાન દોરવામાં આવશે તો અમે એનો સહર્ષ સ્વીકાર કરીશું.

**સંપાદક મંડળ**

# पाठ्यक्रम समिति


**संयोजक :**

**डॉ. अशोक पटेल**

21, विधाता सोसायटी, के.के. नगर रोड,

घाटोडिया (अहमदाबाद)

**लेखकगण :**

**श्री रश्मिकान्त मेहता**

व्याख्याता,

राजकीय उच्च माध्यमिक विद्यालय,

गाँधी चौक, बाड़मेर

**श्रीमती नीला राजपुरोहित**

वरिष्ठ अध्यापक

राजकीय बालिका उच्च माध्य. विद्यालय

नाथद्वारा (राजसमन्द)

**डॉ. हर्षिता लालचन्द पंडया**

104, आनन्द नगर सोसायटी,

सेक्टरर 27, गांधीनगर (गुजरात)

**श्री मानवेन्द्र राठौड़**

अहमदाबाद (गुजरात)

**श्री रमेश पंडया**

3, प्रियोक्सी होम, लक्ष्य टाउनशिप के पीछे,

जितोदिय रोड, आनन्द (गुजरात)

## બે શબ્દ

શિક્ષણ પ્રતિમાનના ઉદ્દેશ્યની પૂર્તિ માટે પાઠ્યપુસ્તકની અનિવાર્યતાને નકારી શકાય નહીં. અધ્યાપનને પ્રભાવશાળી બનાવવા તેમજ વિદ્યાર્થીના વ્યવહારનું સંવર્ધન કરવા, મૂલ્યાંકન કરવા પાઠ્યપુસ્તક એક આધાર સ્તંભ બની રહે છે. અર્થાત્ પાઠ્યપુસ્તક એ સાધન છે. જે દ્વારા સાધ્યને સાધી શકાય છે. આજના ટેકનોલોજીના યુગમાં પણ આ સાધનની અનિવાર્યતા ઉપયોગીતા એવી ને એવી જ અકબંધ રહી છે. તેને ઉપેક્ષી શકાય નહીં.

છેલ્લા કેટલાંક વર્ષોમાં માધ્યમિક શિક્ષણ બોર્ડના પાઠ્યક્રમમાં રાજસ્થાનની ભાષાકીય અને સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાના પ્રતિનિધિત્વનો અભાવ અનુભવાતો હતો. રાજસ્થાની ભાષા અને સંસ્કૃતિનું ગૌરવ વધે તે દૃષ્ટિકોણ પાઠ્યક્રમ રચના વખતે નજર સમક્ષ રાખ્યો છે. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખતાં રાજ્ય સરકાર દ્વારા ધો.9 થી 12 સુધીના વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજસ્થાન, અજમેર દ્વારા પોતાના પાઠ્યક્રમનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. તે મુજબ બોર્ડ દ્વારા શિક્ષણ સત્ર 2016-17થી ધોરણ 10ના પાઠ્યપુસ્તકો બૉર્ડ દ્વારા નિર્ધારિત પાઠ્યક્રમના આધારે તૈયાર કરવામાં આવ્યા છે. આશા છે કે, આ પુસ્તકો વિદ્યાર્થીઓમાં મૌલિક વિચાર, ચિંતન અને અભિવ્યક્તિ માટેની પૂરતી તકો પૂરી પાડશે.

**પ્રો. બી.એલ.ચૌધરી**
**અધ્યક્ષ**
**માધ્યમિક શિક્ષણ બોર્ડ, રાજસ્થાન, અજમેર**

# ભૂમિકા

પ્રસ્તુત પુસ્તક 'ગુજરાતી - તૃતીય ભાષા' ધોરણ - 10ના વિદ્યાર્થીઓના અધ્યયન-અધ્યાપન માટે માધ્યમિક શિક્ષણ બૉર્ડ રાજસ્થાન દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતાને કારણે તેને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતા હર્ષની લાગણી અનુભવાય છે. આ પાઠ્યપુસ્તક એ વિદ્યાર્થીઓની વયકક્ષા, સમાજની અપેક્ષાઓ, રાષ્ટ્રીય આકાંક્ષાઓ અને ભાષા કૌશલ્યોને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલ છે.

ગુજરાતી ભાષાના વ્યાવહારિક વપરાશનો વિકાસ થાય તે પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે પાઠ્યપુસ્તક ઉપયોગી સાધન છે. પાઠ્યપુસ્તકમાં સમય, સ્વરૂપ અને લેખન શૈલીને ધ્યાનમાં રાખી ગદ્ય, પદ્ય અને વ્યાકરણનો સમાવેશ કરેલ છે. દરેક કૃતિની શરૂઆતમાં જે તે કૃતિના કર્તાનો અને કૃતિનો ટૂંકમાં પરિચય આપેલ છે. તદ્ઉપરાંત કૃતિનું જે સાહિત્ય સ્વરૂપ વિદ્યાર્થીઓ ભણવાના છે તેનાથી વિદ્યાર્થીઓ સામાન્ય પ્રમાણમાં પરિચિત થાય તેને ધ્યાનમાં રાખીને સાહિત્યના સ્વરૂપનો પરિચય પણ કૃતિની સાથે આપેલ છે.

વિદ્યાર્થી કૃતિને સરળતાથી સમજી શકે તે માટે કૃતિમાં આવતા અપરિચિત શબ્દો જે તે કૃતિના અંતે 'ટિપ્પણ'માં આપેલ છે. વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે તેમજ તેના સ્વઅધ્યયન માટે દરેક કૃતિની સાથે સ્વાધ્યાય આપેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતામાંની ધ્યાનાકર્ષક વિશેષતા જો હોય તો તે છે - કૃતિના અંતે આપવામાં આવેલ પ્રવૃત્તિ દ્વારા થતી ભાષાસજ્જતા. અહીં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવી છે કે જેનાથી વિદ્યાર્થી સરળતાથી ભાષા શીખે, સમાજજીવનને જાણે, સામાજિક પ્રવૃત્તિ કરવા પ્રેરાય. સાહિત્યને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીએ શીખવું જોઈતું વ્યાકરણ યોગ્ય જગ્યાએ કૃતિના અંતે આપેલ છે.

આ પાઠ્યક્રમમાં ભાષા અધ્યયન, ભાષા વિકાસની સાથોસાથ ભાષાના વ્યાવહારિક વપરાશને નજર સમક્ષ રાખવામાં આવ્યો છે. આ પાઠ્યપુસ્તકમાં વિવિધ પ્રકારની સાહિત્યકૃતિઓનો સમાવેશ કરેલ છે. ખાસ કરીને રાજસ્થાની ભાષા અને ભવ્ય સાંસ્કૃતિક, ભૌગોલિક વારસાને પ્રગટ કરતી કૃતિઓને પણ સ્થાન આપ્યું છે. જેથી વિદ્યાર્થીઓમાં ભાષા વિકાસની સાથોસાથ સંસ્કૃતિ અને કળાના વારસાનો મહિમા થાય, કુટુંબપ્રેમ, રાષ્ટપ્રેમ, પ્રકૃતિપ્રેમ, પશુ-પક્ષીપ્રેમ, બંધુત્વની ભાવના, સ્વચ્છતા જેવાં અનેક મૂલ્યો વિકસે.

સંપાદક મંડળે પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી, વ્યવહારુ અને ક્ષતિ રહિત બનાવવાની પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં જો કોઈ ક્ષતિ કે ખામી રહી ગઈ હોય તો તે માટે સંપાદક મંડળ દિલગીરી વ્યક્ત કરે છે. ઉપરાંત જો કોઈ અભ્યાસીના ધ્યાનમાં આ પાઠ્યપુસ્તકની કોઈ ભૂલ કે ખામી આવે તો તે પ્રત્યે અમારું ધ્યાન દોરે તેવી નમ્ર વિનંતી છે. અભ્યાસીઓના આવા પ્રયત્નોને અમે સહર્ષ સ્વીકારીશું.

**સંપાદક મંડળ**

# पाठ्यक्रम

## गुजराती (तृतीय भाषा)

### धोरण–10

अभ्यास क्षेत्र

| | |
|---|---|
| – ग़द्य समीक्षा | 10 |
| – लेखन रचना | 15 |
| – व्याकरण | 15 |
| – गद्य | 20 |
| – पद्य | 20 |

| | | |
|---|---|---|
| 1. | ग़द्य समीक्षा (100 थी 120 शब्दो) | 10 |
| | प्रश्नो, शीर्षक, व्याकरणगत, प्रश्नो | |
| 2. | लेखन रचना | |
| | – निबंध | 10 |
| | – अहेवाल लेखन | 5 |
| 3. | पाठ्य पुस्तक | |
| | गद्य (11) | 20 |
| | पद्य (7) | 20 |
| | (निबंधपक्षी, टूंका, सने रचनात्मपक्षी प्रश्नो) | |
| 4. | व्याकरण | |
| | – भेरड़ी, विरोधी, समानार्थी | 3 |
| | – रूढि प्रयोगो, विशेषण | 3 |
| | – विराम चिहनों अने वाक्य नाप्रकार | 4 |
| | – संधि अने समास | 4 |

निर्धारित पुस्तक :

गुजराती तृतीय भाषा – माध्यमिक शिक्षा बोर्ड, राजस्थान, अजमेर

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | કૃતિનો પ્રકાર | કર્તા | પાના.નં. |
|---|---|---|---|---|
| | | **પદ્ય** | | |
| 1. | ગવરીબાઈકા મંદિર | પદ | ગવરીબાઈ | 01 |
| 2. | છપ્પા | છપ્પા | અખો | 04 |
| 3. | દામોદર દોશી | આખ્યાન | પ્રેમાનંદ | 07 |
| 4. | ફૂલની સાથે રમત | ગરબી | નરસિંહરાવ | 10 |
| 5. | હવે કોઈને... | ઊર્મિગીત | યોસેફ મેકવાન | 13 |
| 6. | ટ્રેન | ગઝલ | કાસમ બલોચ | 15 |
| 7. | ઊંઘણશી સૂર્ય | અછાંદસ રચના | સંસ્કૃતિરાણી દેસાઈ | 17 |
| | | **ગદ્ય** | | |
| 1. | ઈશ્વરની ઓળખાણ | લોકવાર્તા | – | 20 |
| 2. | દેશભક્ત જગડુશા | એકાંકી | રણલાલ સોની | 25 |
| 3. | બાપુજી | વ્યક્તિચિત્ર | કિશનસિંહ ચાવડા | 33 |
| 4. | થેંક્યુ, મી. સેક્રેટરી | આત્મકથા | ડૉ. કિરણ બેદી | 38 |
| 5. | ઓછી અક્કલથી દુકાળ પડે છે | માહિતીનિબંધ | ચતરસિંહજામ | 43 |
| 6. | પરીક્ષા | ટૂંકીવાર્તા | પન્નાલાલ પટેલ | 50 |
| 7. | માટી | લલિતનિબંધ | ભગીરથ બ્રહ્મભટ્ટ | 57 |
| 8. | એમ કરું તો હું માણસ શાનો ? | લઘુકથા | મોહનલાલ પટેલ | 63 |
| 9. | યુવાનો, પાણીપુરી ઝાપટો ! | હાસ્યનિબંધ | બકુલ ત્રિપાઠી | 68 |
| 10. | વેલી ઑફ ફ્લાવર્સ | પ્રવાસનિબંધ | બેલા ઠાકર | 74 |
| 11. | ખૂલતાં હૃદય, ખીલતાં ફૂલો | અનુવાદ | (રીડર્સ ડાયજેસ્ટ -૧૯૮૫) | 79 |

# 1. ગવરીબાઈકા મંદિર

**ગવરીબાઈ**

......

મીરાંબાઈ જેટલાં જ આધ્યાત્મિક કવિ ગવરીબાઈ નાની ઉંમરથી ભક્તિમાં લીન થયાં હતાં. મૂળ ગુજરાતનાં નાગર પણ છ વરસની ઉંમરે પરણીને રાજસ્થાનમાં વસેલાં. ત્યાં નાની ઉંમરે જ વિધવા થતાં ભક્તિમાં એવાં લીન થયાં કે જયપુરના મહારાણીએ તેમને માટે ગિરિપુર (ડુંગરપુર)માં એક મંદિર બંધાવેલું. સાધુ-સંતો સાથે તેઓ ફરતાં રહેતાં. તેમણે છસો જેટલાં પદ રચ્યાં છે.

આ પદમાં તેમણે રાજસ્થાનના વાગડ પ્રદેશમાં રહીને ભક્તિનો રાહ પસંદ કર્યો તેની વાત છે. મહારાજાએ તેમને માટે બંધાવેલું વનેશ્વર મહાદેવનું મંદિર હજી ગિરિપુર (ડુંગરપુર)માં ગેબસાગર તળાવને સામે કાંઠે એક વનમાં છે. એ મંદિરની સાથે ગિરધર એટલે કે ભગવાન શ્રી કૃષ્ણએ ગવરીબાઈ નામનું મંદિર બનાવ્યાની વાત ગૂંથી લીધી છે. આ શરીર પણ ઈશ્વરનું નિવાસ સ્થાન હોવાથી મંદિર જ છે એમ તેઓ કહે છે. જેઓ નિર્ભય થઈને હરિગુણ ગાય તેમનું દેહમંદિર પરમશોભા ધારણ કરે. આવાં ભક્તજનોનાં દર્શન કરતાં જ મનમાં શાંતિનો અનુભવ થાય. પણ આવો ભેદ એટલે કે રહસ્ય ત્યારે જ સમજાય કે જ્યારે મન અને શરીરને (તેની ઈન્દ્રિયોને) માણસ વશમાં રાખે. એમણે આ પદમાં આપેલી તિથિ અને સંવત કેટલાકને મતે તેમના જન્મની તિથિ છે, કારણ કે ત્યારે ઈશ્વરે તેમના દેહમંદિરને બનાવ્યું.

પદ એટલે પગ, ચરણ. કવિતાની મૂળ કડી અથવા એક કડીને (બે પંક્તિને) ચરણ અથવા પદ કહેવાનો રિવાજ હતો. સંસ્કૃતમાં 'પદપાઠ' એટલે વેદ અથવા શાસ્ત્રની બે પંક્તિ (અથવા મંત્ર)ને અમુક ચોક્કસ આરોહ-અવરોહ, સ્વરભાર, લય વગેરે સાથે ગાવાની પરંપરા. કવિતાની બે પંક્તિને પદ અથવા ચરણ તરીકે ઓળખવાની પરંપરા આગળ ચાલી. એ માટે કારણ પણ ખરું. માન્યતા એવી કે પક્ષી કે માણસના બે પગ હોય તે ચાલીને ક્યાંક પહોંચે છે (ક્યાંક ચાર પંક્તિની કડી કે ચરણ પણ હોય તેની પાછળનો તર્ક પણ આ.) એ રીતે કવિના મનમાં સંવેદન, ભાવ, લાગણી, વિચાર વગેરે આ ચરણ કે પદ થકી વાચક અથવા સાંભળનાર સુધી પહોંચે છે.

પછી તો આ પદનું બનેલું આખું કાવ્ય પદ્ય તરીકે ઓળખાવા માંડ્યું. મધ્યકાળમાં જે ગુજરાતી સાહિત્ય રચાયું તે મોટાભાગનું પદ્યમાં લખાયેલું છે. રાસ, ફાગુ, આખ્યાન, છપ્પા, ગરબા, ગરબી, પ્રબંધ બધું પદ્યમાં છે. એ પદ્યથી પ્રભાતિયાં, ભજન જેવાં સાહિત્યસ્વરૂપોને અલગ રાખવા તેમને માટે પદ શબ્દ વાપરવાની પરંપરા આરંભાઈ. પ્રભાતમાં ગવાતાં પદ તે પ્રભાતિયાં. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના ભાવો રજૂ કરતાં ગમે તે સમયે ગવાતાં તે પદને ભજન કહ્યાં.

એટલે વસ્તુની રીતે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ વગેરે ભાવોને જુદાજુદા લય અથવા રાગમાં ચાર-છ કડી અથવા ચરણમાં ગવાતાં ગીતો (ભાવભર્યા ઉદ્‌ગારો) તે પદ. આનો લાભ એ થયો કે વાંચતા લખતાં ન આવડતું હોય તેવા મોટાભાગના સમાજે તેને પોતાના કંઠમાં સાચવી રાખ્યાં. ગુજરાતીમાં નરસિંહ, મીરાં વગેરેનાં પદો જાણીતાં છે.

**ગિરધર ગવરીકા મંદિર બનાયા,**
**વાગડ ક્ષેત્ર ગિરિપુર માંહે, ભક્તિ રાહા ચલાયા;**
**નાગર સાગર નીત માંહે. નીરભે હરિ ગુણ ગાયા. ગીર.**
**એ મંદિર કી સુંદર શોભા, દેખંતો દિલ ભાયા;**
**વે ભેદજન ત્યારે પાવે, વશ રાખે મન કાયા. ગીર.**
**સંવત અઢાર છત્રીસ માંહે, માહા શુક્લ પક્ષ આયા;**
**વસંત ષષ્ટી સત ગુરુવારે, રામલાલા પધરાયા. ગીર.**

- આ વનેશ્વર મહાદેવનું દેવાલય ગિરિપુરમાં ગેબસાગર તળાવને સામે કાંઠે એક વનમાં છે આ મંદિર હજી ગિરિપુરમાં છે.

## ટિપ્પણ

**ગિરધર** - કૃષ્ણ, ગિરિધર - પર્વત ધારણ કરનાર; ગોવર્ધન પર્વત ધારણ કરનાર - કૃષ્ણ **વાગડ** - ગુજરાતનો એક પ્રદેશ **ગિરિપુર** - ગામનું નામ **રાહા** - માર્ગ, પંથ **નાગર** - બ્રાહ્મણની એક જ્ઞાતિ **નાત** - ન્યાત, જ્ઞાતિ **નીરભે** - નિર્ભયતાથી **ભાય** - ગમે **પાવે** - મેળવે, અહીં-જાણે **વશ** - કાબૂ **સંવત** - વિક્રમસંવત **માહા** - મહા મહિનો **શુક્લપક્ષ** - સુદ પક્ષ, અજવાળિયું **ષષ્ટી** - છઠ્ઠી તિથિ (છઠ્ઠ)

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવયિત્રીએ ભગવાનનું મંદિર ક્યાં બનાવ્યું હતું ?
2. કવયિત્રીએ લોકોને કયો માર્ગ બતાવ્યો છે ?
3. કવયિત્રીએ કેવી રીતે હરિગુણ ગાયા હતા ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. કવયિત્રીએ બનાવેલા મંદિરની શોભા વર્ણવો.
2. મંદિરમાં રામલાલાની પધરામણી ક્યારે કરવામાં આવી હતી ?
3. 'રામલાલા'નો બીજો અર્થ 'આત્મા' લઈ શકાય ? શા માટે ?

**પ્રશ્ન 3. કાવ્યપંકિતનો ભાવ સ્પષ્ટ કરો :**

1. 'વે ભેદજન ત્યારે પાવે, વશ રાકે, મન કાયા'

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. તમારા ઘરની આસપાસ આવેલા કોઈ મંદિરની શોભાનું વર્ણન કરો.
2. મંદિરમાં દર્શન કરતી વખતે તેમને કેવી અનુભૂતિ થાય છે તેનું આલેખન કરો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

સાગર, દિલ, કાયા, હરિ

**આટલું કરો**

1. મીરાંબાઈનો પ્રભુપ્રેમ વ્યક્ત કરતાં કાવ્યોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
2. ભારતનાં પ્રસિદ્ધ મંદિરો વિશે જાણવા જેવું તૈયાર કરીને પ્રાર્થના સભામાં રજૂ કરો.
3. હરિગુણ ગાતી કોઈ એક કવિતાનું વર્ગમાં ગાન / પઠન કરો.

•

# 2. છપ્પા



**અખો**

**સમય : ઈ.સ. ની સત્તરમી સદી**

અખો જ્ઞાની કવિ. અમદાવાદ પાસેનું જેતલપુર એમનું મૂળવતન. એમણે સમાજમાં ધર્મને નામે ચાલતા દંભ, પાખંડ અને વહેમો ઉપર તથા સમાજના સ્વાર્થી, સંકુચિત, મૂર્ખાઈ ભરેલા આચારવિચારો ઉપર છપ્પા દ્વારા તીખા તમતમતા પ્રહારો કર્યા છે. સચોટ દૃષ્ટાંતો સાથે એમના છપ્પામાં અનુભવ અને સચ્ચાઈનો રણકો સંભળાય છે. એમની વાણી જોમભરી અને હૃદય સોંસરી ઊતરી જાય એવી છે.

જીવનમાં એક પછી એક થયેલાં સ્વજનોનાં મૃત્યુ, ધર્મની બહેન જમનાએ સોનાના હાર સંબંધી ઉઠાવેલી શંકા તેમજ ટંકશાળના ઉપરી તરીકે હલકીધાતુ ભેળવવા અંગે તેમના પર આવી પડેલા આળને કારણે તેઓ એકાંતપ્રિય, ગંભીર તેમજ વૈરાગી થઈ ગયા હતા.

અખાનો જન્મ અમદાવાદ પાસેના જેતલપુરમાં થયો હતો. તેમના પિતાનું નામ રહિયાદાસ હતું. આ કવિ કેટલોક સમય અમદાવાદની ટંકશાળમાં ઉપરી બન્યા હતા.

'પંચીકરણ', 'અખેગીતા', 'અનુભવબિન્દુ', 'ગુરુ-શિષ્યસંવાદ', 'ચિત્તવિચારસંવાદ' તેમની જાણીતી રચનાઓ છે. છપ્પા તો અખાના જ. છપ્પા દ્વારા સામર્થ્ય અને ગૌરવ પ્રગટ કરતી તેમની ભાષાને કારણે અખાનું સ્થાન ગુજરાતી સાહિત્યનાં હમેશા મોખરે રહેશે.

સંસ્કૃતમાં મૂળ શબ્દ ષટ્પદ હતો. ષટ્ એટલે છ અને પદ એટલે ચરણ. સંસ્કૃતના પંચમ્ પછી આવતા ષટ્નું હિન્દી રાજસ્થાની, ગુજરાતીમાં છહ, છેહ, છ થયું છે. હજાર વરસ પહેલાંની આપણી ભાષામાં છપ્પઅ એવો શબ્દ ષટ્પદ ઉપરથી થયેલો મળે છે. એ છપ્પઅનું ગુજરાતીમાં છપ્પા અથવા છપ્પો થયું.

એટલે છપ્પામાં એક કડીમાં છ પદ અથવા છ ચરણ હોય. આ છ ચરણ પૂરાં થાય એટલે એક છપ્પો પૂરો થાય. છપ્પાની મુખ્ય ખાસિયત અથવા લક્ષણ એ હોય કે ભાવ, વિચાર, લાગણીને ચમત્કારિક અથવા અસરકારક બનાવવા ઉપમા, દૃષ્ટાંત, રૂપક જેવા અલંકારનો અથવા કટાક્ષનો ઉપયોગ થાય છે. ક્યારેક શબ્દોની ચોટ વાગે, છપ્પાનાં છ ચરણમાં દરેક બે ચરણના અંતના શબ્દોનાં ઉચ્ચારણ સરખાં થતાં હોય. દા.ત. 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.' - આ બે ચરણના અંતના 'ટેવ' અને 'દેવ'નાં ઉચ્ચારણ સરખાં થાય તેથી તેને પ્રાસાનુપ્રાસ કહેવાય. છપ્પામાં એ હોય છે.

ગુજરાતી સાહિત્યમાં માંડણ, અખો અને શામળના છપ્પા જાણીતા છે.

પહેલા છપ્પામાં જ્ઞાન અથવા સમજણનું મહત્ત્વ સમજાવ્યું છે. સમજ વિનાની ભક્તિ અંધશ્રદ્ધા બની જાય. અંધ હોય તે દેખે નહીં એમ સમજ વિના સત્ય સમજાય નહીં અને દંભી, પાખંડી, ઢોંગી સાધુ-સંતને ગુરુ કરી બેસે. આવા ગુરુ પોતે અજ્ઞાની હોવાથી અંધારામાં અથડાય તે શિષ્યને રસ્તો શું બતાવે ? માટે જ્ઞાનીને ગુરુ કરવાથી તે જગતના કણકણમાં ઈશ્વરનાં દર્શન કરાવી શકે.

બીજા છપ્પામાં, પરમેશ્વર એક હોવા છતાં જુદા જુદા સંપ્રદાય તેને અલગ માની-મનાવી ભ્રમ ફેલાવે છે તેની વાત કરી છે. લોકો અગ્નિને મૂકી તેના ધુમાડાને જ ઈશ્વર માની લે છે તેનું ઉદાહરણ આપ્યું છે.

ત્રીજા છપ્પામાં અનેક દેવોની પૂજા કરનારાની ઠેકડી ઊડાડી છે. ભગવાનને પથ્થર માનીને પૂજનારા કરતાં, પથ્થરમાં શ્રદ્ધા રાખી તેને પૂજનારા શ્રદ્ધાના બળે જ ઈશ્વર મેળવી શકે તેની વાત તે કરે છે.

---

**1**

જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જ્યમ ચક્ષુહીણો જ્યાંહાં ત્યાંહાં અથડાય,
તે માટે જ્ઞાની ગુરુ કરો, જે હરિ દેખાડે સભરે ભર્યો.
પણ અખા જે ગુરુ ન જાણે એમ, તે શિષ્યને શું આપે નેમ ?

**2**

એક પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું જંથ,
જેમ અગ્નિ અગ્નિને સ્થાનકે રહ્યો, અને ધૂમાડો આકાશે ગયો,
પણ અળગો ચાલ્યો તે ક્યમ મળે ? એમ સહુ અવળા વળે.

**3**

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,
એ અખા વડ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ?

## ટિપ્પણ

**ચક્ષુહીણો** - આંખ વગરનાં **સભરે ભર્યો** - સંપૂર્ણ રીતે ભરેલો **નેમ** - હેતુ, લક્ષ્ય, અહીં-જ્ઞાન **સઘળા** - તમામ, બધા **પંથ** - સંપ્રદાય **જંથ** - ટોળું **અળગું** - અલગ, દૂર **ઉત્પાત** - મુશ્કેલીમાં મૂકે તેવું વર્તન, વિનાશકારી વર્તન **વડુ** - મોટો

## રૂઢિપ્રયોગ

**અવળા વળવું** - ખોટા માર્ગે જવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. શાના વિના ભક્તિ ન થઈ શકે ?
2. જ્ઞાન મેળવવા માટે શું કરવું જોઈએ ?
3. અખો કોને મૂરખ ગણાવે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. કેવા ગુરુ આપણને હરિનાં દર્શન કરાવી શકે ?
2. ઢોંગી ગુરુઓ પર કટાક્ષ કરતાં અખો શું કહે છે ?
3. ભક્તને ક્યાં કારણોસર ઈશ્વરપ્રાપ્તિ થતી નથી ?

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવ સ્પષ્ટ કરો :**

1. 'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ'

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. અગ્નિ અને ધુમાડાનું ઉદાહરણ આપી અખો શું કહેવા માગે છે ?
2. ગુરુ વિશે તમે શું માનો છો તે જણાવો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

ચક્ષુ, પંથ, પથ્થર, પાન

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

જ્ઞાન, આકાશ, મૂરખ

**આટલું કરો**

1. અખાના જીવન વિશે શિક્ષક પાસેથી જાણકારી મેળવો.
2. અખાના છપ્પાઓનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
3. પ્રાર્થના સભામાં અખાના છપ્પાનું પઠન કરો.

•

# 3. દામોદર દોશી



**પ્રેમાનંદ**

**જન્મ : આશરે ૧૬૩૬ મૃત્યુ : આશરે ૧૭૩૪**

પ્રેમાનંદ કૃષ્ણરામ ભટ્ટ (ઉપાધ્યાય)નો જન્મ આશરે ૧૬૩૬માં વડોદરા ખાતે થયો હતો અને આશરે ૧૭૩૪માં અવસાન. તેમના પિતા કૃષ્ણરામ જયદેવ ભટ્ટ અને પત્ની હટકોરબાઈ તથા પુત્રો જીવણરામ અને વલ્લભ ભટ્ટ. તેમની માતાનું નાનપણમાં અવસાન થયું હતું. આથી તેમના માસીને ત્યાં તેમનો ઉછેર થયો હતો.

તેઓ પંદર વર્ષ સુધી અભણ રહ્યાં હતાં. ત્યારબાદ પાટણના સાધુ રામચરણ હરિહરે તેમને કાવ્યપ્રસાદી આપી હતી. તેમને ગુજરાતી ભાષા અંગે અતિ માન હતું. આથી એમણે પ્રતિજ્ઞા કરી હતી કે 'જ્યાં સુધી સર્વે ભાષાઓના જેવી ગુજરાતી ભાષા કવિતારૂપી અલંકારો વડે શણગારાય નહીં, ત્યાં સુધી મારે પાઘડી ન પહેરવી.' આ પ્રતિજ્ઞા તેમણે આજીવન પાળી. તેમની મહત્વની કૃતિઓમાં ઓખાહરણ, દાણલીલા, નળાખ્યાન, મામેરું, સુદામા ચરિત્ર, ચંદ્રહાસાખ્યાન, અભિમન્યુઆખ્યાન, દ્રૌપદીસ્વયંવર, દશમસ્કંધ, સુરેખાહરણ, જ્ઞાનગીતા, નાગદમન વગેરે છે.

ખરેખર તો નરસિંહ મહેતા માટે સુખનો પ્રસંગ છે, પણ કવિ કહે છે, 'નરસૈંયાનું દુ:ખી જાણી રે.' તેમની દીકરીને સંતાન જન્મવાનું છે. નાગરી નાતના રિવાજ પ્રમાણે દીકરીનાં સાસરિયાંને વસ્ત્રો, ઘરેણાં વગેરે મોસાળા રૂપે આપવાનાં છે. નરસિંહ તો સાવ ગરીબ. તેણે 'સમર્યા શ્રી ભગવાન રે'

કવિએ અહીં ઈશ્વરશ્રદ્ધાનો ચમત્કાર બતાવ્યો છે. સ્વયં શ્રી વિષ્ણુ ભગવાન લક્ષ્મીજીની સાથે દામોદર દોશીનું રૂપ ધારણ કરી મોસાળું લઈને આવ્યા છે. પ્રેમાનંદની વર્ણનકલાનો આ એક ઉત્તમ નમૂનો ગણાય છે. આવો ચમત્કાર મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ બનેલો. 'હરિજન આશ્રમ' સાબરમતીમાં શરૂ તો કર્યો પણ ચલાવવો કઈ રીતે ? અમદાવાદના એક શેઠ ચૂપચાપ હજારો રૂપિયા આપી ગયા. નરસિંહના જીવનમાં પણ આવા જ કોઈ 'બજાજ' આવ્યા હોય તો નવાઈ નહીં. પ્રેમાનંદની અતિશયોક્તિ કરીને ચિત્રાત્મક અને રસ પડે તેવા વર્ણનની શક્તિ અહીં દેખાય છે.

સંસ્કૃતનો ધાતુ **'ख्या'** એટલે કહેવું. ચારેબાજુનું, સરસ રીતે, રસ પડે તેમ કહેવું તે આખ્યાન.

'મહાભારત' જેવા મહાકાવ્યમાં પણ 'નલોપાખ્યાન' આવે છે. પણ ગુજરાતી સાહિત્યમાં આ કાવ્યપ્રકારનું ચલણ જુદા હેતુથી થયું છે. નિરાશ, હતાશ, ચિંતામગ્ન થયેલી પ્રજાને પ્રભુમાં શ્રદ્ધાવાળી બનાવવાનો હેતુ હતો. ઈશ્વર સૌ સારાંવાનાં કરે છે એ સમજાવવાનું પ્રયોજન હતું.

એટલે મધ્યકાળના કથાકારોએ રામાયણ, મહાભારત, પુરાણો અને જાણીતા ભક્તો-સાધુ-સંત્યોના જીવનની કથાઓને જુદા જુદા રાગમાં સંગીત સાથે (ખાસ તો 'માણ' - એક પ્રકારના ઘડા - ઉપર આંગળીઓ પરની વીંટીઓથી તાલ આપતાં આપતાં) શ્રોતાઓને ગાઈ સંભળાવી. એમાં કુતૂહલ અને જિજ્ઞાસા હોય. કથા શ્રોતાઓમાં જાણીતી હોય. તેમાં હાસ્ય, કરૂણ, વીર જેવા રસ ઉમેરી એ સમયના પ્રજાજનોની જીવનશૈલીની જેમ જીવતાં પાત્રો બતાવી કથા કહેવાની. પ્રસંગો ઝડપથી બનતા હોય. પરિસ્થિતિઓ ઝડપથી બદલાતી હોય. રસ પડે તેવાં વર્ણનો આવતાં હોય, પાત્રો જીવતાં થતાં હોય.

પણ આખી કથા કંઈ એક જ દિવસમાં કહી જવાય નહીં. એટલે કટકે કટકે કથા કહેવાય. જ્યાં કટકો થાય ત્યાં 'કડવું' (પ્રકરણ) પૂરું થાય. ખાસ તો જે સમયે આ આખ્યાનો કહેવાયાં તે સમયના સમાજજીવન અને વ્યક્તિજીવનના રીતરિવાજો, આચારવિચારો, માન્યતાઓ, વહેમો વગેરે કથામાં ગૂંથી લઈ આખ્યાનકાર શ્રોતાઓનું દિલ બહેલાવતો.

ગુજરાતી સાહિત્યમાં ભાલણ, નાકર, પ્રેમાનંદ જાણીતા આખ્યાનકારો છે.

---

નરસૈયાનું દુઃખ જાણી રે, ઊઠી ધાયા પુરુષપુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મી થયાં શેઠાણી રે. ૧
નંદ સુનંદ ગરુડ સાથે રે, વસ્ત્ર ગાંઠડી તેહને માથે રે;
રથ ઉપર બેઠા શ્રી ગોપાળ રે, ધોરીને ધમકે ઘૂઘરમાળ રે. ૨
લોકે ઓળખ્યા નહીં જુગદીશ રે, સાથે વાણોતર દસવીસ રે;
સહુ જોઈ જોઈ વિસમે થાય રે, પ્રભુ આવ્યા તે મંડપ માંહ્ય રે. ૩
છડીદારે વાટ મુકાવી રે, નાગરી નાત તે જોવા આવી રે;
આ વહેવારીઓ કોઈ આવ્યો રે, સાથે ગાંઠડીઓ ત્યાં લાવ્યો રે. ૪
કો ન જાણે ત્રિભુવનભૂપ રે, વહાલે લીધું વાણિયાનું રૂપ રે;
રથ ઉપરથી ઊતરિયા રે, હરિ સભામાંહી સંચરીઆ રે. ૫
ષટ દર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમયાપતિ આરાધે રે;
ન જડે દાન ધ્યાન બહુ યાગે રે, તે હરિ હીંડે અણવાણે પાગે રે. ૬
જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે;
વાઘો શોભે કેસરછાંટે રે, બાંધી પાઘડી અવળે આંટે રે. ૭
નેત્રપત્ર શ્રવણે અડિયાં રે, કાને કુંડલ હીરે જડિયાં રે;
એક લેખણ કાને ખોસી રે, નામ ધર્યું દામોદર દોશી રે. ૮
ઝીણા જામા પટકા ભારે રે, હરિ હળવે હળવે પધારે રે;
ખભે પછેડી ઓઢી નાથે રે, બેઉ છેડા ઝાલ્યા હાથે રે. ૯
વીંટી વેલિયાં આંગળિયે રે, સાદાં મોજાં પહેર્યાં શામળિયે રે;
ઘણા વાણોતર સાથે રે, કોણે ઝોળો ગ્રહયો છે હાથે રે. ૧૦
સેવક સેવામાં સજ જાણી રે, પ્રભુ પૂંઠે કમળારાણી રે;
ઊતર્યાં નાગરીઓનાં અભિમાન રે, જાણે ઊગ્યા શશીઅર ભાણ રે ! ૧૧

## ટિપ્પણ

**ધાયા** - દોડ્યા **પુરાણી** - પુરાણ વાંચનાર, કથા સંભાળનાર (અહીં પુરાણોમાં જેમનો ઉલ્લેખ છે તે પુરુષ) **સારંગપાણિ** - જેના હાથમાં સારંગ નામનું ધનુષ્ય છે તે (વિષ્ણુ) **ગાંઠડી** - પોટલું **ધોરી** - બળદ **ઘૂઘરમાળ** - બળદને ગળે બાંધવાની ઘૂઘરાની માળા **વાણોતર** - હિસાબ રાખનાર કર્મચારી **વિસમે થવું** - આશ્ચર્ય પામવું **માંહ્ય** - માં, અંદર **છડીદાર** - મોભાદાર વ્યક્તિની આગળ છડી (દંડ) પકડીને ચાલનાર, **વાટ** - રસ્તો, માર્ગ **વહેવારીઓ** - વેપારી **ભૂપ** - રાજા **ષટદર્શન** - છ દર્શન (વૈદિક

તત્ત્વજ્ઞાનનાં છ દર્શન - સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત લાધે-મળે **સંચરીઆ** - ચાલ્યા **ઉમયાપતિ** - શંકર **યાગ** - યજ્ઞ **હીંડે** - ચાલે **અણવાણે પાગે** - ઉઘાડા પગે, પગમાં કશું પહેર્યા વિના **બજાજ** - કાપડનો વેપારી **વાઘો** - ડગલો, અંગરખો **કુંડલ** - કાનમાં પહેરવાનું ઘરેણું **લેખણ** - કલમ, પેન **જામો** - અંગરખો **પટકા** - માત્ર એક ગાંઠથી માથે બાંધવાનો લૂગડાંનો કટકો **પછેડી** - પગથી માથા સુધી ઓઢી શકાય તેવી મોટી ચાદર (અહીં ખભે નાખવાનો મોટો ખેસ) **વેલિયાં** - આંગળીમાં પહેરવાની વીંટી **પૂંઠે** - પાછળ **શશીઅર** - ચંદ્ર **ભાણ** - સૂર્ય

## રૂઢિપ્રયોગ

**વાટ મુકાવવી** - અમુક રસ્તે અવરજવર બંધ કરાવવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. નરસૈયા માટે ભગવાન કોનું રૂપ ધારણ કરે છે ?
2. ભગવાન પોતાની સાથે કોને કોને લઈને આવે છે ?
3. છડીદાર નગરજનોને શું જણાવે છે ?
4. આ કાવ્યમાં ભગવાન માટે કયાં કયાં નામો વપરાયાં છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. લોકો શા માટે આભા બની જાય છે ?
2. નરસૈયાને ઘેર પધારેલા ભગવાનની સુંદરતા વર્ણવો.

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવ સમજાવો.**

'જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજરે;'

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. તમારી આસપાસ રહેલા મંદિરમાંના ભગવાનની શોભાનું વર્ણન કરો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

વસ્ત્ર, ભૂપ, ધોરી, પ્રભુ

**આટલું કરો**

1. પ્રાર્થનાસભામાં 'વૈષ્ણવજન' પદનું ગાન કરી તેનો અર્થ સમજાવો.
2. નરસિંહ મહેતાના પિતાના શ્રાદ્ધ વિશે શિક્ષક પાસેથી જાણો.
3. આ પદ્યનું વર્ગખંડમાં સમૂહગાન કરો.

•

# 4. ફૂલની સાથે રમત



**નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા**
**જન્મ : ૧૮૫૯ મૃત્યુ : ૧૯૩૭**

સુધારક, વિદ્યાપ્રીતિ અને સુધારકવૃત્તિ ધરાવતા કુટુંબમાં જન્મ. ઈ.સ.૧૮૮૧માં મુંબઈ યુનિ.માં સંસ્કૃત વિષય સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ થઈ પ્રતિષ્ઠિત ભાઉ દાજી ઇનામ મળ્યું. તરત ખેડામાં આસિસ્ટન્ટ કલેકટર તરીકે નિમાયા. નિવૃત્તિ પછી એલ્ફિન્સ્ટન કોલેજમાં ગુજરાતીના પહેલા માનદ્ પ્રાધ્યાપક થઈ ત્યાં સોળ વરસ કામ કર્યું. ગુજરાતીના પ્રોફેસરોની પહેલી પેઢી તેમણે તૈયાર કરી.

ઊર્મિ, કલ્પના, ચિંતન અને ભાષાના સંયોજનની કલાદૃષ્ટિએ તેઓ અર્વાચીન ગુજરાતી કવિતાના પ્રથમ નોંધપાત્ર કવિ ગણાયા છે. 'કુસુમમાળા', 'હૃદયવીણા', 'નૂપુરઝંકાર', 'બુદ્ધચરિત' અને 'સ્મરણસંહિતા' તેમનાં કાવ્યપુસ્તકો છે.

કવિ ઉપરાંત તેઓ મોટા ભાષાશાસ્ત્રી, નિબંધકાર, વિવેચક અને સ્મૃતિચિત્રોના લેખક હતા.

ગુજરાતમાં (અને ઘણે અંશે રાજસ્થાનમાં પણ) માથે માટલું કે બેડું (મોટા ઘડા ઉપર નાનો ઘડો) રાખી કૂવા, તળાવ કે નદીએથી પાણી લાવવાનો રિવાજ હતો. આ રિવાજનો સ્ત્રીનૃત્યોમાં ઘણો ઉપયોગ થાય છે. તેનાથી શરીર સુડોળ અને ચાલવાનું સુંદર બને છે.

માથે માટલું કે બેડું રાખી નૃત્ય કરવું એ ઉત્તમ કસરત પણ છે. સ્ત્રી-પુરુષો રાત્રે સમય કાઢી શકે. તેથી રાત્રે સમૂહમાં નૃત્ય કરતી વખતે માથે માટલું રાખી ગોળ ગોળ ફરી અથવા જુદી જુદી રીતે ફરી લોકો આનંદ મેળવતા. પછી માટલામાં કાણાં પાડી એમાં દીવો મૂકી તેને માથે રાખી નૃત્ય કરતા કાણાંવાળા માટલામાં દીવો હોય તેને સંસ્કૃતમાં ગર્ભદીપ કહેતા. (અંદર દીવો) તેના ઉપરથી 'ગરબો' શબ્દ આવ્યો. તેની સાથે સ્ત્રીઓ જે ગીત ગાતી તે પણ ગુજરાતમાં 'ગરબા' તરીકે ઓળખાય છે.

એ જ રીતે માથા પર કાણાંવાળા માટલામાં દીવો રાખી પુરુષો રાત્રે સમૂહનૃત્ય કરે તેને 'ગરબી' કહેવાનું શરૂ થયું. એ લોકો 'ગરબી' નૃત્યુ વખતે જે ગીત ગાય તે 'ગરબી' કહેવાય. આમ પુરુષો દ્વારા 'ગરબી' નૃત્ય કરતી વખતે જે ગીત ગવાય તે ગરબી ગણાય. તેમાં તાલ હોય, સૂર હોય, સંગીત હોય.

ગુજરાતીમાં ભક્તકવિ દયારામ 'ગરબી'ની રચના કરવા માટે જાણીતા છે.

સામાન્ય રીતે પુરુષો ગરબી ગાય છે જેમ સ્ત્રીઓ ગરબા. ગરબીમાં હૃદયના ભાવ કોમળતાથી રજૂ થાય છે. એ ત્રણસો ચારસો વર્ષથી ગુજરાતમાં ગવાય છે.

આ ગરબીમાં સંસારનાં સ્ત્રી-પુરુષોનાં વર્તનથી દુઃખી થયેલા કવિ ફૂલડાંઓને પોતાની સાતે ગરબી ગાવા આમંત્રણ આપે છે. સંસારમાં સ્વાર્થી સ્ત્રી-પુરુષોમાં નિર્દોષતા ક્યાંથી હોય ? તેથી નિર્દોષ, સુગંધ ફેલાવતાં ફૂલો સાથે એક દિવસ સાથે ગાળવાની વાત કવિ આ ગરબીમાં કરે છે.

---

આવો ફૂલડાં મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક આનન્દે રે ભેળાં રહી નિર્ગમિયે. ૧
મ્હને મુખડું ત્હમારું રે સલૂણું લાગે વ્હાલું,
એમાં નિર્મળ પ્રીતિ રે વસી હસતી કાલું. ૨

તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું,
રહી મનુજસમૂહે રે વદન કરમાઈ ગયું. ૩
ન્હાસી ત્યહાં થકી આજે રે આવ્યો તમ પાસ હું તો,
ત્હમે કોમળ હઈડે રે; મ્હને નવ ગણશો જુદો. ૪
નહીં તમમાં કુટિલતા રે, નહીં વળી ક્રૂરપણું,
નહીં વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું. ૫
કદી હાસ કરતાં રે તો નિશ્ચે આનન્દભર્યાં,
કરમાઈ કદી સૂતાં રે તો સત્યે દુઃખે જ ગળ્યાં; ૬
જેવું અંતર થાએ રે તેવું તમ મુખડું દીસે,
જેવું મુખ દેખાએ રે તેવું તમ હૃદય વિશે. ૭
ત્યારે આવો મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક તો સુખમાં રે સાથે વસી નિર્ગમિયે. ૮

● **"શીખ સાસૂજી દે છે રે કે વહૂજી રૂહો ઢંગે." — એ ચાલ**

## ટિપ્પણ

**મધુરાં** - મીઠાં; વ્હાલાં **ભેળાં** - સાથે **નિર્ગમિયે** - ગાળીએ, ગુજારીએ **સલૂણું** - સુંદર **નિર્મળ** - શુદ્ધ, પવિત્ર **પ્રીતિ** - પ્રેમ **કાલું** - નાનું બાળક બોલે તેવું, બાલિશ, કુસુમ-ફૂલ **કોમળ** - પોચું, સુંવાળું **મનુજ** - માણસ **વદન** - ચહેરો **ન્હાસી** - નાસી **હઈડે** - હૈયે **કુટિલતા** - કપટીપણું, કપટ, જેના પર વિશ્વાસ મૂકી ન શકાય તેવું વર્તન **ક્રૂરપણું** - નિર્દયપણું, દયા વગરનું, **નિશ્ચે** - ચિંતા વગર **દીસે** - શોભે, લાગે **વિશે** - માં **વસી** - રહી

## રૂઢિપ્રયોગ

**વદન કરમાઈ જવું** - ઉદાસ થઈ જવું
**સત્યે દુઃખે જ ગળવું** - સાચે જ દુઃખથી કરમાવું, વિલાઈ જવું.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ કોની સાથે રમવા ઈચ્છે છે ?
2. ફૂલનું મુખડું કવિને કેવું લાગે છે ?
3. ફૂલ શા માટે કરમાઈ ગયું હતું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. બીજું ફૂલ કેવી વિનંતી કરે છે ?
2. ફૂલોની વિશેષતા રજૂ કરતા કવિ શું કહે છે ?
3. ફૂલના મન-હૃદય વચ્ચે કેવું ઐક્ય જોવા મળે છે ?

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવાર્થ સમજાવો.**

'નહિ તમમાં કુટલિતા રે, નહિં વળી ક્રૂરપણું,
નહિ વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું'

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. કવિએ ફૂલોને કરેલી વિનંતીનું વર્ણન કરો.
2. ફૂલની સુંદરતાને જોઈને તમને અનુભવાતી લાગણીનું વર્ણન કરો.
3. તમને ફૂલ બનવાનું ગમે ? શા માટે ? કાવ્યનો આધાર લઈ વિચારો રજૂ કરો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

મુખડું, મનુજ, દુઃખ, પ્રીતિ

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

મધુર, કોમળ, સત્ય, પાસે

**આટલું કરો.**

1. કવિને બદલે તમે ફૂલોને વિનંતી કરતા હો એમ પત્ર લખો.
2. ફૂલની સુંદરતાનું વર્ણન કરતો નિબંધ લખી શિક્ષકને બતાવો.
3. જુદાં-જુદાં ફૂલોની તસવીરનો ચાર્ટ તૈયાર કરી વર્ગમાં લટકાવો.

•

# 5. હવે કોઈને !

**યોસેફ મેકવાન**

**જન્મ તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૪૦**



યોસેફ મેકવાનનો જન્મ અમદાવદ. વતન : માલાવા (ખેડા જિલ્લો) પિતાનું નામ ફિલિપભાઈ, માતાનું નામ મરિયમબેન. શેઠ.સી.એન. વિદ્યાલયમાંથી શિક્ષક તરીકે નિવૃત્ત. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અને એસ.એન.ડી.ટી. કોલેજમાં પાર્ટટાઈમ અધ્યાપક. આકાશવાણી - અમદાવાદ, પરામર્શક તરીકે, ગુ.રા.શા. પાઠ્યપુસ્તક મંડળમાં પાઠ્યપુસ્તક રચના સમિતિના સભ્ય. ગુ.સા.પરિષદમાં કારોબારી સભ્ય. સાંસ્કૃતિક-ધાર્મિક મિશન અન્વયે યુરોપના સ્પેન, ઈટાલી, ઇઝરાયેલ, ફ્રાંસની મુલાકાતો.

લઘુનવલ, કાવ્યસંગ્રહો, વાર્તાસંગ્રહો, કાવ્યસંગ્રહો, નિબંધસંગ્રહો, અનુવાદો, કાવ્યચયનો, વિવેચન ઉપરાંત બાલકાવ્યસંગ્રહો, બાળવાર્તાસંગ્રહો, બાલસાહિત્યવિવેચન વગેરે...

પારિતોષિકો : દિલ્હી સાહિત્ય અકાદમીનું ઈનામ, ગુજરાત રાજ્યનાં પાંચ ઈનામો, ડૉ. કવિ જયંતપાઠક એવોર્ડ, નટવરલાલ માલવી એવોર્ડ અને 'કુમાર' સુવર્ણચંદ્રક તથા નાનાંમોટાં ઇનામો અને તામ્રપત્ર.

જે ગવાય તે ગીત. ગીત ઉપરથી જ 'ગીતા' શબ્દ પણ બન્યો છે. ગુજરાતીમાં લોકગીત, પ્રભાતિયાં, ભજનો વગેરે પણ ગીત ગણાય.

છતાં 'ઊર્મિગીત' એ બધાથી જરા જુદું પડે છે. અંગ્રેજી સાહિત્યની અસરથી જે ગીત ગવાતું તેને મળતું 'ઊર્મિગીત' આપણે ત્યાં રચાયું. ઊર્મિ એટલે લાગણી, સંવેદન. ગ્રીક લોકો પોતાની ઊર્મિ અથવા સંવેદનને લાયર નામના તંતુવાદ્ય (આપણા તંબૂરો, એકતારો અથવા રાવણહથ્થો જેવા) સાથે ગાતા. એ ગીતને લિરિક નામ આપેલું. એ પ્રકારની રચના પછી અંગ્રેજીમાં ટેનિસન, કીટ્સ, બાયરન, વર્ડ્ઝવર્થ વગેરે કવિઓએ કરી.

કવિ નર્મદ પછી આપણે ત્યાં પણ એવાં 'લિરિક' લખાયાં. તેનું ગુજરાતી 'ઊર્મિગીત' થયું. એમાં ભક્તિ ઉપરાંત પ્રકૃતિ અને માનવપ્રેમની ઊર્મિઓ રજૂ થઈ. ક્યારેક પોતાનો વિષાદ અને વ્યથા પણ રજૂ થયાં.

સુગમસંગીત ગાનારા કલાકારોએ ગુજરાતમાં આવાં ગીતોને ઘેર ઘેર જાણીતાં બનાવ્યાં. નર્મદ પછી નરસિંહરાવ, નાનાલાલ, સુંદરમ્, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, અવિનાશ વ્યાસ જેવાએ ઘણાં ગીતો લખ્યાં.

કોમળ હૃદયના સરળ કવિએ આ ગીતમાં પોતાની વ્યથા રજૂ કરી છે. એક સમયે બધાં માણસો કેવાં સંપથી, અમનથી રહેતાં હતાં ? હવે તો કોઈનેએકબીજા પર વિશ્વાસ જ નથી રહ્યો. કોઈક અણસમજણની રજકણ - નાનકડી એટમ બનીને, અણુબોમ્બ બનીને ફૂટી છે. બધું વેરણ-છેરણ, વૅર-વિખેર થઈ ગયું ને માનવજાત બેહાલ થઈ ગઈ. કવિ પાસે આનો ઉકેલ નથી પણ માનવજાતે તો એનો ઉકેલ શોધવો જ પડશે.

---

શબ્દે શબ્દે જેમ વસ્યો છે અક્ષરનો સહવાસ,
હતા આપણા એમ ભળેલા શ્વાસ !
ઊડી ગયો ક્યાં વરાળ થઈને અંતરનો વિશ્વાસ ?
રજકણ અણસમજણની ક્ષણમાં
ચિત્તમહીં છવાઈ,
વેરણ-છેરણ દૃશ્ય થયાં સૌ
ગયું બધું પલટાઈ !

રાત સરખા દિવસો લાગે
જાણે સદા અમાસ !
ઊડી ગયો ક્યાં વરાળ થઈને અંતરનો વિશ્વાસ ?
જીવતરના હાંસિયે જઈ બેઠાં
સ્મરણોનાં સૌ વહાલ,
કશું નથી કૈં ગમતું દોસ્તો,
હાલ થયા બેહાલ !
હવે કોઈને માનવતા પણ
નથી આવતી રાસ !
ઊડી ગયો કયાં વરાળ થઈને અંતરનો વિશ્વાસ ?

## ટિપ્પણ

**સહવાસ** - સાથે રહેવું તે **વેરણ-છેરણ** - અસ્તવ્યસ્ત **હાંસિયો** - કાગળની ડાબી બાજુએ કોરી રખાતી જગ્યા

## રૂઢિપ્રયોગ

**ભળેલા શ્વાસ હોવા** - એકબીજાનાં દિલ મળી જવાં, એકબીજા પ્રત્યે લાગણી હોવી
**હાલ બેહાલ થવા** - ખરાબ પરિસ્થિતિમાં મૂકાવું
**રાસ ન આવવું** - માફક ન આવવું; અનુકૂળ ન આવવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**
1. કવિને કયો પ્રશ્ન સતાવે છે ?
2. વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી ?
3. કવિના મતે કોઈને શું ગમતું નથી ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**
1. ‘અક્ષર’ અને ‘શ્વાસ’ વચ્ચે તુલના કરતાં કવિ શું કહે છે ?
2. શેના કારણે ચિત્તમાં બધુ પલટાઈ જાય છે ?
3. કવિને શા માટે દિવસો અમાસની રાત જેવા લાગે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**
1. ‘અણસમજણ’થી ઊભી થયેલી અનુભૂતિનું વર્ણન કરો.
2. મિત્ર સાથે અણબનાવ થાય ત્યારે તમને થયેલી અનુભૂતિનું વર્ણન કરો.

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**
‘રજકણ અણસમજણની ક્ષણમાં ચિત્તમહીં છવાઈ,
વેરણ-છેરણ દશ્ય થયાં સૌ ગયું બધું પલટાઈ !’

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**
વહાલ, વરાળ, ચિત્ત, દોસ્ત

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**
સમજણ, અમાસ, સ્મરણ

•

# 6. ટ્રેન



**કાસમ બલોચ**

**જન્મ : ૩૦-૧૨-૧૯૫૭**

પિતાનું નામ નુરમામદ. માતાનું નામ અમીનાબેન. તખલ્લુસ : જખ્મી. જન્મ ૩૦-૧૨-૧૯૫૭ (હાપા રેલવેકોલોની, જિ. જામનગર) વતન જામનગર, વ્યવસાય : પ્રાધ્યાપક (આટ્‌ર્સ-કોમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા ૩૮ ૩૫ ૫૫, જિ. સાબરકાંઠા) અભ્યાસ : એમ.એ;બી.એડ; પીએચ.ડી. સર્જન : (૧) 'ઍક્વેરિઅમ' (હાઈકુસંગ્રહ) (૧૯૯૬) (૨) 'વાદળો ઘેરાય પણ...' (ગઝલસંગ્રહ) (૨૦૦૩), (૩) વિવિધ સામયિકમાં ગઝલ, લઘુકથા, હાઇકુ, ગીત અભ્યાસલેખ વગેરે છપાયાં છે.

ગઝલ એ અરબી-ફારસી સાહિત્યનું કડીબદ્ધ સાહિત્યસ્વરૂપ-ઊર્મિકાવ્યનો એક પ્રકાર છે. સામાન્ય રીતે તેમાં પાંચથી સાત કડી હોય છે. બબ્બે પંકિત ધરાવતી તે દરેક કડીને 'શેર' કહે છે. ગઝલનો પ્રથમશેર 'મત્લા' અને અંતિમ શેર 'મક્તા' કહેવાય છે. ગઝલમાં 'કાફિયા' (પ્રાસ) તથા 'રદીફ' (અનુપ્રાસ) હોય છે. સ્થાન બાબતે કાફિયા મત્લાના શેરની બંને પંકિતમાં તથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, રદીફ પૂર્વે સમાન માપનું ઉચ્ચારણ ધરાવતા જુદાજુદા શબ્દ રૂપે આવે છે. રદીફ એ કાફિયા પછી આવતો પંક્તિભાગ છે. તે પણ મત્લાના શેરની બંને પંક્તિમાંતથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, પણ બદલાયા વગર - એક જ સ્વરૂપે આવે છે. જોકે, રદીફ વિનાની ગઝલો, લખાતી રહી છે, પણ કાફિયા વગર ગઝલ રચવી અશક્ય છે. મક્તામાં ગઝલકારનું 'તખલ્લુસ' (ઉપનામ) વણાયેલું હોય છે. જોકે, મત્લા, મકતા કે બંને વિનાની ગઝલો પણ લખાતી રહી છે. તે અરબી પિંગળશાસ્ત્ર 'અરૂઝ' મુજબ નિયત 'બહેર' (છંદ)માં રચાતી હોય છે. તેનો દરેક શેર વિષય કે વિચાર-ભાવના નિરૂપણની દૃષ્ટિએ સ્વંતત્ર હોય છે. તો, સમગ્ર ગઝલમાં વિષય, ભાવ આદિના નિરૂપણનું સાતત્ય હોય તેવી ગઝલો પણ રચાતી રહી છે. એક સમયે પ્રણય તેનો મુખ્ય વિષય હતો. હવે એવું વિષયબંધન રહ્યું નથી. તેની ભાષા બોલચાલની લઢણોવાળી, સંવાદાત્મક ઢબની, સહજ, સરળ, સાંકેતિક અને સચોટ હોય છે.

'ટ્રેન'નું - ચાલી જતી આગગાડીનું એક શબ્દચિત્ર આ ગઝલમાં રજૂ થયું છે. આ ટ્રેન જીવનની પણ હોઈ શકે. 'આવો, થંભો, પાછા સરકો એમ ત્રણ ક્રિયાપદથી આખી ઘટમાળ નજર સામે કવિ ખડી કરે છે.

---

સાંજ ઢળી ને ચાલી ટ્રેન,
સ્ટેશન ખાલી, ખાલી ટ્રેન.
આખર તો એ યાયાવર છે,
ગણ દવલી કે વ્હાલી ટ્રેન.
પરખાયાં મારાં તળ-શિખર,
ખૂબ મળી મતવાલી ટ્રેન!
'આવો, થંભો, પાછા સરકો',
પાળે આ જ પ્રણાલી ટ્રેન.

ઝાવાં માર્યે વળવાનું શું ?
ક્યાંય ઝલાઈ ઝાલી ટ્રેન ?
ક્ષણબેક્ષણમાં 'જખ્મી' ઓઝલ..!
નભ લગ ફૂલીફાલી ટ્રેન...

## ટિપ્પણ

**યાયાવર** - રખડતું, એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતું **દવલી** - અણમાનીતી **તળ** - તળેટી; નીચેનો પ્રદેશ **મતવાલી** - મસ્તી ચઢેલી **પ્રણાલી** - રૂઢિ, પરંપરા

## રૂઢિપ્રયોગ

**ઝાવાં મારવાં** - વલખાં મારવાં; વ્યર્થ પ્રયત્ન કરવા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ટ્રેન ક્યારે ચાલી નીકળે છે?
2. ટ્રેન કઈ પ્રણાલીનું પાલન કરે છે ?
3. ટ્રેન કયા સુધી ફાલી છે? ટ્રેન ક્યાં અને ક્યારે ખાલી થાય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. કવિ ટ્રેનને શા માટે યાયવર ગણાવે છે ?
2. કવિ શા માટે ઝાવાં મારવાની ના પાડે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. કાવ્યને આધારે ટ્રેનની લાક્ષણિકતાઓ વર્ણવો.
2. આ ટ્રેન જીવનની પણ કઈ રીતે હોઈ શકે ?

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

શિખર, પ્રણાલી, ઓઝલ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સાંજ, નભ, ફૂલવું

**આટલું કરો.**

1. રેલ્વેસ્ટેશનની મુલાકાત લઈ તેનું વર્ણન તમારા મિત્રને કરો.
2. ટ્રેનમાં બેસવાનો અનુભવ વર્ગમાં કહો.
3. ગઝલ પઠન વિશે શિક્ષક પાસેથી જાણકારી મેળવો.

•

# 7. ઊંઘણશી સૂર્ય

**સંસ્કૃતિરાણી દેસાઈ**
**૧ ઑક્ટોબર ૧૯૫૮**



જન્મસ્થળ મુંબઈ. માતા - તારિણી દેસાઈ, પિતા - સુધીર દેસાઈ

કવિતા - બે કાવ્યસંગ્રહો માટે નવ ઍવૉર્ડ (૧) સૂર્યો જ સૂર્યો (૧૯૯૩) (૨) શબ્દના આકાશમાં કૂદકો (૨૦૧૦) ગુજરાતી સાહિત્ય પરિષદના બે ઍવૉર્ડ્સ, ગુજરાત સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકદામી, ઉમાશંકર જોશી પારિતોષિક, રસ કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ પારિતોષક, કલા ગુર્જરી ઍવૉર્ડ વગેરેના ઍવૉર્ડ્સ પ્રાપ્ત.

નૃત્ય, કરાટે - શ્રીમતી વૈજયંતીમાલા પાસે ૧૩ વર્ષ નૃત્યની તાલીમ, કરાટેની આઠ વર્ષ તાલીમ લઈ બ્રાઉન બેલ્ટ મેળવ્યો.

વ્યવસાય : દેશની અને વિદેશની એમબીએની કોલેજોમાં પ્રોફેસર, આઉટસ્ટેન્ડિંગ એડ્જન્કટ પ્રોફેસર ઍવૉર્ડ વગેરે ચાર ઍવૉર્ડ.

સામાન્યરીતે કવિના કોઈ લય અથવા છંદમાં લખાય 'લય' હોય તે રાગમાં ગવાય અને છંદમાં હોય તેનું છંદોબદ્ધ વાચન થાય.

પણ ઘણા કવિઓને લાગ્યું કે પોતાની ઊર્મિ, સંવેદન, કલ્પના, વિચાર વગેરેને ભાષાના અમુક માપમાં જ શા માટે રજૂ કરવી ? અથવા રોજિંદાં વાક્યોમાં (એટલે કે ગદ્યમાં) શા માટે રજૂ કરવી ? પશ્ચિમમાં અને ખાસ કરીને અંગ્રેજીમાં એવી ... (પદ્ય ન હોય તેવી) રચનાઓ લખાઈ. આપણે ત્યાં પણ બળવંતરાય, નાનાલાલ જેવા કવિઓએ તેવા પ્રયોગો કર્યા. નાનાલાલે તેને ડોલનશૈલી નામ આપ્યું તો બળવંતરાયે તેને મુક્તછંદ એવું નામ આપ્યું.

આવી રચનાઓમાં લય તો હોય જ પણ તેનાં નિયમિત માપ ન હોય તેથી ગાઈ ન શકાય. આવી રચનાઓમાં પોતાના મનના તુક્કાઓ, તરંગો અને ઉટપટાંગ ગણાય તેવી છતાં ચમત્કૃતિભરી તેથી રસ પડે તેવી કલ્પનાઓને રજૂ કરવાનું કવિઓને સરળ લાગે છે.

મુંબઈના દરિયાકિનારે રહેતાં કવયિત્રી રોજ સવારેએક ઘટના જુએ છે. તેને સંવેદનોથી રસ પડે એ રીતે રજૂ કરે છે. જાણે આપણો સૂરજ આપણા જેવો નિશાળિયો છે. દરિયો એનો શિક્ષક છે. દરિયો રોજ પોતાની જોરદાર છાલકથી એને જગાડે છે પણ પ્રકાશ ફેલાવનારો પોતે જ ઝોકે ચડે અને ક્યારેક તો વાદળાં ઓઢીને આખો દિવસ સૂઈ રહે એ કેવું ? કદાચ મુંબઈના સતત ધૂંધળા રહેલા વાતાવરણમાં સૂર્ય જાણે ઝાંખો-ઝાંખો તેથી આળસુ જેવો દેખાય છે. ને એક રમતિયાળ છતાં હૃદયમાં ઊતરી જાય તેવી કલ્પના !

---

ઊંઘણશી સૂર્યને
રોજ પોતાની એક જોરદાર છાલકથી
દરિયો

આકાશમાં મૂકી દે ને, બેસાડે ભણવા.
ઠોઠ નિશાળિયાને રોજ જ ભૂરી બેંચ
પર ઊભા રહેવની કરે છે સજા,
તોય,
ધ્યાન ચૂકવી દરિયાનું,
ઊભો ઊભો જ ઝોકે ચડી જાય
ને ઢળી પડે દરિયાની પેલે પાર સાંજ સુધીમાં.
શિયાળામાં તો રોજ નિશાળે મોડો પડે
ને ચોમાસામાં તો દરિયો ઉઠાડવાનું ભૂલી જાય તો
ઊંઘતોય રહે વાદળ ઓઢીને આખો દિવસ !
સૂર્યને દરિયા કરતાંય
વધારે કડક શિક્ષકની જરૂર છે. ખરું કે નહિ ?

## ટિપ્પણ

**ઊંઘણશી** - સતત ઊંઘે તે આળસુ **છાલક** - પ્રવાહીનું ઊછળીને ફેંકાવું **ઠોઠ** - ઓછી સમજવાળું

## રૂઢિપ્રયોગ

**ઢળી પડવું** - પડી જવું, ગબડી જવું, ઊંઘી જવું
**ઝોકે ચડવું** - ઊંઘવા લાગવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. સૂર્યને કોણ આકાશમાં ધકેલી દે છે ?
2. દરિયો દરરોજ સૂર્યને કેવી સજા કરે છે ?
3. સૂર્ય ક્યારે ઊંઘી જાય છે ?
4. સૂર્યની આદતોને સુધારવા માટે કોની જરૂર છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. સૂર્યને ઊભા રહેવાની સજા થાય ત્યારે તે શું કરે છે ?
2. શિયાળામાં સૂર્ય નિશાળે કેમ મોડો આવે છે ?
3. કવિએ સૂર્યને ઠોઠ નિશાળિયો શા માટે કહ્યો છે ?

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવ સમજાવો.**

'ને ચોમાસામાં દરિયો ઉઠાડવાનું ભૂલી જાય તો
ઊંઘતોય રહે વાદળ ઓઢીને આખો દિવસ !'

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. સૂર્ય માટે કેમ કડક શિક્ષક રાખવાની જરૂર પડી તે વિચારીને લખો.
2. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયના વાતાવરણનું વર્ણન કરો.
3. જો સૂર્ય ન હોય તો ? .. શું થાય ?

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

સૂર્ય, દરિયો, ચોમાસું, નિશાળ

**આટલું કરો.**

1. કાવ્યનું વાર્તામાં રૂપાંતર કરી વર્ગખંડમાં રજૂ કરો.
2. સૂર્યોદય કે સૂર્યાસ્ત સમયનું ચિત્ર દોરી નોટીસબોર્ડ પર રજૂ કરો.
3. સૂર્યની ઉત્પત્તિ વિશે વિજ્ઞાન શિક્ષક પાસેથી માહિતી મેળવો.

●

# 1. ઈશ્વરની ઓળખાણ

.....

નાનપણથી તમે વાર્તા સાંભળતાં-વાંચતાં આવ્યાં છો. શા માટે તમને એમાં સૌથી વધારે રસ પડે છે ? એ શા માટે સૌથી વધુ લોકપ્રિય સાહિત્યપ્રકાર છે ?

માણસની જિજ્ઞાસાવૃત્તિ બહુ જોરદાર હોય છે એને નવું નવું જાણવામાં, માણવામાં બહુ રસ પડે છે. દાદાજી કે દાદીમા કહે કે "ચાલો, હું તમને વાર્તા સંભળાવું." તો તરત બાળકો તરીકે તમે જ નહીં, તમારાં પપ્પા-મમ્મી પણ ક્યારેક તો બેસી જતાં. રામાયણ, મહાભારત, પંચતંત્ર, હિતોપદેશ, કથાસાહિત્યસાગર, જાતક કથાઓ, જૈન કથાઓ, જૈન વાર્તાઓ, અરેબિયન નાઈટ્સ વાર્તાઓનો ખજાનો માણસજાતની મોટી મિલકત છે.

એમાંય લોકવાર્તાઓની વાત જ ન્યારી. એક હતો ચકો અને એક હતી ચકી. વાર્તા શરૂ કોણે કરી હશે, કોણે લખી હશે આ વાર્તા ? કોઈને કોઈ જીવનપ્રસંગ અસરકારક લાગ્યો, બોધદાયક લાગ્યો, રહસ્યમય લાગ્યો, રસ પડે એવો લાગ્યો કે રચી દીધી વાર્તા. લઈ આવે છગન-મગન, ઈશ્વર-પાર્વતી, વિષ્ણુજી-નારદજી, અકબર-બીરબલ, ચકો-ચકી, સિંહ-ઉંદર, શિયાળ-કાગડો અને કહેવા માંડે વાર્તા. શરત એટલીકે કલ્પના જોઈએ, રસ પડે તે રીતે કહેવાવી જોઈએ. સાંભળનાર-વાંચનાર વિચાર કરતા થઈ જાય, જીવન વિશે જાગ્રત થઈ જાય, 'વાહ, આવું પણ હોય' એમ અનુભવે. લોકવાર્તાનું આ જ સુખ. તેનો કોઈ લેખક ન હોય. પણ કોઈને સૂઝી, કહી ને પછી અનેકોએ એને પોતપોતાની રીતે સુધારી, વધારી, મઠારીને કહી અથવા લખી.

ગુજરાતીમાં સ્વ.ઝવેરચંદ મેઘાણીએ આવી અનેક લોકવાર્તાઓને ભેગી કરી, મઠારીને પ્રગટ કરી છે.

અકબર-બિરબલની વાતો જાણીતી છે. એ જાણીતી વાર્તાઓમાંની એક તમારે માટે સંપાદકોએ ફરીથી લખીને અહીં રજૂ કરી છે.

---

એક વખત અકબર બાદશાહ તેમના દરબારીઓ સાથે નગરમાં ફરવા નીકળ્યા. તેઓ પોતાની સુખી પ્રજાની જાહોજલાલી જોઈને ખુશ થતા હતા. પરંતુ સાંજે પાછા ફર્યા ત્યાં સુધીમાં તે ઊંડા વિચારમાં ખોવાઈ ગયા હતા. બીજા કોઈ દરબારીની તો હિંમત ન થઈ, પણ તેમના માનીતા દરબારી બિરબલથી ન રહેવાયું. એમણે પૂછ્યું : "બાદશાહ સલામત ! આપ જ્યારે નગરમાં ફરતા હતા ત્યારે તો આપ ખુશ દેખાતા હતા. પણ હવે કોઈ ગહન વિચારમાં ડૂબી ગયા હો તેમ લાગે છે. શું કોઈનાથી કોઈ બેઅદબી થઈ ગઈ ? આપે એવું કશું જોયું જેનાથી આપ ઉદાસ થઈ ગયા છો ?"

અકબર બાદશાહે વિચારભરી મુદ્રાથી બીરબલ સામે જોયું, તેમણે કહ્યું કે, "બિરબલ, હું ઉદાસ નથી. મારી પ્રજાના સુખે હું સુખી જ છું. પણ નગરચર્યા દરમિયાન મેં મંદિરો પણ જોયાં અને મસ્જિદો પણ જોઈ. મને એમ વિચાર આવે છે કે ખરેખર ખુદા - ઈશ્વર રહેતો ક્યાં હશે ? એનાં દર્શન - દીદાર આપણને થઈ શકે ?" સહુ દરબારીઓ ચૂપચાપ સાંભળી રહ્યા. બીરબલ પણ ચૂપ હતો. અકબરે બિરબલને પૂછ્યું, "તું મને કાયમ મારા પ્રશ્નોના ઉત્તર આપતો હોય છે. તું મને મારા આ સવાલનો જવાબ નહીં આપે ?" બિરબલે કહ્યું, "જહાંપનાહ મને થોડો સમય આપો", અકબરે બિરબલને અઠવાડિયાની મહેતલ આપી.

બિરબલે જવાબ શોધવાનો પ્રયત્ન કર્યો. પણ કાંઈ સમજાતું ન હતું. દિવસ પર દિવસ થઈ રહ્યા હતા. પોતે બાદશાહને શું કહે, શું સમજાવે - બીરબલ પણ મુઝાઈ ગયો હતો. છઠ્ઠા દિવસે ગુમસુમ બિરબલ પોતાની અગાસીમાં બેઠો હતો. બિરબલનાં બાળકો પોતાના હસમુખ, ઝીંદાદિલ પિતાને ગુમસુમ જોઈને ચિંતિત હતાં. છેવટે બિરબલના દીકરાથી ન રહેવાયું. તેણે બિરબલને પૂછ્યું, ''પિતાજી ! આપ તો દરેક સમસ્યાનો હલ કાઢવા ટેવાયેલા છો. કોઈ પ્રજાજનને સમસ્યા હોય કે બાદશાહ સલામતને, તેઓ આપની સલાહને અનુસરે છે. તો આપ પોતે કેમ આટલા બધા ચિંતત છો ? શું આપને કોઈ સમસ્યા સતાવી રહી છે ? કે આપને કોઈ આફતનાં એંધાણ દેખાઈ રહ્યાં છે ?'' બિરબલે પોતાનાં વહાલાં બાળકો સામે નેહનીતરતી આંખે જોયું. બિરબલ પોતાનાં બાળકો સાથે હમેશા ખુલ્લા મનથી વાતો કરતો. તેણે અકબર બાદશાહના પ્રશ્નો વિશે બાળકોને જણાવ્યું. બાળકો પણ વિચારમાં પડ્યા.

અચાનક એના દીકરાએ કહ્યું, ''પિતાજી ! આપ નિશ્ચિત થઈ જાવ. કાલે આપ દરબારમાં જાવ ત્યારે મને સાથે લેતા જજો. આ પ્રશ્નોના ઉત્તર હું આપીશ.'' બિરબલને પોતાનાં સંતાનોની બુદ્ધિ અને સમજદારી પર વિશ્વાસ હતો. તે થોડો નિશ્ચિત થયો. પણ પુત્ર દરબારમાં શું કરશે, તે વિશે તેને કુતૂહલ અને ચિંતા બંને હતાં.

આપેલી મુદત પૂરી થતાં, બીજા દિવસે બિરબલ પોતાના દીકરા સાથે દરબારમાં ગયો. બાદશાહે ઉત્સુકતાભરી નજરે બીરબલ સામે જોયું. બિરબલે કહ્યું, ''હજૂરે આલા ! આ પ્રશ્નોના ઉત્તર મારો દીકરો આપશે.'' બાદશાહને નવાઈ લાગી. તેમણે બિરબલના દીકરા સામે જોયું. બિરબલનો દીકરો દરબાર નિહાળી રહ્યો હતો. બાદશાહે તેને પૂછ્યું કે ''શું તું મારા સવાલના જવાબ આપીશ ?''

બિરબલના દીકરાએ આશ્ચર્યથી બાદશાહ સામે જોયું અને કહ્યું, ''બાદશાહ સલામત ! સામાન્ય પ્રજાજન પણ પોતાને ત્યાં આવેલા અતિથિનો સત્કાર કરતો હોય છે. શું આપના દરબારમાં મહેમાનનવાજીનો રિવાજ નથી ?'' બાદશાહ થોડો છોભીલો પડી ગયો. એને પોતાની અધીરાઈની શરમ આવી. તેમણે તરત જ બિરબલના દીકરાને પૂછ્યું કે ''તું શું લઇશ ?'' તેણે કહ્યું, ''મહારાજ ! હું તો નાનકડો બાળક છું. મને દૂધ ચાલશે.'' અકબર બાદશાહે તરત જ સેવકને દૂધ હાજર કરવા હુકમ કર્યો. દૂધનો કટોરો આવ્યો. બિરબલના દીકરાએ દૂધ પીધું. પણ તેનું મોં બગડી ગયું. અકબર બાદશાહે તરત પૂછ્યું કે ''શું થયું ?'' ''દૂધ મોળું છે !'' દીકરાએ જવાબ આપ્યો. બાદશાહે તરત જ દૂધમાં સાકર નાંખવાનો હુકમ કર્યો. સેવક કટોરો લઈ ગયો અને દૂધમાં સાકર નાંખીને લઈ આવ્યો. દીકરો દૂધમાં ચમચી હલાવીને કાંઈક શોધવા લાગ્યો. બાદશાહને નવાઈ લાગી. તેમણે પૂછ્યું, ''તું શું કરે છે ? શું શોધે છે ?'' દીકરાએ કહ્યું, ''તમે સાકર નાખવાનું કહ્યું હતું ને ! હું એ સાકર શોધું છું'' અકબર બાદશાહને હસવું આવ્યું. એમણે કહ્યું, ''બેટા ! એમ સાકર નહીં દેખાય. પણ તું દૂધ પી, તને મીઠું લાગશે.'' દીકરો હસ્યો. કહે, ''બાદશાહ સલામત ! આપના પ્રશ્નોના જવાબ તો આપે જ આપી દીધા.'' અકબર બાદશાહને કાંઈ સમજાયું નહીં. દૂધને અને ઈશ્વરને શું લેવા દેવા ?

દીકરાએ કહ્યું કે ''સાકર નાંખેલા દૂધનો એક ઘૂંટડો મીઠો લાગે કારણ કે દૂધના ટીપેટીપામાં સાકર ભળેલી છે. એ જ રીતે જગતના કણેકણમાં ઈશ્વર - ખુદા વસેલો છે. વળી, તમે શોધો તો સાકર દેખાતી નથી. પણ તમે દૂધ પીઓ તો તમને એની મીઠાશ અનુભવાય છે. તે જ રીતે તમે શોધશો તો ઈશ્વર દેખાશે નહીં પણ તમારા જીવનમાં તમને એની કૃપાની મીઠાશનો અનુભવ ચોક્કસ થતો હશે.''

બાદશાહ તો એની સામે જ જોઈ રહ્યો. આટલો નાનો છોકરો અને આટલી સમજણ ! ધર્મનું ગહન સત્ય એણે કેટલા સાદા દૃષ્ટાંતથી સમજાવી દીધું ! આખરે તો બિરબલનો દીકરો ને ! મોરનાં ઈંડાંને કાંઈ ચીતરવાં પડે ?

## ટિપ્પણ

**જાહોજલાલી** - વૈભવ **ગહન** - ન સમજી શકાય તેવું **બેઅદબી** - અવિવેક **મુદ્રા** - મુખાકૃતિ, ચહેરાનો દેખાવ **નગરચર્યા** - નગરમાં ફરવું **દીદાર** - દર્શન **મહેતલ** - મુદત **ગુમસુમ** - ગુપચુપ, ઉદાસ **એંધાણ** - સંકેત, નિશાની **નેહ** - સ્નેહ, પ્રેમ **નિશ્ચિંત** - ચિંતા વિનાનું **કુતૂહલ** - જાણવાની ઈચ્છા **મહેમાનનવાજી** - મહેમાનગતિ, મહેમાનોને આવકારવા તે **કટોરો** - વાડકો

### રૂઢિપ્રયોગ

**ખુલ્લા મનથી વાતો કરવી** - નિખાલસતાથી વાત કરવી

**છોભીલા પડી જવું** - શરમિંદા થઈ જવું

### કહેવત

**મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે** - મા બાપનાં લક્ષણો કુદરતી જ સંતાનોમાં ઊતરી આવે.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. બિરબલ બાદશાહને શું કહેતો રહેતો હતો. ?
2. બિરબલને ચિંતિત જોઈને તેનો દીકરો શું કહે છે ?
3. બાદશાહે બાળક માટે શું લાવવાનો આદેશ કર્યો ?
4. દૂધનો કટોરો જોઈને બાળક કયો પ્રશ્ન કરે છે ?
5. આપણને ઈશ્વરનાં દર્શન ક્યારે થઈ શકે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. બિરબલ શા માટે ચિંતિત બન્યો હતો ?
2. ભારતીય સંસ્કૃતિ વિશે બિરબલનો દીકરો શું માને છે ?
3. દૂધનો કટોરો લઈને બાળક શું કરે છે ?
4. સાકર વિશે બાદશાહ બાળકને શું સમજાવે છે. ?

**પ્રશ્ન 3. કારણ આપો.**

1. બાદશાહે કટોરામાં દૂધ મગાવ્યું કારણ કે...
2. અકબરે બાળકને ઈનામ આપ્યું કારણ કે...

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. બિરબલ કરતાં બાળક વધુ બુદ્ધિશાળી હતો એવું શાના આધારે કહી શકાય ?
2. ભારતીય સંસ્કૃતિ વિશે તમે શું માનો છો તે લખો.
3. ઈશ્વર પ્રાપ્તિ અંગે તમારા વિચારોનું આલેખન કરો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

વિદ્વાન, પ્રશ્ન, સાકર, ઈનામ

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ચિંતિત, કઠિન, બાળક, જ્ઞાન

**આટલું કરો**

1. હાવભાવ અને આરોહ-અવરોહ સાથે આ વાર્તા તમારાં ભાઈ-બહેનને કહો.
2. શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ વાર્તાને નાટકરૂપે ભજવો.
3. બિરબલની યુક્તિનું વર્ણન કરતી કોઈ એક વાર્તા સુંદર અક્ષરે લખીને નોટીસબોર્ડ પર રજૂ કરો.

•

વ્યાકરણ

## જોડણી

મિત્રો, તમે જાણો છો કે ભાષા માટે યોગ્ય જોડણી કેટલી મહત્ત્વની છે. એકના બદલે અન્ય જોડણી લખાઈ જાય તો શબ્દનો અર્થ અને તેથી વાક્યનો પણ અર્થ બદલાઈ જાય. નીચેનાં વાક્યો વાંચો.

૧. ક. એક દિન હરિની આંખોમાં આંસુડાં મેં જોયાં.

૧. ખ. એક દીન હરિની આંખોમાં આંસુડાં મેં જોયાં.

૨. ક. અમેરિકાને અન્ય દેશોને શસ્ત્રો વેચવામાં રસ છે.

૨. ખ. અમેરિકાને અન્ય દેશોને શાસ્ત્રો વેચવામાં રસ છે.

૩. ક. બારી બંધ રાખજો, નહિતર કાગળો ઉડશે.

૩. ખ. બારી બંધ રાખજો, નહિતર કાગડો ઉડશે.

સાચી જોડણી લખવા માટે હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ, ઉ-ઊ' હોય કે 'ઠ-ઢ' હોય, 'ળ-ર' હોય કે 'ધ-ઘ' હોય, અનુસ્વાર હોય કે ન હોય - આવી અનેક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી હોય છે. પાઠ્યપુસ્તક સંદર્ભે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક મહત્ત્વની જોડણી નીચે આપેલી છે.


| | | | | |
|---|---|---|---|---|
| અતિથિ | અવળું | અંજલિ | ઉજાણી | ઉદ્યાન |
| ઉંબી ઊઁઘણશી | કુટિલતા | કુતૂહલ | ક્રીડાંગણ | |
| ગિરિધર | ચિંતિત | ઠોઠ | ત્રિભુવનભૂપ | નિરાશા |
| નિર્મળ | નિશાળ | પરીક્ષા | પશ્ચિમ | પાઘડી |
| પ્રીતિ | મંદિર | રાહદારી | વાણિયો | વિધર્મી |
| વિશ્વાસ | વિસ્મય | વીરાંગના | શિયાળો | શિષ્ય |
| શિષ્યવૃત્તિ | સહાનુભૂતિ | સારંગપાણિ | સૂરજ | હરિદ્વાર |
| હાંસિયો | | | | |

આ અને આવી જોડણી ધ્યાનમાં રાખો.

# 2. દેશભક્ત જગડુશા

**રમણલાલ સોની**

**જન્મ : ઈ.સ. ૧૯૦૮**



રમણલાલ સોનીનો જન્મ મોડાસા પાસેના કોકાપુર ગામમાં થયો હતો. બાળકોને ગમ્મત સાથે બોધ આપે તેવાં ઘણાં બાળવાર્તાઓ, બાળકાવ્યો અને બાળનાટકો તેમણે લખ્યાં છે.

નાનપણમાં તમે રામલીલા, શેરીનાટક, ભવાઈ અથવા નાટક જોયાં હશે. અઢી-ત્રણ હજાર વર્ષથી નાટકો લખાય - ભજવાય છે. એ ભજવાય છે તેથી એ દશ્ય-શ્રાવ્યકલા ગણાય.

નાટકમાં અનેક અંકો-દશ્યો હોય. તે લાંબું હોય. ક્યારેક તો અડધીરાત સુધી ચાલે.

પણ ભાગદોડના યુગમાં સમય કોને છે ? તેથી એકાંકી લખાય છે. તેમાં વાર્તાની જેમ એક રહસ્યમય, બોધદાયક રસ પડે તેવા જીવનપ્રસંગને પાત્રોના સંવાદો રૂપે રજૂ કરવામાં આવે છે. એમાં લેખક પડદા પાછળ હોય છે. તખ્તા ઉપર લેખક વતી પાત્રો આવે છે. પાત્રો પોતાના સંવાદો થકી પ્રસંગને રજૂ કરે છે. એ સંવાદો-પ્રસંગો લેખકના વિચારને, ભાવને, જીવનદર્શનને ચોટદાર રીતે રજૂ કરે છે. ક્યારેક તેમાં કાવ્યપંક્તિઓ, ગઝલના શેર વગેરે પણ રજૂ થાય છે.

એકાંકીનું સૌથી મહત્ત્વનું લક્ષણ તેની અભિનયક્ષમતા અથવા અભિનેયતા ગણાય છે. લેખકે પ્રસંગોને અનુરૂપ સંવાદો એ રીતે ગોઠવેલા હોય છે કે સ્ટેજ ઉપરનાં પાત્રો એ સંવાદોને બોલતી વખતે વાચિક એટલે ભાષા-વાણીના અભિનયને ઉત્તમ રીતે રજૂ કરી શકે. સાથેસાથે હલનચલનના અને મોં તથા આંખોના ભાવોને રજૂ કરી શકે.

ગુજરાતી સાહિત્યમાં બટુભાઈ ઉમરવાડિયાથી લઈ ચંદ્રવદન મહેતા, જ્યંતિ દલાલ, જશવંત ઠાકર, લાભશંકર ઠાકર વગેરે જાણીતા એકાંકીકાર છે.

આ નાટિકામાં દુકાળની વાત છે, તે સમયે રાજાની અને પ્રજાની લાચારીનો ગેરલાભ લઈને પૈસા કમાઈ લેવાનો વિચાર વેપારીઓને આવતો ન હતો. કચ્છના શાહ સોદાગર જગડુશા તો પોતાના અનાજના ભંડાર લોકોના જ ગણે છે. માણસ સત્તાથી કે ધનથી સુખી થતો નથી પણ પરોપકારથી જ સુખી થાય છે. તે આ નાટિકામાં રજૂ થયું છે.

---

સ્થળ : પાટણ

પાટણના રાજા વિશળદેવનો દરબાર

(રાજા વિશળદેવ દરબાર ભરીને બેઠા છે, પણ સૌનાં મોં ઉદાસ છે. આખાયે દરબારમાં જાણે નિરાશાની ઘેરી છાયા ફરી વળેલી છે. રાજાની સામે રાજજોષી ટીપણું પહોળું કરીને બેઠા છે. તે આંગળીના વેઢા પર આંકડા માંડે છે.)

રાજા : તે જોષીજી, આ વર્ષેય વરસાદ નથી શું ?

જોષી : મહારાજ, મને થાય છે કે કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

રાજા : સમજી ગયો ! હું સમજી ગયો ! જોષી, હવે બોલવાની જરૂર નથી.

(એટલામાં બહારથી ઘણા લોકોનો પોકાર સંભળાય છે : ''અમને ખાવાનું આપો ! અમને જિવાડો ! અમે મરી જઈએ છીએ !'')

રાજા : મારી રાંકડી રૈયત ભૂખે મરે છે ! હવે તો એક આશા જગડુશાની રહી છે. પ્રધાનજી એમને તેડી લાવવા કચ્છ ગયા છે. આજકાલમાં આવી જવા જોઈએ.

દરવાન : (પ્રવેશી, રાજાને પ્રણામ કરી) મહારાજ ! કચ્છના શાહ સોદાગર શેઠ જગડુશા પધાર્યા છે. પ્રધાનજી પણ સાથે છે.

રાજા : (એકદમ ઉત્સાહમાં આવી) એકદમ, એકદમ એમને અંદર લઈ આવ !

દરવાન : (નમ્રતાથી) મહારાજ, પ્રધાનજીએ કહેવાડાવ્યું છે કે શેઠ જગડુશા શાહ સોદાગર છે. તેમનો સત્કાર કરવા આપ પોતે-

રાજા : સમજ્યો, સમજ્યો ! એમના સત્કાર માટે મારે જ સામા જવું જોઈએ. પ્રધાનજીની વાત સાચી છે !

(રાજા ગાદી પરથી ઊભો થઈ જાય છે. આખી કચેરી ઊભી થઈ જાય છે. પછી રાજા જગડુશાનો સત્કાર કરવા પ્રવેશદ્વાર ભણી જાય છે. સામેથી પ્રધાન જગડુશાને લઈને આવે છે. જગડુશાને જોઈ રાજા ઝડપથી પગલાં ભરી એની સામે જાય છે. તેવી જ રીતે જગડુશા પણ ઝડપ કરે છે. બંને એકબીજાને વહાલથી ભેટે છે. પછી રાજા જગડુશાનો હાથ પકડી રાજગાદી તરફ દોરી જાય છે અને પોતાની જોડે જ ગાદી પર તેમને બેસાડે છે. બંનેના બેઠા પછી પ્રધાન અને દરબારીઓ પોતપોતાના આસન પર બેસે છે.)

જગડુશા : મહારાજ, ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ?

રાજા : સુખદુઃખની વાતો કરવા. શેઠજી ! ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે !

જગડુશા : એકલા ગુજરાતની કાં વાત કરો ? આખા હિંદુસ્તાનમાં આજે દુકાળ છે. સિંધ, મેવાડ, માળવા, કાશી અને ઠેઠ કંદહાર લગી આજે લોકો ભૂખે મરે છે અને પાનખરમાં પાંદડાં ખરે તેમ ખરે છે. વખત એવો બારીક છે કે ભલભલાની લાજ જવાનો વખત છે. સાત ખોટના દીકરાના મોંમાંથી બાપ બટકું રોટલો કાઢી ખાય છે. મૂઠી ધાન સારુ માબાપ છોકરાને વેચે છે ! શી ખબર શું થવા બેઠું છે ?

રાજા : રામજી રાખશે તે રહેશે ! પણ આવે વખતે રૈયતને ટકાવી રાખવાનો રાજ્યનો ધર્મ છે.

જગડુશા : આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં આવા જ શબ્દો શોભે. મને એ સાંભળી બહુ આનંદ થાય છે. મેં તો સાંભળ્યું છે કે આપે આપના ધાનના કોઠાર અને ધનના ભંડાર ગરીબોને માટે ખુલ્લા મૂકી દીધા છે !

રાજા : મૂકી દીધા હતા; હવે તો એય ખાલી થઈ ગયા. હવે મારા ધનના ભંડાર અને અન્નના કોઠાર ખાલીખમ પડ્યા છે અને રૈયતના પેટનો ખાડો તો હજી ઊણો ને ઊણો જ છે. ધાર્યું તું કે ઓણ સાલ વરસાદ આવશે ને સૌ સારાં વાનાં થશે, પણ વરસાદ આવ્યો

નહિ. અધૂરામાં પૂરું તીડ પડ્યાં ! લોકો ત્રાહિત્રાહિ પોકારે છે !
(એટલામાં બહારથી પોકાર આવે છે : "અમે મરી જઈએ છીએ, અમને જિવાડો, અમને અનાજ આપો !")

જગડુશા : (બહારનો પોકાર સાંભળી) ભૂખ્યાં ગળાંમાંથી પૂરો અવાજ પણ નીકળતો નથી !

રાજા : વસ્તીનું આ દુઃખ એ મારું દુઃખ છે, પણ નિવારણનો કોઈ રસ્તો મને દેખાયો નહિ, ત્યારે હું મૂંઝાયો. એવે વખતે તમે યાદ આવ્યા !

જગડુશા : (નવાઈ પામી) હું યાદ આવ્યો ? કેવી રીતે ?

રાજા : મારા સાંભળવામાં આવ્યું છે કે પાટણમાં જગડુશાની માલિકીની કેટલીક અનાજની વખારો છે !

જગડુશા : જગડુશાની માલિકીની અનાજની વખારો ? મહારાજ, આપની કંઈક ભૂલ થાય છે. મારી માલિકીની કોઈ અનાજની વખાર મેં પાટણમાં કે કોઈ શહેરમાં આજે રાખી જ નથી.

રાજા : તો અમે સાંભળ્યું એ શું ?

જગડુશા : કંઈક સમજફેર થઈ હશે, મહારાજ ! કારણ કે વખારો મારી ખરી ને ?

રાજા : (નવાઈ પામી) વખારો આપની છે અને છતાં એ આપની માલિકીની નથી, એમ આપનું કહેવું છે ?

જગડુશા : વાત એમ છે કે વખારો મારી છે એ વિશે કંઈ શંકા નથી !

રાજા : અને એ વખારોમાંનું અનાજ ?

જગડુશા : એ અનાજ મારું નથી.

રાજા : (હતાશ બની જઈ) એ અનાજ તમારું નથી ? તો શું તમે એ કોઈને દઈ દીધું છે ? કોને દીધું ? ક્યારે દીધું ? હું તમને એના મોંમાગ્યા દામ આપત !

જગડુશા : એ અનાજ મારું નથી, એ નિશ્ચિત છે. મેં કોને દીધું અને ક્યારે દીધું એ જાણવું હોય તો — એમ કરો ને, એ વખારો ખોલાવી એની તપાસ કરાવો ને ?

રાજા : એમ કેવી રીતે ખબર પડશે ?

જગડુશા : એમ જ ખબર પડશે. દરેકેદરેક વખારની અંદર ભીંતપત્ર પર તાંબાપતરામાં લેખ લખાવીને જડાવેલો છે. તેમાં એ અનાજના માલિકનાં નામઠામ બધું લખેલું છે !

રાજા : ઠીક છે, ઠીક છે ! હું એ માલિકની પાસે જઈશ. મારી રાંકડી પ્રજાની ખાતર એને કરગરીશ ને કહીશ કે સુકાળ થયે તને એકેએક દાણા સાટે મોતી ગણીને આપીશ. પણ આજે મારી પર આટલી દયા કર !

જગડુશા : જે રાજાના દિલમાં રૈયતનાં સુખદુઃખનાં આવો ખ્યાલ છે તેને અનાજ જરૂર મળી રહેશે.

રાજા : મળી રહેશે ? કોટવાલજી, જાઓ વખારો ઉઘાડો અને લેખ અહીં લઈ આવો !

કોટવાલ : જેવી આજ્ઞા, મહારાજ ! (જવાનું કરે છે)

જગડુશા : મહારાજ ! આપે આટલી તકલીફ લેવાની કંઈ જ જરૂર નથી ! હમણાં જ મારા

માણસો લેખ લઈને અહીં આવશે. મેં ક્યારનાયે તેમને ત્યાં મોકલી દીધા છે.
(એટલામાં હાથમાં તાંબાપતરું લઈને એક માણસ સભામાં દાખલ થાય છે. બધા તેની સામે જોઈ રહે છે. પહેલાં એ રાજાને અને પછી જગડુશાને પગે લાગે છે અને પતરું જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા એ પતરું રાજાના હાથમાં મૂકે છે.)

રાજા : આ જ એ લેખ ?

જગડુશા : હા, મહારાજ ! પંડિતજી પાસે એ વંચાવો.

રાજા : પંડિતજી, લો આ લેખ વાંચો.
(પંડિતજી ઊભા થઈને આગળ આવે છે. ઉઘાડા ડિલ પર ઉપરણો અને માથે પંડિતશાહી પાઘડી શોભે છે. રાજાની સામે આવી પ્રણામ કરી પતરું હાથમાં લે છે.)

પંડિત : (પતરું વાંચે છે) મહારાજ, સાંભળો. આમાં લખ્યું છે કે આ વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાંડુંઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક નથી !
(આખી સભા આ સાંભળી ઘડીભર સ્તબ્ધ બની જાય છે. પછી કળ વળતાં બધા 'વાહવાહ !' પોકારે છે.')

રાજા : વાહ, જગડુશા વાહ ! (ઊભો થઈ જઈ જગડુશાને ભેટી પડે છે.) તમે તો કહેતા હતા કે અનાજ તમારું નથી ?

જગડુશા : તો મારું ક્યાં છે ? એ તો ગરીબોનું છે. આ અનાજમાંથી એક દાણોય લેવાનો મને હક નથી !
(એટલામાં બીજો માણસ હાથમાં પતરું લઈને આવી પહોંચે છે. તે રાજાને તથા જગડુશાને પગે લાગી લેખ જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા તે રાજાને સોંપે છે. રાજા પંડિતને આપે છે.)

પંડિત : (બીજો લેખ વાંચે છે) મહારાજ, સાંભળો. હવે હું બીજી વખારનો લેખ વાંચું છું. આમાં લખ્યું છે : આ વખાર જગડુશાની છે. પણ બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાંડુંઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક નથી !
(આખી સભા 'વાહવાહ' પોકારે છે. રાજા ફરી જગડુશાને ભેટી પડે છે. એવામાં ત્રીજો માણસ સભામાં પ્રવેશે છે. તેના હાથમાં પણ તાંબાપતરું છે. પહેલાંની પેઠે તે પતરું પણ જગડુશાના અને રાજાના હાથમાં થઈને પંડિતના હાથમાં આવે છે.)

પંડિત : હવે ત્રીજી વખારનો આ લેખ સાંભળો : આ વખાર જગડુશાની છે. પણ એના અનાજના એક દાણા પર જગડુશાનો હક નથી ! દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે.

રાજા : વાહવાહ ! વાહવાહ !

(આખી સભા આનંદનો જયઘોષ કરે છે.)

રાજા : જગડુશા, આવી તમારી કેટલી વખારો છે ગામમાં ?

જગડુશા : ચાલીસેક હશે, મહારાજ !

રાજા : ચાલીસ વખારો ? ત્યારે તો મારી પ્રજા જીવી ગઈ અને હુંયે જીવી ગયો ! જ્યાં લગી ગુજરાતમાં તમારા જેવા ઉદાર શ્રેષ્ઠીઓ છે, જગડુશા ! ત્યાં લગી ગુજરાતના રાજ્યને કોઈ આંચ આવવાની નથી !

(ત્યાં તો એક સાથે અનેક માણસો હાથમાં તાંબાપતરાં લઈ સભામાં પ્રવેશે છે અને એમને જોઈ આખી સભા આનંદના આવેશમાં આવી ઊભી થઈ જયનાદ પોકારે છે.)

આખીસભા : ગુજરાતનો રાજા ઘણું જીવો ! ગુજરાતનો શાહ સોદાગર ઘણું જીવો ! ગુજરાતનું રાજ્ય અમર રહો !

(પડદો)

●

## ટિપ્પણ

**પંચાંગ** - તિથિ, મુહૂર્ત વગેરે જોવા માટે વપરાય **છાયા** - અસર **કાળવાણી** - ભયંકર આફતની વાણી **પોકાર** - બૂમો **રાંકડી** - ગરીબ **રૈયત** - પ્રજા **કારમો** - ભયંકર **બારીક વખત** - કટોકટીનો સમય **લાજ** - આબરૂ **બટકું** - ટૂકડો **ધાન** - અનાજ **પ્રજાવત્સલ** - પ્રજાપ્રેમી **ઓણસાલ** - આ વર્ષ **નિવારણ** - દૂર કરવું તે **નિશ્ચિત** - નક્કી **કરગરીશ** - વિનવીસ **કરગરવું** - વિનંતી કરવી **સાટે** - બદલે **ઉપરણો** - ઉપવસ્ત્ર, ખેસ **શ્રેષ્ઠી** - શેઠ **સોદાગર** - મોટો વેપારી

### રૂઢિપ્રયોગ

**જીભ કપાઈ જવી** - મૂંગા થઈ જવું, બોલતાં સંકોચ થવો
**રામ રાખે તેમ રહેવું** - ઈશ્વરની મરજી પ્રમાણે રહેવું
**સૌ સારાં વાના થવાં** - બધુ જ સારું (લાભકારી) થવું
**મોં માગ્યા દામ આપવા** - જેટલી કિંમત માંગે તેટલી કિંમત આપવી
**કળ વળવી** - શાંતિ થવી, નિરાંત થવી
**આંચ ન આવવી** - કાંઈ અસર ન થવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. રાજાને કઈ વાતની ચિંતા છે ?
2. પ્રધાનની કઈ વાત રાજાને યોગ્ય જણાય છે ?
3. રાજધર્મ તરીકે રાજા કઈ વાતનો સ્વીકાર કરે છે ?
4. રાજાની કઈ ધારણા ખોટી પડે છે ?
5. રાજાએ જગડુશા વિશે શું સાંભળ્યું હતું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. રાજા જોષીને આગળ બોલવાની શા માટે ના કહે છે ?
2. તાંબાપતરા પરના લખાણમાં શું જણાવેલું હોય છે ?

**પ્રશ્ન 3. કારણ આપો.**

1. મા-બાપ છોકરાને વેચે છે કારણ કે...
2. વખારો પોતાની નથી એમ જગડુશા કહે છે કારણ કે...

**પ્રશ્ન 4. ટૂંકનોંધ લખો.**

1. પ્રજાવત્સલ રાજા વિશળદેવ
2. દાનવીર જગડુશા

**પ્રશ્ન 5. નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે જણાવો :**

1. 'મહારાજ, ઓચિંતો કેમ યાદ કર્યો મને ?'
2. 'આખા હિંદુસ્તાનમાં આજે દુકાળ છે.'
3. 'અમે મરી જઈએ છીએ, અમને જીવાડો !'
4. 'હવે હું બીજી વખારનો લેખ વાંચું છું.'
5. 'ગુજરાતનો શાહ સોદાગર ઘણું જીવો.'

**પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. તમે કોઈને મદદ કરી હોય તે પ્રસંગનું વર્ણન કરો.
2. રાજા અને જગડુશાના કયા ગુણો તમને ગમ્યા ? શા માટે ?
3. નાટકને આધારે પાટણના દુકાળનો ચિતાર આપો.

**પ્રશ્ન 7. સમાનાર્થી શબ્દ લખો.**

યાદ, ધાન, દયા, રાજા

**પ્રશ્ન 8. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શેઠ, સત્કાર, નિશ્ચિત, ગરીબ

**આટલું કરો**

1. આ નાટકને વાર્તાની જેમ વર્ગમાં કહો.
2. શાળાની પ્રાર્થનાસભામાં આ નાટકનું સંવાદીકરણ રજૂ કરો.
3. દેશભક્તોની તસવીરોનો ચાર્ટ તૈયાર કરી વર્ગમાં લટકાવો.

●

વ્યાકરણ

## સમાનાર્થી


મિત્રો, તમે જાણો છો કે જ્યારે એક શબ્દના એકથી વધુ અર્થ જાણતા હોવ તો તમે તમારા લખાણને વધુ સચોટ, સમૃદ્ધ કે આલંકારિક બનાવી શકો છો. યોગ્ય અર્થ સંદર્ભના જેના કારણે તમારા ઉત્તરો ઉપરાંત નિબંધ, વાર્તા આદિ આકર્ષક બની શકે છે. અહીં તમારી કૃતિમાં આવતા કેટલાક શબ્દોના સમાનાર્થી આપ્યા છે. આ શબ્દોનો અભ્યાસ કરો, તમારી ભાષાને વધુ સમૃદ્ધ બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| અગ્નિ | આગ | અનલ | આતશ | |
| અનુચર | ચાકર | નોકર | દાસ | |
| આકાશ | નભ | ગગન | આભ | |
| આબેહૂબ | યથાતથ | તાદૃશ | હૂબહૂ | |
| કમળ | પદ્મ | પંકજ | સરોજ | |
| કાયા | શરીર | તન | દેહ | |
| કુસુમ | પુષ્પ | ફૂલ | સુમન | |
| ક્ષેત્ર | ખેતર | ભૂમિ | જમીન | |
| ક્ષેત્ર | વિસ્તાર | | | |
| ગિરિધર | કૃષ્ણ | શ્રીનાથજી | | |
| ઘર | ગૃહ | રહેઠાણ | નિવાસ | આવાસ |
| ઘોડો | તોખાર | અશ્વ | તુરગ | |
| ચક્ષુ | આંખ | નયન | નેત્ર | |
| દરિયો | સાગર | સમુદ્ર | મહેરામણ | |
| દિન | દિવસ | અહ્ન | દહાડો | |
| ધરતી | ભૂમિ | ભોમકા | પૃથ્વી | જમીન |
| ધોરી | બળદ | | | |
| નિધન | મૃત્યુ | મરણ | અવસાન | મોત |
| પંખી | પક્ષી | વિહગ | ખગ | ખેચર |
| પાણી | જળ | નીર | વારિ | |
| પ્રીતિ | પ્રેમ | સ્નેહ | નેહ | |
| બગીચો | ઉપવન | ઉદ્યાન | બાગ | |
| મહેનત | શ્રમ | પરિશ્રમ | ઉદ્યમ | |
| મંદિર | દેવાલય | દેરું | | |
| માનવતા માણસાઈ | | ઈન્સાનિયત | | |
| લક્ષ્મી | ધન | દોલત | | |
| વિશ્વ | જગત | દુનિયા | સંસાર | જગ |

| | | | | |
|---|---|---|---|---|
| વિશ્વાસ | ભરોસો | પતીજ | યકીન | |
| વિસ્મય | આશ્ચર્ય | અચરજ | નવાઈ | |
| શરીર | કાયા | તન | દેહ | |
| સંપત્તિ | દોલત | ધન | સમૃદ્ધિ | |
| સૂર્ય | આદિત્ય | સૂરજ | રવિ | ભાનુ |
| સોદાગર | વેપારી | | | |

**નોંધ :** ઉપર સમાનાર્થી તરીકે વપરાતા શબ્દોમાંથી અમુક ચોક્કસ જગ્યાએ, ચોક્કસ સંદર્ભમાં કોઈ એક જ શા માટે પસંદ થઈ શકે છે તે જાણવાનો પ્રયત્ન કરો. દા.ત. 'સપનાંનો સોદાગર' એમ 'સપનાં' વેચવાની વાત હોય તો સોદાગર જ વપરાય, વેપારી ન વપરાય. તે જ રીતે 'શાકભાજીનો વેપારી' એમ શાકભાજી વેચવાની વાત હોય તો વેપારી જ વપરાય. ત્યાં 'શાકભાજીનો સોદાગર' વાપરીએ તો બધાંને રમૂજ થાય. આ રીતે દરેક શબ્દ કઈ ચોક્કસ જગ્યાએ, ચોક્કસ સંદર્ભ અથવા ચોક્કસ અન્ય શબ્દો સાથે વપરાય છે તે શોધી કાઢો. આવી શોધમાં તમારું મગજ કસાશે અને તમને મજા પણ પડશે. આવા સ્વાધ્યાયો થકી ભાષાના વપરાશની સૂઝ અને આવડત વધે.

# 3. બાપુજી



**કિશનસિંહ ચાવડા**

**જન્મ : ૧૯૦૪ મૃત્યુ : ૧૯૭૯**

કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા, 'જિપ્સી' : નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, સંપાદક, અનુવાદક હતા. તેમનો જન્મ વડોદરામાં. મૂળ વતન સુરત જિલ્લામાં સચીન પાસેનું ભાંજ ગામ. વડોદરા, ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં શિક્ષણ લીધેલું. થોડો સમય ફેલોશિપ હાઈસ્કૂલમાં, ત્યારબાદ મુંબઈમાં શિક્ષક. તેમણે રાજા-મહારાજાઓના એડીસી, અંગત મદદનીશ તરીકે કામ કર્યું હતું. ૧૯૨૭-૨૮માં પોંડિચેરી આશ્રમમાં. વડોદરામાં 'સાધના મુદ્રણાલય'ની સ્થાપના કરેલી. નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત. ૧૯૬૦થી અલમોડા પાસે મીરતોલા આશ્રમમાં નિવાસ. ગુજરાતી ગદ્યને આગવી રીતે જોડનારા નિબંધકારોમાં તેમનું ચોક્કસ સ્થાન છે. જીવનમાંગલ્યની સાધના કરનારા મનુષ્યોનાં ભાવસભર ચરિત્રો અને ચિત્રાત્મક શૈલી તેમના નિબંધોની વિશેષતા છે. 'અમાસના તારા', 'જિપ્સીની આંખે' નિબંધસંગ્રહોના નિબંધો આ દૃષ્ટિએ નોંધપાત્ર છે.

પોતાને ગમી ગયેલી, પોતાના ઉપર અસર કરી ગયેલી, પોતાના જીવનને કોઈ નવો અર્થ સમજાવી ગયેલી, નવાં જીવનમૂલ્યો, જીવનદર્શન આપી ગયેલી જે વ્યક્તિઓ સાથે પોતાનો અવિસ્મરણીય પ્રસંગ કે પ્રસંગો બન્યા હોય તેવી વ્યક્તિનાં જે તે ગુણલક્ષણોનું શબ્દચિત્ર આપી તે વ્યક્તિને શબ્દરૂપે જીવતી રાખવાની કળા તે વ્યક્તિચિત્ર.

વ્યક્તિચિત્રની એક મુખ્ય શરત એ છે કે જે વ્યક્તિનું શબ્દચિત્ર લેખક આપે છે તેનો તેને અંગત પ્રત્યક્ષ અનુભવ હોય. માત્ર તેને વિશે વાંચીને, સાંભળીને, માહિતી એકઠી કરીને જો લખાણ થાય તો તે જીવનચરિત્ર અથવા જીવનચરિત્રનો અંશ બની જાય.

જે રીતે ચિત્રકાર પોતાની પાસેની પેન્સિલથી, પેનથી, પીંછીથી રેખાના થોડા આકારો કૅનવાસ કે કાગળ ઉપર ઉપસાવીને કોઈ વ્યક્તિનું રેખાચિત્ર દોરે છે. તેની સાથે આ વ્યક્તિચિત્રને સરખાવી શકાય. લેખક વાસ્તવિકતાની - જે કશું ખરેખર બન્યું હોય તેવી જ વાત કરે. એ જે બન્યું હોય તેમાં પ્રસંગ કરતાં, લખનાર કરતાં સામેની વ્યક્તિનું જ મહત્ત્વ વધારે હોય. જો પ્રસંગનું મહત્ત્વ વધારે હોય તો સ્મૃતિચિત્ર અથવા સ્મરણલેખ બની રહે. પણ રજૂ થયેલા લેખમાં સામેની વ્યક્તિ કેન્દ્રમાં હોય તો જ તે વ્યક્તિચિત્ર બની રહે. શબ્દોની મદદથી, ભાષાની મદદથી તે રજૂ થયું હોવાથી તે શબ્દચિત્ર તો બને છે જ પણ વ્યક્તિનું કેન્દ્રસ્થ મહત્ત્વ હોવાથી તે વ્યક્તિચિત્ર બને છે.

ગુજરાતી સાહિત્યમાં શ્રી ઉમાશંકર જોશીની 'હૃદયમાં પડેલી છબીઓ' અને શ્રી વિનોદભટ્ટની 'વિનોદ નજરે' વ્યક્તિચિત્રોના જાણીતા સંગ્રહો છે.

આ રેખાચિત્રમાં બાપુજીનું વ્યક્તિત્વ રજૂ થયું છે. મૃત્યુની પીડા પણ એ સહન કરી લે છે. પોતાના પુત્રને પોતે વંશપરંપરાનું આપેલું વચન પાળવા સૂચવે છે. સાથે 'કોઈનું બુરું ન કરવા' માટેનો ઉપદેશ પણ આપે છે.

રાત્રે બાપુજીને શરીર ઠીક નહોતું. એટલે એ જમ્યા નહીં. મેં અને બાએ એક જ થાળીમાં થોડું જેમતેમ ખાઈ લીધું. રાતે બાએ બાટલીવાળાનું પેનકિલર બાપુજીને પાયું. અમે સૂઈ ગયાં. મધરાતે હું ચોંકીને જાગી ઊઠ્યો. જોયું તો બાપુજી વેદના ન સહન થવાથી બિછાનામાં બેસી પોતાના એક હાથ વડે બીજા હાથને દબાવી રહ્યા છે. બાને દીઠી નહીં. દીવો તેજ થયેલો હતો. મારાથી પુછાઈ ગયું : શું છે બાપુજી ? બા ક્યાં ગઈ ?

''હમણાં આવે છે, બેટા, આ તો સહેજ હાથ દુઃખે છે.'' એમણે કહ્યું. પરંતુ એમના મુખ ઉપર વિવશતા અને વેદના હતાં. બીજાને આશ્વાસન આપતો એમનો પ્રતાપી અવાજ દીનતા ધારી રહ્યો અને શ્રદ્ધા પ્રેરતી એમની તેજસ્વી આંખોમાં ગમગીની આંસુ બનીને બેઠી હતી. હું વિકળ થઈ ગયો. એટલામાં બા મામા અને મામીને બોલાવી આવી. થોડી વારમાં અમારું નાનું ઘર માણસોથી ખીચોખીચ ભરાઈ ગયું. મામા દોડીને છોટાલાલ વૈદ્યને બોલાવી લાવ્યા. મામી મને બહાર લઈ ગયાં. કલાકેક પણ નહીં વીત્યો હોય ને મેં બાની ચીસ સાંભળી. હું ફાળ ભરીને અંદર દોડ્યો. બાપુજીને પ્લેગની ગાંઠ નીકળી હતી. બાને રડતી જોઈને મારા હૈયે પણ માઝા મૂકી દીધી. છોટાકાકા આખો દિવસ બાપુજીની સારવારમાં રહ્યા. બપોરે શહેરના બે ડોક્ટરો આવ્યા પણ સૌએ આશા છોડી દીધી.

સમીસાંજ હતી, સૌનો જીવ તાળવે ચોંટ્યો હતો. બાની સ્થિતિ બહુ કરુણ હતી. છગન પટેલ મને તેડવા આવી પહોંચ્યા હતા. એ તો બિચારા આ પરિસ્થિતિ જોઈને ડઘાઈ જ ગયા. બાપુજીએ બાને કહીને સૌને બહાર મોકલાવ્યા અને મને અંદર બોલાવ્યો. માત્ર બા, છગન પટેલ, મામા અને છોટાલાલ વૈદ્ય અંદર રહ્યા. બાપુજીએ મને પાસે બોલાવ્યો. માથે હાથ ફેરવ્યો. ગાલ પર આંગળી મૂકી. દૃષ્ટિ મળીને હું રોઈ પડ્યો. ધીરે અવાજે બાપુએ બા પાસે પાણી માગ્યું. મારી ઉપર નજર ઠેરવીને બોલ્યા : ''બેટા, પાણી મૂક.'' બા અને પાસે બેઠેલાં સૌ જરાક ઊંચાં થઈ ગયાં. વધુ ધીરા અવાજે એમણે કહ્યું : ''મારા બાપુએ આપણી પરંપરાગત બધી મિલકત સૂરતના નિરાંત મંદિરને બક્ષિસ આપી દીધી છે પણ એનું વિલ કર્યું નથી. મારી પાસે મરતી વખતે પાણી મુકાવ્યું હતું કે હું એ મિલકત પાછી નહીં માગું અને મેં પાણી મૂક્યું હતું. બીજે વરસે હું ને તારી બા સ્વેચ્છાએ ગરીબી સ્વીકારીને અહીં ચાલ્યાં આવ્યાં. માસીએ આ ઘર ના આપ્યું હોત તો રહેવા છાપરું પણ નહોતું. પણ ઈશ્વરે આપણને ભૂખ્યાં નથી સૂવા દીધાં. એ જ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને તું પણ પાણી મૂક કે એ વંશપરંપરાની મિલકત તું પણ પાછી નહીં માગે, અને મેળવવા માટે દાવાદૂવી નહીં કરે.''

બાએ મારા જમણા હાથની અંજલિમાં પાણી રેડ્યું અને કહ્યું : ''બેટા, પાણી મૂકો કે એ મિલકત આપણે પાછી મેળવવાનો વિચાર સુદ્ધાં નહીં કરીએ.'' અને મેં બાપુજીના શબ્દોની સાથે બાના શબ્દો ઉમેરીને પાણી મૂક્યું.

''બેટા, કોઈનું ભલું ના કરી શકો તો કાંઈ નહીં, પણ કોઈનું બૂરું ના કરશો !'' કહીને બાપુજીએ ફરીથી મારે માથે હાથ મૂક્યો. એ હાથ મારે માથે જ રહ્યો ને બાપુજી ચાલ્યા ગયા.

## ટિપ્પણ

**પેનકિલર** - દર્દ શમાવવાની દવા **વિવશતા** - લાચારી **દીનતા** - લાચારી **ગમગીની** - ઉદાસી **વિકળ** - વ્યાકુળ **કરુણ** - દયાજનક **બક્ષિસ** - ભેટ **અંજલિ** - ખોબો

## રૂઢિપ્રયોગ

**ફાળ ભરીને દોડવું** - ઝડપથી દોડવું
**માઝા મૂકવી** - હદ ઓળંગી જવી
**જીવ તાળવે ચોંટવો** - ભારે ઉચાટ થવો, ખૂબ ચિંતા થવી
**માથે હાથ ફેરવ્યો** - આશીર્વાદ આપવા
**માથે હાથ મૂક્યો** - આશીર્વાદ આપવા
**પાણી મૂકવું** - પ્રતિજ્ઞા લેવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. બાપુજી શા માટે જમ્યા નહીં ?
2. બાપુજી કયા રોગથી પીડાતા હતા ?
3. બાપુજી લેખક પાસે કઈ પ્રતિજ્ઞા લેવડાવે છે ?
4. બાપુજીના અંતિમ શબ્દો કયા હતા ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. લેખક મધરાતે કયુ દૃશ્ય જોઈને ચોંકી ઊઠ્યા ?
2. છગન પટેલ શામાટે ડઘાયેલા હતા ?
3. લેખકને અંદર બોલાવી બાપુજી શું કરે છે ?
4. બા લેખકને કઈ પ્રતિજ્ઞા લેવડાવે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. બાપુજીએ લેખકને શું બોધ આપ્યો તેનું વર્ણન કરો.
2. આ ગદ્યખંડમાંથી તમને શું પ્રેરણા મળી તે જણાવો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

બાપુજી, વેદના, નજર, ઈશ્વર, બક્ષિસ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

આશા, ભલું, ગરીબી

**આટલું કરો**

1. બીમારીમાં તમને કેવા વિચારો આવે છે તે જણાવતો પત્ર તમારા મિત્રને લખો.
2. 'પ્લેગ' વિશે માહિતી આપતું પ્રવચન તૈયારી કરી શાળાની પ્રાર્થના સભામાં રજૂ કરો.
3. 'ભલાઈ'નો બોધ આપતી કોઈ વાર્તા વર્ગખંડમાં કહો.

•

વ્યાકરણ

## વિરુદ્ધાર્થી

**નીચેનાં વાક્યો વાંચો**

1. એમનો પ્રતાપી અવાજ દીનતા ધારી રહ્યો.
2. તમે કોઈનું ભલું ન કરી શકો તો કાંઈ નહીં, પણ કોઈનું બૂરું ના કરશો.
3. માટીમાં જ હાર્યો છું ને માટીમાંજ જીત્યો છું.
4. બાપા ખેતરમાં માટીને ઉપર-તળે કરતા.
5. અમે તાજીવાસીની ભાષા નથી સમજતા.

ઉપરનાં વાકયો વાંચ્યાં ? તમને ખ્યાલ આવ્યો કે વાક્ય ૧માં તો 'એમના અવાજમાં વિનવણી હતી.'એવું કહ્યું હોત તો પણ અર્થ સમજાત. પણ અહીં 'પ્રતાપી-દીનતા' ઉમેરીને અર્થને વધુ સચોટ રીતે રજૂ કરવામાં આવ્યો. આ સચોટતા આવી યોગ્ય રીતે પ્રયોજાયેલ વિરુદ્ધાર્થીને કારણે. તમે અન્ય વાક્ય વાંચો - 'ભલું-બૂરું', 'હારવું-જીતવું', 'ઉપર-તળે' અને 'તાજી-વાસી'ના વિરુદ્ધાર્થી દ્વારા અસરકારક રજૂ થઈ છે.

નીચેનાં કેટલાંક વાક્યો આપ્યાં છે તેમાંના શબ્દોના વિરુદ્ધાર્થી પ્રયોજો.

1. વધુ ધીરા અવાજે એમણે કહ્યું.
1. નવી ખેતી, વધારે પાણી માગતા નવા પાક...
1. માટીમાં લાંબા કૂદકા માર્યા.
1. મારી પાસે પૂરું સરનામું છે.
1. ચારેયમાં મોટો છોકરો મશ્કરીમાં બોલી ઊઠ્યો.

અધોરેખિત શબ્દોના વિરુદ્ધાર્થી પ્રયોજી શક્યા ?

1. વધુ મોટા અવાજે એમણે કહ્યું.
1. જૂની ખેતી, ઓછું પાણી માગતા જૂના પાક...
1. માટીમાં ટૂંકા કૂદકા માર્યા.
1. મારી પાસે અધૂરું સરનામું છે.
1. ચારેયમાં નાનો છોકરો મશ્કરીમાં બોલી ઊઠ્યો.

અધોરેખિત શબ્દોના વિરુદ્ધાર્થી પ્રયોજતાં વાક્યોના અર્થ કેવા બદલાય છે. તે સમજો !

આપણા ભાષાસામર્થ્યને વધારવા માટે વિરુદ્ધાર્થી શબ્દો જાણવા જોઈએ. આવા કેટલાક વિરુદ્ધાર્થી શબ્દો નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અઘરું | X | સહેલું | અમાસ | X | પૂનમ |
| અંધકાર | X | પ્રકાશ | આકાશ | X | પાતાળ |
| આશા | X | નિરાશા | ઉદય | X | અસ્ત |
| કરમાવું | X | ખીલવું | કાચું | X | પાકું |
| કીર્તી | X | અપકીર્તિ | કોમળ | X | કઠોર |
| ક્રૂર | X | દયાળુ | ખરીદ | X | વેચાણ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઠોઠ | X | હોશિયાર | દુઃખ | X | સુખ |
| નિર્મળ | X | મલિન | પહેલું | X | છેલ્લું |
| પાપ | X | પુણ્ય | પાશ્ચાત્ય | X | પૌરસ્ત્ય |
| ભીનું | X | સૂકું, કોરું | માનવતા | X | પાશવતા, પશુતા |
| મૂર્ખ | X | ડાહ્યું, શાણું | યોગ્ય | X | અયોગ્ય |
| રાગ | X | દ્વેષ | લાભ | X | ગેરલાભ |
| સજ્જન | X | દુર્જન | સત્ય | X | અસત્ય |
| સમજણ | X | અણસમજણ | સાંજ | X | સવાર |
| સ્મરણ | X | વિસ્મરણ | સ્વદેશ | X | પરદેશ |

વિરુદ્ધાર્થી શબ્દોનો ઉપયોગ કરીને તમારી ભાષા અભિવ્યકિતને વધુ અસરકારક બનાવવાનો પ્રયત્ન કરજો.

# 4. થૅન્ક યૂ, મિસ્ટર સેક્રેટરી

**ડૉ. કિરણ બેદી**

**જન્મ : ૯ જૂન ૧૯૪૯**



ડૉ. કિરણ બેદીનો જમ જૂન ૯, ૧૯૪૯ના દિને પંજાબ રાજ્યના અમૃતસર શહેરમાં થયો. તેઓ શ્રીમતી પ્રેમલતા તથા શ્રી પ્રકાશલાલ પેશાવરિયાની ચાર પુત્રીઓ પૈકી બીજા ક્રમે જન્મ્યા હતા. ડૉ. કિરણ બેદી એમના માનવીય તેમજ નિડર દ્રષ્ટિકોણના કારણે પોલિસ કાર્યપ્રણાલી તથા જેલ સુધારણા માટેના અતિ આધુનિક આયામો સર કરવામાં મહત્ત્વનું યોગદાન કરી શક્યા છે. ડૉ. કિરણ બેદી ભારતીય પોલિસ સેવાના પ્રથમ વરિષ્ઠ મહિલા અધિકારી છે. તેઓએ ડિસેમ્બર ૨૦૦૭માં સ્વૈચ્છિક લઇ સમાજસેવાનો રસ્તો પસંદ કર્યો. એમને શૌર્ય પુરસ્કાર ઉપરાંત રમન મૅગસેસે પુરસ્કાર વડે એમને નવાજવામાં આવ્યા છે. તેઓ એશિયાઇ ટેનિસ રમતના ચેમ્પિયન રહી ચૂક્યા છે. એમણે કાયદાશાસ્ત્રમાં સનદ મેળવ્યા પછી સાથે સાથે 'ડ્રગ એબ્યુઝ એન્ડ ડોમેસ્ટિક વાયોલન્સ' વિષય પર ડૉક્ટરેટની ઉપાધિ પણ પ્રાપ્ત કરી. એમણે 'ઇટ્સ ઓલ્વેઝ પોસિબલ' તથા બે આત્મકથાઓ 'આઇ ડેર' તેમ જ 'કાઇન્ડલી બેટન' નામનાં પુસ્તકો પણ લખ્યાં છે.

કોઇ વિશેષ વ્યક્તિને એમ લાગે કે પોતાના જીવનના પ્રસંગો જાહેર જનતાને ઉપયોગી થાય એમ છે તો તે પોતાને વિશે લખે છે. ભારતીય સંસ્કાર પ્રમાણે તો પોતાને વિશે પોતે વાત કરવી એ યોગ્ય ગણાતું નથી. પણ અંગ્રેજી ભાષામાં આવાં પોતાને વિશે પોતે જ લખેલાં અનેક પુસ્તકો મળે છે. તેની અસરથી આપણી ભાષાઓમાં પણ આત્મ એટલે કે પોતાને વિશેની કથા કહેવા-લખવાની પરંપરા ચાલી છે.

આ સાહિત્યપ્રકાર જીવનલક્ષી છે. વ્યક્તિ પોતે પોતાના જ જીવનના પ્રસંગો લખે છે. એક રીતે એમાં જરા પણ કલ્પનાનું મિશ્રણ ન ચાલે. એ નક્કર વાસ્તવિકતાની, ખરેખર જે કશું બન્યું હતું તેની જ વાત હોય. અલબત્ત જે બન્યું હતું તે વિશેનાં પોતાનાં અર્થઘટન, દૃષ્ટિબિંદુ, અભિપ્રાય લખવાની લેખકને છૂટ હોય. પણ એ વ્યક્તિના પોતાના જીવનનો ઈતિહાસ છે. આ કારણે એ કલા કરતાં શાસ્ત્ર વધુ ગણાય. બહુ બહુ તો તેને જ્ઞાનલક્ષી અથવા માહિતીપ્રધાન સાહિત્ય ગણી શકાય. જેને પોતાની રોજનીશી (રોજ બનતી પોતાના જીવનની ઘટનાઓની નોંધ) લખવાની ટેવ હોય, પોતે લખેલા પત્રોની નકલ સાચવી રાખવાની આદત હોય અથવા જેની યાદશક્તિ જબરી બળવાન હોય તેઓ જ આત્મકથા લખી શકે. વળી જેઓ પોતાના વિશે પણ તટસ્થ હોય, આખાબોલા અથવા સત્યવાદી હોય તે પોતાના જીવનઘડતરની વાત લખી શકે. એમાં કોઈ વ્યક્તિ નહીં પણ 'સત્ય' નાયક હોય અને 'વાસ્તવિકતા' નાયિકા હોય.

ગુજરાતી સાહિત્યમાં મહાત્મા ગાંધીજીની 'મારી આત્મકથા અથવા સત્યના પ્રયોગો' ઉત્તમ (કદાચ જગતની સર્વશ્રેષ્ઠ) આત્મકથા થઈ છે.

ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતાં ત્યારે દિલ્હીમાં ક્રેઈન બેદી તરીકે જાણીતાં કિરણ બેદીના જીવનનો આ પ્રસંગ છે.

આ આત્મકથાખંડમાં તેમણે પોતે જીવનને કઈ રીતે સકારાત્મક રીતે જોયું તેની વાત છે. ટેનિસનાં નેશનલ જુનિયર ચૅમ્પિયન હોવાથી તેમણે વિમ્બલ્ડનની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં રમવાનું સપનું સેવવું. પણ ગુમાની સેક્રેટરીએ એ રોળી નાખ્યું. એનો બહુ લાંબો અફસોસ કરવાને બદલે તેમણે ભણતર ઉપર ધ્યાન આપ્યું અને ભારતનાં પ્રથમ મહિલા આઈપીએસ ઑફિસર થયાં. તમને આમાંથી પ્રેરણા મળશે.

ખેલ-પ્રેમીઓના કુટુંબમાં હું ઉછરી છું. મારા પિતાજી ટેનિસના નેશનલ ચૅમ્પિયન હતા. મારી મા બેડમિન્ટનની ખેલાડી હતી.

સ્કૂલ પૂરી થાય પછી હું ટેનિસ કોચિંગ સેન્ટર પહોંચતી. ત્યાં અમારું આખું કુટુંબ ભેગું થતું.

મા ફળો, ગરમ દૂધ, ટેનિસનાં કપડાં ઘરેથી લઈ આવતી. મારી નાની બેન રીટા પણ સ્કૂલ છૂટતાં ત્યાં દોડી આવતી.

અમે અમારા વારાની વાટ જોતાં બાજુના બાંકડે બેસતાં. વચ્ચે વચ્ચે હૉમ-વર્ક પણ પતાવતાં.

ટેનિસની સ્પર્ધાઓમાં રમવા હું આખા દેશમાં ફરતી.

તે સમયે ખાસ પૈસા નહીં. રિઝર્વેશન વિના ટ્રેનમાં મુસાફરી થતી. ભાગ્યે બેસવાની જગ્યા મળતી. રમ્યા પહેલાં જ ખાસાં થાકી જતાં.

જો કે ત્રીજા વર્ગની મુસાફરીનો ફાયદો થતો. વિદ્યાર્થીઓને અડધી કિંમતે ટિકિટ મળતી. પણ એ માટેનું કન્સેશન ફોર્મ મેળવવું મુશ્કેલ હતું.

ટેનિસ એસોસિએસનના સેક્રેટરી આ ફોર્મ આપતા તેથી ઘણા મહત્ત્વના માણસ હતા. અરજી કરનારાઓને લાંબી વાટ જોવડાવી તે પોતાનું મહત્ત્વ સાબિત કરતા.

ક્યારેક તો આખો દિવસ બગડતો. હોમવર્ક હોય. પરીક્ષાઓ હોય. ટેનિસની પ્રેક્ટિસ કરવાની હોય. ફિટનેસ માટેના વધારાના વર્ગો હોય. આવે સમયે સાવ ધીમી ગતિએ આગળ વધતી કતારમાં ઊભા રહેવાનું હોય.

હું મજબૂરી અનુભવતી. ગુસ્સે થતી મુઠ્ઠીઓ બાંકડા પર પછાડતી.

એવા એક પ્રસંગે, કતારમાં કલાકો તપ્યા પછી મારો વારો આવ્યો. હું મારી જાતને રોકી શકી નહીં. ગંભીર અવાજે મેં સેક્રેટરીને કહ્યું, 'બીજાનો ખ્યાલ કરવાનું હું તમારી પાસે શીખી. હું મોટી થઈશ ત્યારે કોઈને આ રીતે વાટ જોવા દઈશ નહીં. બીજાના સમયનું મૂલ્ય આંકીશ.'

સેક્રેટરી ગુસ્સે થઈ ગયા. તમે ધારી શકો છો કે તેમણે શું કર્યું ?

ટેનિસની હું જુનિયર નેશનલ ચૅમ્પિયન હતી. માપદંડો પ્રમાણે પ્રતિષ્ઠિત વિમ્બલડનમાં રમવાના નોમિનેશન માટે હકદાર હતી. આ સ્પર્ધામાં રમવાનું મારું સપનું હતું. સેક્રેટરીએ મારે બદલે અન્યને પસંદ કરી બદલો લીધો.

મને ઘણો અફસોસ થયો. પણ પછી ટેનિસને બદલે મેં મારા અભ્યાસમાં ધ્યાન આપ્યું. સખત પરિશ્રમને કારણે મારા વર્ગમાં ટોચે પહોંચી ગઈ.

આજે હું મારી જિંદગીમાં પાછું વળીને જોઉં છું ત્યારે અફસોસ નથી, સંતોષ છે. ઘણો મૂલ્યવાન પાઠ ભણાવવા માટે સેક્રેટરીનો અભાર માનું છું.

જેને પ્રજાના સમયની કીંમત છે તેવી સારી પોલિસ ઑફિસર બનવામાં તે મને મદદરૂપ થયા.

## ટિપ્પણ

**વાટ જોવી** - રાહ જોવી **ખાસાં** - બહુ **કતાર** - હાર, લાઈન

## રૂઢિપ્રયોગ

**મુઠ્ઠીઓ પછાડવી** - ગુસ્સો કરવો
**ટોચે પહોંચવું** - સફળ થવું
**પાછું વળીને જોવું** - ભૂતકાળનાં સંસ્મરણો તાજાં કરવાં

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખિકાનાં માતા-પિતા કઈ રમતનાં ખેલાડી હતાં ?
2. કિરણ બેદી સેક્રેટરીની રીતભાત જોઈને કઈ પ્રતિજ્ઞા લે છે ?
3. કયો પાઠ ભણાવવા બદલ લેખિકા સેક્રેટરીનો આભાર માને છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. કિરણ બેદીનું કુટુંબ ખેલ પ્રેમી હતું એવું શા ઉપરથી કહી શકાય ?
2. કિરણ બેદીના મતે ત્રીજા વર્ગની મુસાફરીના કયા લાભાલાભ છે ?
3. સેક્રેટરી શા માટે બહુ મહત્ત્વના માણસ ગણાતા ?
4. કિરણ બેદીનો દિવસ કેવીરીતે વેડફાઈ જતો ?
5. સેક્રેટરીએ બદલો લીધો છતાં લેખિકા તેમનો આભાર શા માટે માને છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. સેક્રેટરીએ કેવી રીતે બદલો લીધો ?
2. ટેનિસ સ્પર્ધામાંથી બાકાત થઈ જવા છતાં લેખિકાને શા માટે અફસોસ થતો નથી ?
3. કોઈ વસ્તુ મેળવવા માટે તમારે ખૂબ જ રાહ જોવી પડી હોય તે ઘટનાનું વર્ણન કરો.
4. જ્યારે તમારો સમય બરબાદ થાય છે ત્યારે તમને કયા વિચારો આવે છે તે જણાવો ?
5. ડૉ. બેદીના કયા ગુણોનું અનુસરણ કરશો ? શા માટે ?

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

કુટુંબ, મજબૂરી, મૂલ્ય, પરિશ્રમ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ફાયદો, મુશ્કેલ, ટોચ, સંતોષ

**આટલું કરો**

1. શિક્ષકના માર્ગદર્શન હેઠળ 'સમયપાલનનું મહત્ત્વ' વિષય પર કોઈનું વકતવ્ય યોજો.
2. સમયપાલનની પ્રેરણા આપતા સુવિચારો શાળાના બ્લેકબોર્ડ પર લખો.
3. પ્રિયકાંત મણિયારની રચના 'સમયનું સોનું' મેળવીને વર્ગખંડમાં પઠન કરો.

●

## રૂઢિપ્રયોગ

"ને કેમ જાણ્યું કે પહેલા ત્રણમાં તું આવીશ ?" ચોથોય વાતમાં પડ્યો.

"એમ તો નહીં પણ પહેલો આવીશ." મહાદેવે સગર્વ કહ્યું.

"કહેવાય નહીં હો મહાદેવ" વડાએ કહ્યું, "આડે દિવસે દોડે ને દશેરાએ ન ય દોડે."

ત્રીજો બોલ્યો, "મણિયાને તું કમ ન જાણતો, છઠ્ઠા ધોરણમાં પહેલે નંબરે આવ્યો જ હતો ને વળી ?"

ચોથો બોલી ઊઠ્યો, "તે નટુડો ઓછો છે કે ? એમાં પાછા એના બાપા હેડમાસ્તર છે."

મહાદેવ ન ડગ્યો, "ના રે ના, એવું હોત તો પરીક્ષા જ ન લેત. ખાલી તમે ઘોડાં દોડાવો છો."

વડાએ કહ્યું, "ઠીક ભાઈ, જોઈએ છીએ ને ! મામાનું ઘર કેટલે તો દીવો બળે એટલે."

"હા, હા, દીવો બળે એટલે ! પહેલો નંબર લાવું." મહાદેવ તાનમાં હતો.

"હા વળી, આપણા ગામનું નાક રહેશે. પહેલો આવીશ તો દર મહીને પંદર રૂપિયા, બીજાને દસ ને ત્રીજો આવીશ તોયે પાંચ..."

તમારા પાઠ્યપુસ્તકમાં પન્નાલાલ પટેલ રચિત કૃતિ 'પરીક્ષા' કૃતિમાંથી ઉપરનો સંવાદ લેવાયો છે. તમે જો ધ્યાનથી વાંચો તો સંવાદની સચોટતા સાધનાર તત્ત્વ સહજતાથી પ્રયોજાયેલ રૂઢિપ્રયોગ અને કહેવત છે. ઉપરના સંવાદમાં પ્રયોજાયેલા રૂઢિપ્રયોગ - કહેવત તારવી શકો ? ચાલો, એ રૂઢિપ્રયોગ-કહેવતને અર્થ સહિત જોઈએ.

રૂઢિપ્રયોગ :

દશેરાએ ઘોડો ન દોડવો - ખરે પ્રસંગે નિષ્ફળ જવું

ઘોડાં દોડાવવાં - ખાલી મનોરથ કરવા, શેખચલ્લી જેવા તરંગો કરવા

નાક રહેશે / નાક ઊંચું રહેવું - આબરુ રહેવી, માન પામવું, માન વધવું

કહેવત :


મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે - પોતની મંજિલથી નજીક હોવું તે.

ઉપરના સંવાદને ધ્યાનથી વાંચતાં તમે સમજી શકો છો કે રૂઢિપ્રયોગ - કહેવત જેવી બાબતથી કોઈ બાબતને કેટલી ટૂંકમાં, સચોટતાથી, સહજતાથી રજૂ કરી શકાય છે. તમે તમારા લખાણ, રોજિંદા ભાષાપ્રયોગમાં રૂઢિપ્રયોગ વણી લઈ શકો તો તમારી ભાષા વધુ સમૃદ્ધ થશે. અહીં કેટલાક રૂઢિપ્રયોગ આપેલ છે.

| | |
|---|---|
| 1. આંખ ખૂલી જવી | ચકિત બનવું, સમજ પડવી, સાચી પરિસ્થિતિ સમજાવી |
| 2. આંખની કીકી હોવું | અતિપ્રિય હોવું |
| 3. આંખમાં ધૂળ નાખવી | છેતરવું, દગો કરવો |
| 4. આકાશ પાતળ એક કરવાં | કોઈ પ્રયાસ બાકી ન રાખવો |
| 5. ઊંઘ ઊડી જવી | ખૂબ ચિંતા થવી |
| 6. એક પગ કબરમાં હોવો | મૃત્યુ નજીક હોવું |
| 7. કજિયાનું મોં કાળું કરવું | કલેશથી વેગળા રહેવું |

| | |
|---|---|
| 8. કડવો ઘૂંટડો ગળી જવો | અપમાન સહન કરી લેવું |
| 9. કૂવામાંના દેડકા હોવું | સંકુચિત વિચારસરણીવાળા હોવું |
| 10. કોણીએ ગોળ લગાડવો | પોતાનું કામ સાધવા લાલચ આપવી |
| 11. જીભ ન ઉપડવી | બોલી ન શકવું |
| 12. જીવ અધ્ધર થઈ જવો | ચિંતિત થવું |
| 13. જીવ બળી જવો | ખૂબ સંતાપ થવો |
| 14. ટાઢે પાણીએ ખસ જવી | વગર મહેનતે પીડા ટળવી |
| 15. દહીં-દૂધમાં પગ રાખવો | બન્ને પક્ષમાં રહેવું |
| 16. ધૂળમાં મેળવવું | નિષ્ફળ કરવું |
| 17. નાક કાપવું | આબરૂને કલંક લગાડવું; બેઈજ્જત કરવું |
| 18. નાના મોંએ મોટી વાત કરવી | ગજા ઉપરાંતની વાત કરવી |
| 19. નામ કાઢવું | પ્રસિદ્ધિ પામવું |
| 20. પથ્થર પર પાણી | વ્યર્થ જવું |
| 21. પાણીમાં જવું | એળે જવું, નિરર્થક થવું |
| 22. બારમો ચન્દ્રમા હોવો | અણબનાવ હોવો |
| 23. બારે મેઘ ખાંગા થવા | મૂળશધાર વરસાદ પડવો |
| 24. મોં તોડી લેવું | અપમાન કરવું |
| 25. મોંમાં પાણી આવવું | કશુંક ખાવાનું અત્યંત મન થવું |
| 26. મોંમાં મગ ભરાઈ જવા | મૂંગા થઈ જવું |
| 27. વાળ વાંકો ન થવો | કોઈ નુકસાન ન થવું |
| 28. હાથ ધોઈ નાખવા | આશા મૂકવી (૨) જવાબદારી છોડી દેવી |
| 29. હાથ પીળા કરવા | પરણાવવું |
| 30. હૈયે ટાઢક વળવી | મનમાં નિરાંત થવી |

# 5. ઓછી અક્કલથી દુકાળ પડે છે



**ચતરસિંહ જામ**

**જન્મ : ૧૯-૫-૧૯૬૧**

ચતરસિંહનો જન્મ ૧૯-૫-૧૯૬૧ના રોજ થયો હતો. તેમનું વતન જન્મસ્થળ જેસલમેર જિલ્લાનું રામગઢ છે. તેમના પિતાનું નામ કરનસિંહ જામ અને માતાનું નામ શ્રીમતી મીરા કંવર છે. તેમણે હાયર સેકન્ડરી સુધીનું શિક્ષણ મેળવેલ છે. તેઓ રાજસ્થાનમાં 'જલપુરુષ' તરીકે ઓળખાય છે. તેઓ રાજસ્થાનમાં પાણી બચાવ માટેની સામાજિક સેવા કરી રહ્યા છે. તેઓ સમાજને સાથે રાખીને તળાવ અને કુવાઓના કામ કરી રહ્યા છે. તેમના વિચારો અને કાર્યો પર શ્રીમતી અનુપમ મિશ્રાના પુસ્તકો 'આજ ભી ખરે હૈ તાલાબ' અને 'રાજસ્થાનકી રજત બુંદે' નો ખૂબ જ પ્રભાવ પડ્યો છે.

અંગ્રેજી નિબંધની અસર નીચે આપણે ત્યાં નિબંધ લખાવા શરૂ થયા. પોતાના વિચારો, સંવેદનો, માહિતી, વિગતોને તેમના મહત્ત્વ અનુસાર વ્યવસ્થિત ક્રમમાં ગોઠવીને લખાતું લખાણ તે નિબંધ. અંગ્રેજીમાં 'એસે' નો અર્થ થાય પ્રયાસ અથવા પ્રયત્ન. એ લખાણનો પ્રયત્ન છે. નિબંધનો અર્થ થાય સારી રીતે ગોઠવાયેલું લખાણ. કોઈપણ વિષય વિશે નિબંધ લખી શકાય. સામાન્ય રીતે એ વિષયનું વર્ણન અથવા એ વિષયની માહિતી કે સમજૂતી નિબંધમાં અપાતી હોય છે. આ વર્ણન ચિત્રાત્મક હોઈ શકે, પૃથક્કરણાત્મક હોઈ શકે, ભાવાત્મક કે તુલનાત્મક હોઈ શકે પણ એમાં એકસૂત્રતા અથવ આંતરવિરોધનો અભાવ અને ક્રમબદ્ધતા હોય તે અત્યંત જરૂરી ગણાય.

નિબંધના મુખ્ય બે પ્રકાર છે. ગંભીર તથા વિચારપ્રધાન નિબંધ અને સંવેદનપ્રધાન અથવા લલિત નિબંધ. ગંભીર અથવા વિચારપ્રધાન નિબંધમાં એક પેટાપ્રકાર માહિતી પ્રધાન નિબંધ અથવા માહિતી નિબંધ છે. તેમાં વાંચનાર ને ઉપયોગી એવી પ્રમાણભૂત અથવા અનુભવ ઉપર આધારિત આધારભૂત માહિતી હોય છે. એ માહિતીને મુદ્દાસર એટલે કે તેનાં વિવિધ પાસાંને તેમના મહત્ત્વના ક્રમ અનુસાર ગોઠવી હોય છે. એમાં જાણકારી વધારે હોય છે સાથે પોતાના અભિપ્રાયો પણ હોય છે. એમાં યોગ્ય-અયોગ્ય શું છે તે પણ બતાવાય છે. વાચકને આવા નિબંધથી જ્ઞાનલાભ થાય છે. તેની માહિતી અને વિચારશક્તિ વધે છે.

ગુજરાતી સાહિત્યમાં નર્મદથી શરૂ કરી આનંદશંકર ધ્રુવ, મહાત્મા ગાંધીજી, કિશોરલાલ મશરૂવાળા, કેદારનાથજી જેવા સમર્થ નિબંધકારો થયા છે.

રાજસ્થાનમાં દુકાળની નવાઈ નથી. એમાંય જેસલમેરની આજુબાજુના પ્રદેશોમાં તો અત્યંત ઓછો વરસાદ પડે છે. આટલા ઓછા વરસાદમાં પણ પોતાને જોઈતું પાણી કેવી રીતે સંઘરી શકાય તે આ લેખમાં રજૂ થયું છે. વળી આટલા ઓછા પાણીથી એકબીજાના સહકારને કારણે જરૂરી અનાજ પણ પેદા થઈ શકે તે પણ બતાવ્યું છે. સહકાર અને સ્વાવલંબનનો પાઠ તમને આ લેખ શીખવાડશે.

---

(રાજસ્થાનના જેસલમેર જિલ્લાના રામગઢ વિસ્તારમાં ગયા વર્ષે કુલ ૪૮ મિ.મી. એટલે કે ૪.૮ સે.મી. કે માત્ર ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો અને તોય ત્યાં દુકાળ પડ્યો નહીં. ભારતમાં આટલો ઓછો વરસાદ ક્યાંય પડતો નથી. વધારે વરસાદવાળા તમામ વિસ્તારો દુકાળગ્રસ્ત કેમ છે ? આ એક વિચારવા

જેવો પ્રશ્ન છે. આપણી ઓછી અક્કલ અને દૂરદર્શિતાના અભાવે વિકાસનું જે મોડેલ ઊભું કર્યું છે તે વિનાશ તરફ લઈ જઈ રહ્યું છે. શું આપણે હજુ પણ આંખો નહીં ખોલીએ ? - સંપાદક)

ટેલિવિઝન ક્યાં નથી ? અમારે ત્યાં પણ છે. અમારે ત્યાં એટલે કે જેસલમેરથી ૧૦૦ કિ.મી. પશ્ચિમમાં પાકિસ્તાનની સીમા પર પણ. એ પણ જણાવી દઉં કે અમારે ત્યાં દેશનું સૌથી ઓછું પાણી વરસે છે, ક્યારેક કયારેક તો વરસતું પણ નથી.

તમારે ત્યાં કેટલું પાણી વરસે છે એ તો તમે જ જાણો. અમારે ત્યાં છેલ્લા બે વર્ષમાં થયેલા કુલ વરસાદની જાણકારી તમને આપવા ઈચ્છીએ છીએ. સન્ ૨૦૧૪માં જુલાઈમાં ૪ મિ.મી. અને પછી ઑગસ્ટમાં ૭ મિ.મી. એટલે કે કુલ ૧૧ મિ.મી. વરસાદ વરસ્યો હતો. ત્યારે પણ અમારો આ રામગઢ વિસ્તાર દુકાળના સમચારોમાં ન આવ્યો અથવા અમે સમાચારોમાં આવવાની નોબત જ ન આવવા દીધી. વળી ગયા વર્ષે સન્ ૨૦૧૫માં ૨૩ જુલાઈએ ૩૫ મિ.મી. ૧૧ ઑગસ્ટે ૭ મિ.મી. અને વળી ૨૧ સપ્ટેમ્બરે ૬ મિ.મી. વરસાદ થયો. આટલા ઓછા વરસાદમાં પણ અમે અમારા ૫૦૦ વર્ષ જૂના વિપ્રસાર નામના તળાવને ભરી લીધું હતું. આ બહુ જ વિશેષ તળાવ છે. લાખો વરસો પહેલાં કુદરતમાં જે ભારે ઉથલ-પાથલ થઈ એને કારણે તળાવની નીચે કાળી ચીકણી માટીનું, મુલતાની માટીનું કે જીપ્સમનું એક થર જામી ગયું હતું. આ થરને કારણે વરસાદનું પાણી ઝમીને રેગિસ્તાનમાં નીચે વહેતા ખારા પાણીમાં મળતું નથી. તે રેતીમાં ભેજની જેમ સુરક્ષિત રહે છે. આ ભેજને અમે નીતર્યું પાણી કહીએ છીએ.

તળાવમાં ઉપર ભરાયેલું પાણી કેટલાક મહિનાઓ તો ગામના કામમાં આવે છે, જેને આપણે પાલર પાણી કહીએ છીએ. એ પૂરા વિજ્ઞાનમાં આપણે નહીં જઈએ પણ તળાવ ઉપરથી સુકાઈ જાય પછી રેતીમાં સમાયેલા ભેજને અમારા પૂર્વજો ન જાણે ક્યારથી બેરી, કૂઈ નામનો એક સુંદર ઢાંચો બનાવીને ઉપયોગમાં લે છે. હજુ એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં પણ અમારા તળાવમાં ઉપર સુધી પાણી ભરાયેલું છે. જ્યારે સુકાશે ત્યારે નીતર્યું પાણી આવી જશે અને અમે આવતા વરસાદ સુધી પાણીના મામલે એકદમ સ્વાવલંબી બની રહીશું.

આ વિશે તળાવ વિપ્રસારની જેમ જ અમારા જેસલમેર વિસ્તારમાં કેટલાંક વિશેષ ખેતરો પણ છે. આમ તો આ બધો વિસ્તાર દુકાળનો જ છે. વરસાદ પડે તો એક પાક મળે છે. પણ ક્યાંક-ક્યાંક ચીકણી કાળી માટી કે જિપ્સમની પટ્ટી ખેતરોમાં પણ છે. સમાજે સદીઓથી વિશેષ ખેતરોને અંગત કે કોઈ પરિવારના હાથમાં જવા દીધાં નથી. આ વિશેષ ખેતરોને સમાજે બધાનાં બનાવી દીધાં છે. જે વાતો તમે લોકો કદાચ સૂત્રોમાં સાંભળો છો તે વાતો, સિદ્ધાંતો અમારા સમજદાર પૂર્વજોએ અમારે ત્યાં જમીન પર ઉતારી દીધા છે. આ વિશેષ ખેતરોમાં આજની આ ગળાકાપ હરીફાઈના જમાનામાં પણ સામૂહિક ખેતી થાય છે. આ વિશેષ ખેતરોમાં દુકાળની વચ્ચે પણ સુંદર પાક પેદા કરવામાં આવે છે.

ગયા વર્ષના કુલ પડેલા પાણીના આંકડા તો તમે ઉપર જોયા જ છે. હવે એને સામે રાખીને આ વિશાળ દેશના કોઈપણ કૃષિ વિશેષજ્ઞને પૂછી લો કે ૨.૪ સે.મી.ના વરસાદમાં શું ઘઉં, સરસવ, ચણા જેવા પાકો ઉત્પન્ન થઈ શકે છે ? આ બધા વિશેષજ્ઞોનો ઉત્તર 'ના'માં હશે. પરંતુ જો હમણાં તમે રામગઢ આવો તો અમારે ત્યાંનાં ખેતરોમાં આ બધા પાકો આટલા ઓછા પાણીમાં ખૂબ સારી રીતે તૈયાર મુકાઈ રહ્યા છે. આ શુષ્ક રેગિસ્તાનમાં, સૌથી ઓછા વરસાદના વિસ્તારમાં આજે પણ ભરપૂર પાણી છે, અનાજ છે અને પશુઓને માટે ખૂબ માત્રામાં ચારો છે. એ જણાવતાં પણ સંકોચ થઈ રહ્યો છે

કે આટલા ઓછા પાણીમાં પાકેલો આ પાક માત્ર આપણા કામમાં જ નથી આવી રહ્યો, બલ્કે દૂર-દૂરથી એની લણણી માટે બીજા લોકો પણ આવી રહ્યા છે એમાં બિહાર, પંજાબ, મધ્યપ્રદેશના માલવાથી પણ લોકો પહેલીવાર આવ્યા છે - એટલે કે જ્યાં અમારા કરતાં વધારે વરસાદ થાય છે ત્યાંના લોકોને પણ અહીં કામ મળ્યું છે.

પાણીને લઈને લોકો ઝઘડે છે અને અહીં અમારાં ગામડાંઓમાં આટલો ઓછો વરસાદ હોવા છતાં પણ પાણીને લઈને સમાજમાં પરસ્પર પ્રેમનો નાતો બન્યો છે. તમે ભોજનમાં આગ્રહ સાંભળ્યો છે. તમારે ત્યાં મહેમાન આવી જાય તો એને વિશેષ આગ્રહ કરીને ભોજન પીરસવામાં આવે છે. અમારે ત્યાં તળાવ, કૂવા અને કૂઈ પર આજે પણ પાણી કાઢવા માટે વિનંતી કરવામાં આવે છે - પહેલાં તમે પાણી લો પછી અમે લઈશું. પાણીએ અમારે ત્યાં સામાજિક સંબંધો જોડીને રાખ્યા છે. એટલા માટે દેશના અન્ય ભાગોમાં જ્યારે પાણીને કારણે સામાજિક સંબંધો તૂટતા દેખાય છે ત્યારે અમને બહુ જ ખરાબ લાગે છે.

એની પાછળ એક મોટું કારણ તો છે પોતાની ચાદર જોઈને પગ ફેલાવવા. મરાઠાવાડે કુદરત પાસેથી પાણી થોડું ઓછું મેળવ્યું પરંતુ શેરડીની ખેતી કરીને ભૂજળ બધું જ ખેંચી લીધું. હવે એક જ કૂવામાં પાણી તળિયે આવી ગયું છે અને એમાં સેંકડો ડોલ ઉપરથી લટકેલી જોવા મળે છે. આ વિસ્તાર આવી ખેંચતાણમાં પડી ગયો છે.

ક્યારેક આખા દેશમાં પાણીને લઈને સમાજના મનમાં એકસરખો ભાવ રહ્યો હતો. આજે નવી ખેતી, વધારે પાણી માગતા નવા નવા પાક, કારખાનાંઓ, તળાવોને પૂરીને બનેલા અને વધતા જઈ રહેલા શહેરોમાં સંયમનો ભાવ ક્યારનોય ખતમ થઈ ગયો છે. ત્યારે આપણને કાં તો ચેન્નાઈ જેવું ભયાનક પૂર દેખાય છે અથવા લાતુર જેવો ભયાનક દુકાળ. ચેન્નાઈનું વિમાનમથક પૂરમાં ડૂબી જાય છે અને લાતુરમાં રેલ આવે છે.

પાણી ક્યાં કેટલું વરસે છે એ પ્રકૃતિએ હજારો વરસોથી નક્કી કરી રાખ્યું છે. કોંકણમાં, ચેરાપૂંજીમાં ખૂબ વધારે તો અમારા ગામડાંમાં, જેસલમેરમાં ખૂબ જ ઓછું. પણ જે જ્યાં છે ત્યાં પ્રકૃતિનો સ્વભાવ જોઈને જેમણે જે તે સમાજ ચલાવવાની યોજના બનાવી છે અને એમાં એમણે સરકારોની વાતો સાંભળી નથી, લાલચ કરી નથી તો તે સમાજ પાણી ઓછું હોય કે વધારે આનંદમાં રહે છે.

## ટિપ્પણ

**દુકાળગ્રસ્ત** - દુકાળની અસરથી ઘેરાયેલું **દૂરદર્શિતા** - ભવિષ્યનો વિચાર કરીને જોવું તે **પાલર** - વરસાદનું પાણી **કૂઈ** - નાનો કૂવો **કૃષિવિશેષજ્ઞ** - ખેતી વિશે ખાસ જાણનારે **શુષ્ક** - સૂકું **નાતો** - સંબંધ

## રૂઢિપ્રયોગ

**ચાદર જોઈને પગ ફેલાવવા** - પોતાની ક્ષમતા પ્રમાણે વ્યવહાર કરવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખકે અહીં કયા વિસ્તારની વાત રજૂ કરી છે ?

2. રેતીમાં રહેલા ભેજને કયા નામે ઓળખવામાં આવે છે ?
3. અત્યંત ઓછા વરસાદમાં પણ જેસલમેરમાં કયા પાકો લેવાય છે ?
4. કયા કયા પ્રદેશના લોકોને જેસલમેરમાં કામ મળી રહે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. વિપ્રાસર તળાવની વિશેષતાઓ જણાવો.
2. વિશેષ ખેતરોનું વર્ણન કરો.

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. 'ઓછા પાણીથી નહીં', ઓછી અક્કલથી દુકાળ પડે છે ? - વિધાન સાથે સંમત છો ? શા માટે ?
2. જો પાણી ન મળે તો માનવજાતનું શું થાય તે અંગે તમારા વિચારો રજૂ કરો.
3. પાણીનો વ્યય અટકાવવા માટે તમે શું કરશો તે લખો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

પાણી, અવાજ, આનંદ, સ્વાવલંબી

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સૂકું, સમજદાર, વધારે, સુંદર

**આટલું કરો.**

1. શાળામાં 'જળ એ જ જીવન' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરો.
2. 'જળ' વિષયક કવિતાઓનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
3. 'જળ'નું મહત્ત્વ દર્શાવતા સુવિચારો નોટીસબોર્ડ પર લખો.

●

## વિશેષણ

### નીચેનાં વાક્યો વાંચો

ઘરમાં નાના છોકરાઓ સાથે ગુજરાતીમાં બોલો.

તમે કહી શકશો કે ઉપરનાં વાક્યોમાં નામ ક્યાં છે અને વિશેષણ ક્યાં છે ? મિત્રો, નામ ઓળખવાની સીધી અને સરળ રીતે છે, તેનાં લિંગ-વચન જોવાં. જેમકે, ઉપરના વાક્યમાં જોઈએ તો 'બોલો' ક્રિયાપદ છે; 'ઘર' નપુંસક લિંગ, એકવચન છે; 'છોકરાઓ' પુલ્લિંગ, બહુવચન છે; 'ગુજરાતી' સ્ત્રીલિંગ, એકવચન છે, 'સાથે' નામયોગી છે; પણ 'નાનાં' શું છે ? વાક્યમાંથી આ શબ્દ કાઢી નાંખો તો ? 'ઘરમાં છોકરાઓ સાથે ગુજરાતીમાં બોલો.' 'નાના' શબ્દથી શો ફેર પડ્યો ? તમે કહેશો કે 'નાના છોકરાઓ'ની વાત છે. બરાબર. એટલેકે 'નાના' શબ્દથી 'છોકરાઓ'ના અર્થને વધુ સ્પષ્ટ કર્યો. આ કાર્ય કરનાર ઘટકને 'વિશેષણ' કહે છે.

વિશેષણના પ્રકાર :

નીચેનો ફકરો વાંચો :

આ વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાડુંઓનું છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક નથી !

અહીં ક્યાં ક્યાં વિશેષણો વાપરવામાં આવ્યાં છે ? આ, બધું, ગરીબ, એક વગેરે. બરાબર ? હવે આ વિશેષણો શું દર્શાવે છે તે સમજીએ.

'આ' — સાર્વનામિક વિશેષણ

બધું અનાજ — 'બધું' જથ્થાવાચક

એક — સંખ્યા

ગરીબ — 'ગુણ' દર્શાવે.

વિશેષણોના આવા વિવિધ કાર્યને આધારે તેમના પ્રકાર કરી શકાય :

**૧ ગુણવાચક વિશેષણ :**

સુંદર, ખરાબ, ચોખ્ખું, ઊંચું, કાળું, સફેદ, જાડું, મોટું, ઘરડું, ઠંડું, તીવ્ર, સમજુ, લોભી, ક્રૂર, દયાળુ, મુખ્ય, શોખીન, ડાહ્યું, વિશાળ, સાંકડું, અજાણ્યું, પરિચિત વગેરે

**૨ સંખ્યાવાચક વિશેષણ :**

ક. સાદી - પૂર્ણ સંખ્યાવાચક : એક, બે, પાંત્રીસ, નેવ્યાશી વગેરે

ખ. ક્રમિક સંખ્યાવાચક - પહેલું, બીજું, આઠમું વગેરે

ગ. સંખ્યાંશવાચક - પા, અડધું, પોણું, સવા વગેરે.

**૩ જથ્થાવાચક વિશેષણ :**

બહુ, ઘણુ, થોડું, ઓછું, વધારે (બહુ કામ, ઘણી પ્રવૃત્તિ...)

**૪ માત્રાસૂચક :**

આછું, ઘેરું, સાવ, તદ્દન વગેરે

**૫ સાર્વનામિક વિશેષણ :**

મારું, તારું, આપણું, તેનું, તેમનું, આટલું, આવડું.

વિશેષણના આ પ્રકારોનો ખ્યાલ આવ્યો ?

નીચેનાં વાક્યો-પંક્તિઓમાંથી વિશેષણ તારવી શકો ?

1. કતાર સાવ ધીમી ગતિએ આગળ વધતી.
2. સખત પરિશ્રમને કારણે હું વર્ગમાં ટોચે પહોંચી ગઈ.
3. એનો ગભરુ જીવ રડી ઊઠ્યો
4. ગણ દવલી કે વ્હાલી ટ્રેન
5. તે હરિ હીંડે અણવણે પાગે રે.

ચાલો, વિશેષણ તારવીએ :

1. સાવ, ધીમી
2. સખત
3. ગભરુ
4. દવલી, વહાલી
5. અણવાણે (અડવાણે)

હવે પ્રકારોને આધારે પણ ઓળખી શકશો ને ! નીચેનાં વાક્યોમાં ગુણવાચક વિશેષણ છે. તે શોધી યાદી કરો :

1. ત્હમે કોમળ હઈડે રે; મ્હને નવ ગણશો જુદો.
2. ઠોઠ નિશાળિયાને / રોજ ભૂરી બેંચ પર ઊભા રહેવાની કરે છે સજા.
3. ગુજરાતમાં જગડુશા જેવા ઉદાર શ્રેષ્ઠીઓ છે.
4. પાણીએ અમારે ત્યાં સામાજિક સંબંધને જોડીને રાખ્યા છે.
5. ભલો મહાદેવ રડતો ગયો.

ઉપરનાં વાક્યોનાં વિશેષણ તારવી શકાય ? ચાલો, સાથે યાદી કરીએ :

1 કોમળ, 2 ઠોઠ, 3 ઉદાર, 4 સામાજિક, 5 ભલો.

તમે આ યાદી કરી હતી ને ! આ વિશેષણો ગુણનો નિર્દેશ કરે છે તેથી તે ગુણવાચક વિશેષણ છે.

ચાલો, હવે નીચેનાં વાક્યો વાંચો. તેમાંના અધોરેખિત વિશેષણોની યાદી કરો. અને જુઓ તો, તમે એ વિશેષણનો પ્રકાર ઓળખી શકો છો ?

1. હવે તો **એક** આશા જગડુશાની રહી છે.
2. પાટણમાં આવી લગભગ **ચાલીસેક** વખારો છે.
3. જે **ચૌદ** લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે.
4. ઊંઘણશી સૂર્યને / રોજ પોતાની **એક** જોરદાર છાલકથી / દરિયો / આકાશમાં મૂકી દે

5. ને ચોસામાં દરિયો ઉઠાડવાનું ભૂલી જાય તો / ઊંઘતો ય રહે **આખો** દિવસ !

આ વાક્યોનાં વિશેષણની યાદી કરી ? . એક, ... ચાલીસેક, .. ચૌદ, .. એક, .. આખો. ઓળખી શક્યા ને ! હા, આ સંખ્યાવાચક વિશેષણ છે.

હવે, નીચેનાં વાક્યોનાં અધોરેખિત વિશેષણની યાદી કરો અને જુઓ,આ કયાં વિશેષણો છે ?

1. વખારમાંનું **બધું** અનાજ એનાં ગરીબ ભાઈભાંડુઓનું છે.
2. જેસલમેર વિસ્તારમાં કેટલાંક વિશેષ ખેતરો પણ છે.
3. અમારે ત્યાં સૌથી ઓછું પાણી વરસે છે.

યાદી બનાવી ? 1 બધું, 2 કેટલાંક, 3 ઓછું

ઓળખી શકાય, આ વિશેષણને ? આ વિશેષણોનું કાર્ય જોશો, તો પ્રકાર તરત સમજાઈ જશે. 'બધું' અનાજ-નો જથ્થો દર્શાવે છે. તો 'ઓછું' દ્વારા પાણી-ના જથ્થાનો નિર્દેશ થયો છે. અર્થાત્ આ વિશેષણો જથ્થાનો નિર્દેશ કરતાં હોવાથી તે જથ્થાવાચક વિશેષણ છે.


તમે વિશેષણના કાર્યથી જથ્થાવાચક વિશેષણો ઓળખી શક્યા છો. હવે, નીચેનાં વાક્યોમાં વિશેષણ કયું કાર્ય કરે છે, તે સમજી તેનો પ્રકાર જણાવી શકશો ?

1. સૂર્યને દરિયા કરતાં ય / **વધારે** કડક શિક્ષકની જરૂર છે.
2. દરબારમાં જાણે નિરાશાની **ઘેરી** છાયા ફરી વળેલી છે.
3. કતાર સાવ ધીમી ગતિએ આગળ વધતી.

અધોરેખિત વિશેષણની યાદી બનાવીએ તો ... વધારે, .. ઘેરી, .. સાવ - વિશેષણો છે. તેના દ્વારા શું સૂચવાય છે, તે ખ્યાલ આવે છે ? 'કડક શિક્ષક' અને 'વધારે કડક શિક્ષક' – તેમાં શો તફાવત છે ? માત્રાનો. બરાબર ? તો 'વધારે' દ્વારા માત્રા સૂચવાય છે. હવે તમે બાકીનાં વાક્યો ધ્યાનથી વાંચો. છાયા-ઘેરી છાયા,ધીમી ગતિ - સાવ ધીમી ગતિ - આ પદો જોતાં ખ્યાલ આવશે કે ઘેરી, સાવ વગેરે દ્વારા પણ માત્રા સૂચવાઈ છે. તેથી અહીં માત્રાસૂચક વિશેષણ પ્રયોજાયેલાં છે.

આ ઉપરાંત, સંબંધક વિશેષણ, સાર્વનામિક વિશેષણ આદિ પણ આ વાક્યોમાં પ્રયોજાયેલાં છે. પણ તેના વિશે ભવિષ્યમાં અભ્યાસ કરશો.

# 6. પરીક્ષા



**પન્નાલાલ પટેલ**

**જન્મ : ઈ.સ. ૧૯૧૨ મૃત્યુ : ઈ.સ. ૧૯૮૮**

પન્નાલાલ નાનાલાલ પટેલનો જન્મ માંડલી (હાલ રાજસ્થાનમાં આવેલા) ગામમાં થયો હતો. તેમણે ઈડરમાં રહી માત્ર ચાર અંગ્રેજી ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. તેમ છતાં ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના સર્જક તરીકે નામના મેળવી હતી. તેમણે 'વળામણાં', 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ' જેવી નવલકથાઓ તથા 'સુખદુઃખનાં સાથી', 'વાત્રકને કાંઠે', 'ઓરતા' જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે.

ગ્રામજીવનું નિરુપણ કરવામાં પન્નાલાલ સફળ રહ્યા છે. તેમના સર્જનને ધ્યાનમાં રાખી તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા 'ભારતીય જ્ઞાનપીઠ' પુરસ્કાર પ્રાપ્ત થયેલા છે.

નાનપણમાં તમે જે વાર્તાઓ દાદા-દાદી પાસે સાંભળતાં તે મોટેભાગે લોકવાર્તાઓ હતી. હવે તમે વાંચો છો, ભણો છો તેમાંની મોટાભાગની ટૂંકીવાર્તાઓ હોય છે.

શું ફેર અથવા તફાવત છે આ બે વચ્ચે ? લોકવાર્તાના કોઈ એક લેખક કે લેખિકા ન હતાં. ટૂંકીવાર્તા કોઈ લેખક કે લેખિકા ચાહીને, સમજી-વિચારીને એને કલાત્મક બનાવવાના ઈરાદા સાથે લખે છે.

એ લોકો પણ કોઈ અસરકારક, બોધદાયક, રહસ્યમય, રસ પડે તેવો જીવનપ્રસંગ પસંદ કરે છે. પણ તેમની રજૂઆત અથવા કહેવાની રીત કલાત્મક હોય છે.

ટૂંકીવાર્તા એ સાહિત્યપ્રકાર અંગ્રેજી સાહિત્યમાંથી આપણે અપનાવ્યો. એમાં કલાત્મકતા લાવવા માટે માનવતાનો, સમભાવનો, હાસ્ય કે કરુણનો, ઉત્સાહ કે વીરતાનો ભાવ ખાસ કાળજીથી ચોટદાર રીતે રજૂ કરવામાં આવે. એમાં ભાષાના વપરાશની ખૂબ ચીવટ રાખવામાં આવે. ખાસ શબ્દપ્રયોગો, અલંકારો, દૃષ્ટાંતો, સંવાદો, વર્ણનો, સમજૂતીથી તેને શણગારવામાં આવે. માનવજીવનના સંબંધો, તેની આશા-આકાંક્ષા, તેની સમસ્યાઓ-સિદ્ધિઓ, સ્વભાવ-લાગણીઓનું ઝીણવટથી અવલોકન કરી તેને સચોટ રીતે રજૂ કરવામાં આવે. વાર્તાના આરંભમાં પહેલા પેરેગ્રાફમાં ભીંત ઉપર બંદૂક લટકતી બતાવી હોય, તો એ અંત સુધીમાં ફૂટે ને એનું રહસ્ય જાણી વાચક 'વાહ !' કહી બેસે તેવી તેની કલાત્મકતા હોય છે.

ગુજરાતીમાં ટૂંકીવાર્તાને ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, જયંત ખત્રી, માય ડિયર જયૂએ નવી ઊંચાઈ આપી છે.

એક નાનકડો નિશાળિયો બીજાની ચિંતા કઈ રીતે કરે છે ? બીજાને કઈ રીતે ઉપયોગી થાય છે ? આવા પ્રશ્નોના જવાબ આ વાર્તામાંથી મળશે. ખરેખરી પરીક્ષા તો ઇન્સ્પેકટરની થાય છે. જો કે તે એમાં પાસ પણ થાય છે એવી ચોટ આ વાર્તામાંથી તમને સમજાશે.

---

સૂર્ય ઊગ્યો. ઘઉં ચણાના મોલ ઉપર સોનું છાંટવા લાગ્યો...

વસંતનો વાયરો મોલ ઉપરનું સોનું સાંભરવા માંડ્યો...

પક્ષીઓનું ટોળું વાયરાની પાછળ પડ્યું. પાંખોનો વીંજણો વીઝતું હવામાંનું સોનું ધરતી ઉપર પાછું ધકેલાતું હતું...

ગામમાંથી ગાયભેંસનું ધણ છૂટ્યું. ધરતી ઉપર વેરાયેલું સોનું મોઢે મોઢે ફંફોળતું જતું ખાતું હતું.

શાળાએ જવા છોકરાં હાલ્યાં, મોલ જોતાં, હવા ખાતાં, પક્ષીઓના માળા પાડતાં, ખેતર શેઢેથી પસાર થતી રૂપેરી પગદંડી પર સોનેરી પગલાં પાડતાં…

એક છોકરો બોલી ઊઠ્યો : 'ઉપાડો પગ. આજે મારે પરીક્ષા આપવાની છે. ઈન્સ્પેકટર સાહેબ કાલના આવેલા છે.'

'તારે આપવાની છે. અમારે શું ?' ચારેયમાં મોટો છોકરો મશ્કરીમાં બોલી ઊઠ્યો.

'અમને ઓછી શિષ્યવૃત્તિ મળવાની છે ?' ત્રીજાએ ટાપસી પૂરી.

'તમે અરજી કરો તો તમનેય મળે.' ઉમેર્યું : 'પણ તમે કાંઈ મારા જેવા ગરીબ નથી.' પહેલો 'પણ તને જ ક્યાં મળી છે ?' તમારા દસની પરીક્ષા લેશે ત્યારે ને મહાદેવ ?' વડાએ કહ્યું. 'ને કેમ જાણ્યું કે પહેલા ત્રણમાં તું આવીશ ?' ચોથોય વાતમાં પડ્યો.

'એમ તો નહીં પણ પહેલો આવીશ' મહાદેવે સગર્વ કહ્યું.

'કહેવાય નહીં હોં, મહાદેવ.' વડાએ કહ્યું. 'આડે દિવસે દોડે ને દશેરાએ ઘોડું નય દોડે !'

'ન શું દોડે ? એવી પાટી મેલાવું કે –'

ત્રીજો વચ્ચે બોલ્યો : 'મણિયાને તું કમ ન જાણતો. છઠ્ઠા (ધોરણ)માં પહેલે નંબરે આવ્યો જ હતો ને વળી ?'

'એ તો હું માંદો –'

ચોથો બોલી ઊઠ્યો : 'ને નટુડો ઓછો છે કે ? એમાં પાછા એના બાપા હેડ માસ્તર છે.'

બીજાએ ત્રીજી વાત કરી : 'મને તો લાગે છે કે બચુડાના મામા મામલદાર છે તેથી એને તો મળવાની જ.'

'ને ધનશંકરના માસા ? એ જ મને કહેતો હતો કે વિદ્યાધિકારીના હેડકલાર્ક છે. એમના જ હાથમાં બધું.'

મહાદેવ ન ડગ્યો : 'ના રે ના. એવું હોત તો પરીક્ષા જ ન લેત. ખાલી તમે ઘોડાં દોડાવો છો.'

વડાએ કહ્યું : 'ઠીક ભાઈ, જોઈએ છીએને ! મામાનું ઘર કેટલે દીવો બળે એટલે.'

'હા હા દીવો બળે એટલે ! પહેલો નંબર લાવું.' મહાદેવ તાનમાં હતો.

'સારું તો તો, કેમ ભાઈ શંકા ?' ત્રીજાએ વડા પાસે ટેકો માગ્યો.

'હાં વળી. આપણા ગામનું નાક રહેશે. પહેલો આવીશ તો દર મહિને પંદર (રૂપિયા), બીજાને દસ ને ત્રીજો આવીશ તોય – પાંચ. પાંચેય ક્યાં છે ગાંડા !'

ત્રીજાએ લાગ સાધ્યો : 'ને આપણને ઉજાણી મળશે.' ચોથાએ પાકું કર્યું : 'હેં ને મહાદેવ ?'

'નક્કી જાઓ.' મહાદેવ મંજૂર થયો…

આ રીતે આ ચારેય છોકરા જીભના ઝપાટા મારે છે ને ચાલી રહ્યા છે. અડખે-પડખે લઈ રહેલી ઉંબીઓને પસવારતા જાય છે. મોલ ઉપર બેસવા જતાં પક્ષીઓ ઉડાડતા જાય છે. દૂર દેખાતાં ઝાડનાં ઝુંડમાં નિશાળ સામે લાંબી નજર નાખી લે છે. ચારે દિશે પથરાઈ રહેલા મોલની ઉપર નજર એમની ફરતી રહે છે….

એકાએક મહાદેવની નજર થંભી જાય છે. અટકીને ઊભો રહે છે. બોલી પડે છે : 'ખાઈ જવાની !'

પેલા ત્રણેય અટકે છે. મહાદેવની નજર ભેગી નજરને ગૂંથે છે. પેલી બાજુના ખેતર તરફ જુએ છે. પાણી સરખો કૂંણો કૂંણો ઘઉંનો મોલ છે. સારસ પક્ષી તરતું હોય એવી એક ગાય છે. ધીમે ધીમે ચાલે છે ને ખાતી જાય છે.

'કાપલો કાઢી નાકવાની !' મહાદેવના પગ જમીન સાથે જડાઈ ગયેલા લાગતા હતા.

'તારી માસીના ખેતરમાં લાગે છે.' શંકાએ અટકળ કરી.

ત્રીજાએ કહ્યું : 'શેઢા પર છે.'

મહાદેવ વિચારમાં હતો. બોલ્યો તે પણ વિચારતો હોય એવી રીતે : 'આ પા કે પેલી પા. પણ ખાવાની તો ઘઉં જ ને !'

ગામ તરફ એણે નજર દોડાવી. દૂર કોઈ માણસને જોયું. બૂમ પાડીને કહેવા લાગ્યો : 'એ મારી માસીને ત્યાં કહેજો કે ગાય –' વળી થયું : 'ક્યારે આવશે ને ક્યારે હાંકશે ? એટલામાં તો કાપલો કાઢી નાખશે !'

મહાદેવે શંકા સામે દફતર ધર્યું, 'લે ને શંકા. ગાયને હું હાંકતો આવું.'

શંકાએ દફતર લીધું. યાદ આપ્યું : 'તારે લ્યા પરીક્ષા છે ને –'

'આવ્યો આમ.' મહાદેવે પાટી લગાવી. મોલ ઉપર ઊડતી ઊડતી સમડી જતી હોય એવું એનું માથું દેખાતું હતું. કહેતો હતો : 'તમે તમારે હેંડતા થાઓ. આવ્યો હું તો આમ !'

હરાયું ચરેલી ગાય ! મસ્તાન હોય એમાં નવાઈ શી ?

મહાદેવ મન કરીને ઢેફાં મારે પણ ચરબીભરી ગાયને તો લાડનાં લટકાં હતાં. એટએટલામાં સોટું પણ ન હતું. શેઢા ઉપરથી આકડાનો એક ડોરો ભાંગ્યો. પણ ગાયને તો ચમરી જાણે શરીર પરથી માખો જ ઉડાડતી હતી.

માંડ માંડ માસીનું ખેતર વટાવ્યું. તો બીજું પાછું કાકાનું આવ્યું. કાકા ખારીલા હતા. 'પણ એટલે કાંઈ ગાયને ઘઉં ખાવા દેવાય ?'

તો ત્રીજું ખેતર ગામના એક ગરીબનું હતું. મહાદેવને થયું : 'ના, ના, નારજીકાકાને આ આટલું એક ખેતર છે ને – કાપલો કાઢી નાખશે !'

ને વળી ગાયને આગળ હાંકી... મહાદેવમાં અધીરાઈ ને અકળામણ વધવા લાગી...

એક લાકડું હાથમાં આવતાં ગાયને ઝૂડવા માંડી. ગાયે મારવાનો ઈરાદો હોય એ રીતે મહાદેવ સામે જોયું, પણ છોકરો એને મારવા સરખો ન લાગ્યો. એટલે પછી આડાઅવળે દોડવા માંડ્યું.

નારજીકાકાનું ખેતર પૂરું થયું. મહાદેવને થયું : 'જાઉં.' પણ શંકાનું જ એ ખેતર હતું : 'એને થશે મારા જ ખેતરમાં મૂકી આવ્યો ?'

મહાદેવની અકળામણનો પાર ન હતો. શાળા તરફ જઈ રહેલાં છોકરાનાં હવે માથાં પણ નહોતાં દેખાતાં. મહાદેવે ઢીલા પડતા મનને મજબૂત કર્યું : 'આટલું ખેતર કાઢીને મેલીશ ને પાટી કે –'

ત્યાં તો પોતાના જ ખેતરમાં ગાય પેઠી. મહાદેવની મૂંઝવણે હવે માઝા મૂકી. એની ગતિ ગામ તરફ પાછી હતી ને સૂરજની ગતિ શાળા તરફ વધતી જતી હતી.

અકળામણમાં રડવા સરખો થઈ ગયો. ગાયને ભાંડતો ગયો, મારતો ગયો ને વળી વળીને પાછું જોતો ગયો.

પણ પોતાનો શેઢો વટાવ્યો ત્યાં જ એનો ગભરુ જીવ રડી ઊઠ્યો : 'આ તો પેલાં ખુશાલમાનું ખેતર આવ્યું ! એમને કોઈ હળ હાંકનાર તો છે નહીં ને ગામમાંથી લોકોનાં હળ માગીને આટલું ખેતર વવરાવ્યું છે. એટલેથી હાંકી લાવી મેલી મેલીને ખુશાલમાના ખેતરમાં મેલવી ?!'... ને ભલો મહાદેવ રડતો ગયો, માથા ઉપર આવવા કરતા સૂરજ સામે જોતો ગયો ને અલમસ્ત ગાયને ઝૂડતો ગયો.

એમાં વળી વાડ નડી. કાઢવી ક્યાં થઈને ?

ને મૂંઝાયેલો મહાદેવ, વાડમાં છીંડું પાડતો ગયો, નાકને નસીકતો ગયો, પસીનો લૂછતો ગયો ને રડતો રડતો પાછી વળેલી ગાયને ભાંડતો ગયો : 'એ પાછી ક્યાં જાય છે ?... અહીં છીંડામાં મરને...'

દોડીને મહામહેનતે ગાય વાળી. છીંડા વાટે બહાર કાઢી. ને અજબગજબની મુક્તિ અનુભવતા મહાદેવે જમના હાથમાંથી છૂટ્યો હોય એ રીતે શાળા તરફ એવી તો મૂઠીઓ વાળી ! મોલની સપાટીએ 'સનનનન' કરતો છૂટેલો તોપનો કોઈ ગોળો જોઈ લ્યો !

પણ પહોંચ્યો ત્યારે શિષ્યવૃત્તિની પરીક્ષા શરૂ થઈ ચૂકી હતી !

દસમા વિદ્યાર્થી તરીકે શિક્ષકે એને ઇન્સ્પેકટર આગળ ઊભો કર્યો.

ઇન્સ્પેકટરે મહાદેવ સામે જોયું. એનો આખો ચહેરો આંસુથી ખરડાયેલો હતો. અંગે પણ પસીનામાં રેબઝેબ હતો. સવાલ કર્યો : 'કેમ ભાઈ, મોડો પડ્યો ?'

મહાદેવ રડતો ગયો ને પોતાની કથની કહેતો ગયો : 'ઘઉંના મોલમાંથી ગાય હાંકવા ગયો હતો સાહેબ.. જતાં તો જઈ લાગ્યો પણ મારે આ ગાયને કોના ખેતરમાં છોડવી સાહેબ ? એટલે પછી ખેતરોની બહાર ગાયને કાઢવા રહ્યો એમાં મને —'

ઇન્સ્પેક્ટરે જોયું તો મહાદેવની આંખોમાં આંસુ ન હતાં, પણ માનવતાની સરવાણી હતી. પોતાનેય પૂછતી હતી. : 'કોના મોલમાં મારે એ હરાઈ ગાયને મૂકવી સાહેબ — આપ જ કહો ?!'

ને જાણે ઇન્સ્પેક્ટર પોતાના મનની વાત બબડી પડ્યા : 'પાસ છે, જા.' ખ્યાલ આવતાં શિક્ષકને હુકમ કર્યો : 'આપો એને પેપર.'

મહાદેવનાં આંસુ આનંદમાં ફેરવાઈ ગયાં. અંગ ઉપરના પસીનામાં પ્રકાશે — શક્તિએ પ્રવેશ કર્યો. પેપર લઈને મંડી પડ્યો...

•

## ટિપ્પણ

**મોલ** - પાક **વાયરો** - પવન **સાંભરવા માંડ્યો** - એકઠું કરવા લાગ્યો **વીંજણો** - પંખો **ધણ** - ગાયોનું ટોળું **શિષ્યવૃત્તિ** - તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક સહાય **વિદ્યાધિકારી** - કેળવણી અધિકારી **હેડકલાર્ક** - મુખ્ય કારકુન **ઉંબીઓ ઘઉં** - જવ ઇત્યાદિ ધાન્યનાં ડૂડા **પસવારતાં** - પંપાળતાં **હરાયું** - રખડતું, છૂટું ફરતું, અંકુશ વગરનું **મસ્તાન** - મદભર્યું **ઢેફાં** - માટીના કઠણ ટુકડા **લાડનાં લટકાં** - ગમતી બાબત **સોટું** - સોટી, લાકડી **ખારીલા** - ઈર્ષ્યાળુ **ગભરુ જીવ** - નિર્દોષ, ભોળો જીવ **જમ** - યમ (અહીં) મૃત્યુ સરવાણી-નાનું ઝરણું

## રૂઢિપ્રયોગ

**મંડી પડવું** - શરૂ કરવું **ટાપસી પૂરવી** - ચાલતી વાતને ટેકો આપવો **પાટી મેલાવવી** - દોડાવવું **પસીનામાં રેબઝેબ થઈ જવું** - પરસેવે લથબથ થઈ જવું **માઝા મૂકવી** - મર્યાદા ત્યજી દેવી **દશેરાએ ઘોડું ન દોડવું** - ખરે સમયે ઉપયોગમાં ન લાગવું **ખાલી ઘોડાં દોડાવવાં** - નકામા વિચારો કરવા **ગામનું**

**નાક રહેવું** - ગામની પ્રતિષ્ઠા સચવાવી **જીભના ઝપાટા મારવા** - ગપ્પાં મારવાં **કાપલો કાઢી નાખવો** - બધું ખાઈજવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. પરીક્ષામાં પાસ થવા વિશે મહાદેવને શો વિશ્વાસ હતો ?
2. એકાએક મહાદેવ શા માટે અટકીને ઊભો રહી જાય છે ?
3. ખેતરમાં ગાયને જોતાં જ મહાદેવ શું કર્યું ?
4. ઈન્સ્પેકટરને મહાદેવની આંખમાં શું દેખાયું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. છોકરાઓ પરીક્ષા આપવા નીકળ્યા ત્યારે ગામનું વાતાવરણ કેવું હતું ?
2. પરીક્ષા વિશે છોકરાઓ શું ચર્ચા કરે છે ?
3. મહાદેવ શા માટે રડવા જેવો થઈ ગયો ?
4. શા માટે મહાદેવનાં આંસુ આનંદમાં ફેરવાઈ ગયાં ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. પરીક્ષા આપવા જતી વખતે તમારા મનમાં કેવા વિચારો આવે છે તે જણાવો.
2. પાઠમાં ઉત્તર ગુજરાતની બોલીના શબ્દો છે તેવી જ રીતે તમારા વિસ્તારની બોલીના શબ્દો શોધીને લખો.
3. મહાદેવે કરેલો નિર્ણય યોગ્ય હતો ? શા માટે ?
4. ઈન્સ્પેકટર સાહેબનો કયો ગુણ તમને ગમ્યો ? શા માટે ?

**પ્રશ્ન 4. નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે જણાવો :**

1. ‘તારે આપવાની છે. અમારે શું ?’
2. ‘ને આપણને ઉજાણી મળશે ?’
3. ‘એ મારી માસીને ત્યાં કહેજો કે ગાય -’
4. ‘કેમ ભાઈ, મોડો પડ્યો ?’
5. ‘આપો એને પેપર.’

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

પક્ષી, થર, ઉજાણી, ઈરાદો, ચહેરો

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

માંદું, મજબૂત, રડવું, સૂરજ, મોટું

**આટલું કરો.**

1. મિત્રો સાથે મળીને કોઈને ઉપયોગી થાય તેવું કાર્ય કરો.
2. સૂર્યોદય સમયમાં તમારા ગામના વાતાવરણનું વર્ણન કરતો નિબંધ લખો.
3. તમે જ આ વાર્તાના નાયક હો તેમ વિચારીને આ વાર્તા ફરી લખો અને વર્ગશિક્ષકને બતાવો.

## વ્યાકરણ

# વિરામચિહ્નો

૨.૪ સે.મી.ના વરસાદમાં શું ઘઉં, સરસવ, ચણા જેવા પાકો ઉત્પન્ન થઈ શકે છે ?

ઉપરનું વાક્ય વાંચો. તેમાં કયાં કયાં વિરામચિહ્નો પ્રયોજાયાં છે. તે જાણો છો ને ? આ એક જ વાક્યમાં પૂર્ણવિરામ, અલ્પવિરામ અને પ્રશ્નાર્થચિહ્ન ત્રણ ચિહ્ન પ્રયોજાયાં છે. સામાન્ય રીતે પૂર્ણવિરામ વાક્યને અંતે પ્રયોજાય છે. અહીં અપૂર્ણાંક સંખ્યા દર્શાવવા અને સેન્ટિમીટરના સંક્ષેપાક્ષર દર્શાવવા માટે આ ચિહ્નનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં અલ્પવિરામ, ઉદ્‌ગાર ચિહ્ન અને પ્રશ્નાર્થચિહ્નના આવા પ્રયોગ સોદાહરણ સમજીશું.

અલ્પવિરામ વાક્યની મધ્યમાં આવતું વિરામચિહ્ન છે, તો ઉદ્‌ગારવાચક વાક્યની વચમાં અથવા વાક્યાંતે આવે છે. પ્રશ્નાર્થચિહ્ન વાક્યાંતે પ્રયોજાય છે. તમે આ ચિહ્નોના પ્રયોગથી પરિચિત છો. આ ત્રણેય ચિહ્નોના પ્રયોગને આધારે આ ચિહ્ન પ્રયોગને વધુ સમજીએ :

**અલ્પવિરામ :**

નીચેનાં વાક્યો વાંચો :

1. સિંધ, મેવાડ, માળવા, કાશી અને ઠેઠ કંદહાર લગી આજે લોકો ભૂખે મરે છે.
2. બિહાર, પંજાબ અને મધ્યપ્રદેશના માલવાથી લોકો આવ્યા છે.
3. ચકલી, કબૂતર, મોર, પોપટ, ગાલ્લી, આડણી, વેલણ બધું માટીનું.

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે જ્યારે એકથી વધારે બાબતોનો નિર્દેશ કરવાનો હોય ત્યારે તેમને અલગ દર્શાવવા માટે અલ્પવિરામ પ્રયોજાય છે. જેમકે, વાક્ય 1 અને 2 માં એકથી વધુ પ્રદેશનો, વાક્ય 3 માં એકથી વધુ રમકડાંનો નિર્દેશ થયો છે. તેમને અલગ તારવવા માટે અલ્પવિરામ પ્રયોજાયું છે.

હવે નીચેનાં વાક્યો વાંચો :

1. પણ તું દૂધ પી, તને મીઠું લાગશે.
2. ઓળખતાં આવડે તો ઝવેરાત, નહીં તો પથ્થર.
3. કોઈનું ભલું ના કરી શકો તો કાંઈ નહીં, પણ કોઈનું બૂરું ન કરશો !

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે ગૌણ વાક્યોને જોડવા માટે પણ અલ્પવિરામ પ્રયોજાય છે. કાવ્યપંક્તિઓમાં પણ ચરણને જુદાં તારવવા માટે અલ્પવિરામ પ્રયોજાય છે. નીચેની પંક્તિઓમાં અલ્પવિરામનો આ પ્રયોગ જોઈ શકશો :

1. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;
2. થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મી થયાં શેઠાણી રે.
3. સાંજ ઢળી ને ચાલી ટ્રેન / સ્ટેશન ખાલી, ખાલી ટ્રેન

અહીં, ચરણને અંતે અથવા અંતરા કે શેરની પ્રથમ પંક્તિને અંતે અલ્પવિરામ પ્રયોજાયું છે, તે તમે જોઈ શકો છો. અહીં તમે એ પણ જોઈ શકો છો કે અલ્પવિરામ વાક્યમાં વચ્ચે, પદાંતે કે પંક્તિના ચરણાંતે પ્રયોજાય છે.

**ઉદ્ગારચિહ્ન :**

સામાન્ય રીતે ઉદ્ગારચિહ્ન વાક્યને અંતે પ્રયોજાય છે. જ્યારે વાક્યમાં કોઈ આશ્ચર્ય, આનંદ, આઘાત, દુઃખ વગેરે જેવા ભાવ દર્શાવવા હોય ત્યારે તે દર્શાવવા વાક્યાંતે ઉદ્ગારચિહ્ન પ્રયોજાય છે. નીચેનાં વાક્યો વાંચો :

1. 'ફૂલોમાં રમતું આ નગર ફરી મળે, ન મળે !'
1. ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે !
1. પરખાયાં મારાં તળ-શિખર / ખૂબ મળી મતવાલી ટ્રેન !

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે વક્તાનું દુઃખ, આઘાત જેવા ભાવ દર્શાવાયા છે. તેથી વાક્યાંતે ઉદ્ધારચિહ્ન પ્રયોજાયું છે. હવે નીચેનાં વાક્યો વાંચો :

1. જહાંપનાહ ! મને થોડો સમય આપો.
1. પિતાજી ! આપ નિશ્ચિંત થઈ જાવ
1. બેટા ! એમ સાકર નહીં દેખાય.

અહીં તમે જોઈ શકો છો કે સંબોધન કરવાનું હોય ત્યારે જેને સંબોધન કરવામાં આવ્યું હોય, તે પછી ઉદ્ગારચિહ્ન પ્રયોજાય છે.

**પ્રશ્નાર્થચિહ્ન :**

સામાન્ય રીતે જ્યારે કોઈ માહિતી મેળવવી હોય કે માહિતીની ચોકસાઈ કરવી હોય ત્યારે પ્રશ્નાર્થ વાક્યરૂપે પૂછાય છે. આવા વાક્યાંતે પ્રશ્નાર્થચિહ્ન પ્રયોજાય છે. આ પ્રયોગ તમે નીચેનાં વાક્યોમાં જોઈ શકશો.

1. કેમ ભાઈ મોડો પડયો ?
1. તું શું કરે છે ? શું શોધે છે ?
1. તે જોશીજી, આ વર્ષેય વરસાદ નથી કે શું ?

યોગ્ય સ્થાને જો વિરામચિહ્નો યોગ્ય રીતે પ્રયોજી શકાય તો અર્થ વધુ સચોટ રીતે અભિવ્યક્ત થઈ શકે, તે તમે ઉપરનાં ઉદાહરણો દ્વારા સમજી શક્યાં હશો. આમ તો આ વિરામચિહ્નો અન્ય અર્થોમાં પણ પ્રયોજાય છે. અને લખાણમાં આથી વધુ વિરામચિહ્નો પણ પ્રયોજાતાં હોય છે. પણ તેનો અભ્યાસ આવનાર સમયમાં...

# 7. માટી

**ભગીરથ બ્રહ્મભટ્ટ**
**જન્મ ૫-૧-૫૪**

ભગીરથ રૂઘનાથજી બ્રહ્મભટનો જન્મ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાદરી ગામે ૫-૧-૫૪ના રોજ થયો. તેમણે પ્રાથમિક શિક્ષણ વતનમાં અને માધ્યમિક શિક્ષણ સોજા હાઈસ્કૂલમાં લઈ માણસા અને અમદાવાદથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેઓ ૧૯૭૭ થી ગુજરાતીના અધ્યાપક તરીકે ૨૦૧૬ સુધી પેટલાદ, માંડવી, વિદ્યાનગર ખાતે સેવા આપી. સેવા નિવૃત્ત થયા - તેમણે કવિતા, વાર્તા, રેખાચિત્ર, લઘુકથા, નિબંધ અને વિવેચન ક્ષેત્રે કામ કર્યું છે. તેમના જાણીતા સંગ્રહોમાં 'માનવતાના ભેરુ', 'મીઠા વગરનો રોટલો', 'અક્ષરનાં અજવાળાં', 'આથમતાં અજવાળાં', 'પ્રકૃતિ પર્વ' અને 'માણસાઈના ધરુ' મુખ્ય છે. આ સંગ્રહો એકાધિક યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તકમાં સ્થાન પામ્યા છે. તેમને 'કુમાર' સુવર્ણચંદ્રક (૨૦૦૮) અને ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્યપરિષદનાં એકાધિક પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. પ્રસ્તુત નિબંધ તેમના 'પ્રકૃતિપ્રર્વ'માંથી લેવામાં આવ્યો છે.

''માહિતીનિબંધ''ની વાત કરતાં આપણે નિબંધનાં મહત્ત્વનાં લક્ષણો જોયાં છે. તેના મુખ્ય બે પ્રકારમાં બીજો તે લલિતનિબંધ ગણાયો છે.

નિબંધમાં કોઈ પણ વિષય વિશેના પોતાના વિચારોને, અર્થઘટનોને, અભિપ્રાયોને સંવેદનરૂપે, ભાવાત્મક રીતે રજૂ કરવામાં આવે ત્યારે તે લલિત નિબંધ બને. તેમાં વિચારનું, માહિતીનું, વિગતનું અને ખુદ વિષયનું મહત્ત્વ નથી જેટલું તે વિશે લેખકે પોતે એ વિશે અનુભવેલા સંવેદનોનું, ભાવો, લાગણીઓનું છે આ કારણે લલિત નિબંધની ભાષા ભાવાત્મક અને ક્યારેક કાવ્યાત્મક બની જતી હોય છે. એમાં ઉપમાઓ, દૃષ્ટાંતો, અતિશક્તિઓ વગેરે પણ આવે. એમાં 'હું' અને એ 'હું'ની એ વિષય વિશેની લાગણી કેન્દ્રમાં હોય.

આ કારણે તેને અંગત નિબંધ .. પણ કહેવામાં આવે છે. એને લેખકના અહમ્‌ના રગડા તરીકે અથવા લેખકના અહમ્‌ના પ્રતિબિંબ તરીકે પણ ઓળખવામાં આવે છે. એમાં અંગત ગમા-અણગમા, અંગત અભિપ્રાયો, અંગત અનુભવો બધું આવી શકે.

આમ છતાં તેની ભાષા અને રજૂઆત શણગારાયેલી, આલંકારિક, અસરકારક અને દિલને અડકી જનારી હોવાથી તે વાંચવો ગમે છે.

ગુજરાતી સાહિત્યમાં અંગત નિબંધ લખનારામાં ઉમાશંકર જોશી, સૂરેશ જોષી, દિગીશ મહેતા, રતિલાલ 'અનિલ' જાણીતા છે.

આ વિશ્વમાં જ્યારે કશું જ ન હતું ત્યારે અવકાશમાં વાયુ અને રજકણ ચક્કર ચક્કર ફરતાં હતાં. એ ગતિને કારણે અગ્નિ, તેજ પેદા થયાં. એની ગતિ ઓછી થતાં વાયુ ઠંડો થયો. પાણી બન્યું. રજકણ એકઠાં થઈ ચોંટી જતાં માટી બની. એમાંથી જ તારા, ગ્રહો, નિહારિકા સર્જાયાં. આપણી સૂર્યમાળા સર્જાઈ. પૃથ્વી જન્મી. પૃથ્વી પર જીવ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી.

વિજ્ઞાનની આવી મહત્ત્વની વાત આ લલિત નિબંધમાં સરળ શબ્દોમાં રજૂ કરાઈ છે. માટી સાથેનો વ્યક્તિનો સંબંધ સંવેદનપૂર્વક આલેખાયો છે. માનવજીવનમાં માટીનું મહત્ત્વ રજૂ થયું છે. માટીમાંથી જન્મેલો માણસ આખરે માટીમાં ભળી જાય છે. કલ્પનાઓ અને ભાષાની લીલા પણ તમને આ નિબંધમાં જોવા મળશે.

સમજણની પાંખ ફૂટી તે પહેલાંથી માટી સાથે જોડાયેલો છું. દાંત નહોતા ફૂટયા ત્યારથી માટી ખાતાં શીખ્યો છું. ભાંખોડિયાં ભરતાં અને પાપા પગલી ચાલતાં પણ માટીમાં જ શીખ્યો. થોડા મોટા થયા પછી ભીની થયેલી માટીમાં પડેલાં પગલાંની હારને નિહાળવાનો આનંદ લૂંટ્યો છે. મારા ખેતરમાં પગ મેલું કે એની માટીએ વહાલથી મને ઊંચકી લીધો છે. ખેતરની ચિકણી થયેલી માટીએ મારા એના હૈયામાં ઘૂંટણ સુધી ઊતરી ગયેલા પગને જીદથી પકડી રાખ્યા છે.

વરસાદના દિવસોમાં માટીની ગંધનો કેફ ચડતો. વરસાદ તો પછી આવતો, પણ વરસાદ આવી રહ્યો છે તેની વધાઈ ખાતી સુગંધ પહેલાં આવતી. એ ઠંડી ઠંડી તાજી તાજી મહેક આખા અસ્તિત્વને ભર્યું ભર્યું કરી મેલતી. નહાતો માટીમાં, ખાતો માટીમાં. માટીમિશ્રિત પાણીનો સ્વાદ હજુ જીભ ઉપર બેઠો છે જ્યારે જ્યારે નવી ઢોચકીનું પાણી પીવા મળે ત્યારે એ સ્વાદ જીવતો થાય.

માટીખાણે મા સાથે માટી લેવા ગયો છું. માટીનું તગારું માથે ચડાવી કોસ-બે કોસ ચાલ્યો છું. એ માટીમાં છાણ-પાણી ભેળવી બનાવેલી ગાર ખૂંદી છે. માની સાથે એ ગારમાં ઓકળીઓ પાડી છે. રિસાઈ જતો ત્યારે આળોટ્યો છું માટીમાં. એ એના ઉપર માટી ચડાવીને થેપી છે એ માટીનાં ઘર બનાવ્યાં છે. માટીથી ઘર શણગાર્યાં છે. માટીનાં રમકડાં બનાવ્યાં છે. માટીના મહાદેવ, માટીના નાગદેવતા, માટીનાં શીતલામાતા, માટીમાં ગોર્યમા, ચકલી, કબૂતર, મોર, પોપટ, ગાલ્લી, આડણીઓ, વેલણ બધું માટીનું. રોટલો ય માટીનો ને કલાડી ય માટીની. સગડીય માટીની ને ચૂલો ય માટીનો. માટીની જ બધી માયા.

બાળપણમાં માટીમાં જ લીટીઓ તાણતાં શીખ્યો છું. ત્રિકોણ અને ચોરસ, લંબચોરસ અને વર્તુળ એવાં નામ તો શિક્ષકે શીખવ્યાં પણ તે પહેલાં એ બધાંનો પરિચય માટીએ કરાવેલો. એકડો પાડતાં શીખ્યો તે પણ માટીમાં અને કક્કો-બારાખડી ઘૂંટ્યાં એ પણ માટીમાં.

ખાનાં પાડી ઘણી રમતો માટીમાં રમ્યો છું. માટીમાં જ ગિલ્લી-દંડા અને હુતુતુ ખેલ્યા છે. માટીમાં લાંબા કૂદકા માર્યા. માટીમાં જ હાર્યો છું અને માટીમાં જ જીત્યો છું. માટીએ લાડ લડાવ્યાં છે. માટીને ખોળે ઉછર્યો છું.

માટીના કેટકેટલા રંગ જોયા છે ! કાળી માટી, રાતી માટી, ભૂખરી માટી ! બાપા ખેતરમાં માટીને ઉપરતળે કરતા અને બે-ત્રણ મહિનામાં તો એ માટી લીલીછમ બનીને લહેરાઈ ઊઠતી. એ જ માટી આંબા ઉપર મ્હેકવા માંડતી.

પગનાં તળિયાં બળે તો ભીની માટીએ બળતરા મટાડી છે. ચામડીના રોગો એણે મટાડ્યા છે. માથું દુઃખે ત્યારે તેને માથે બાંધી છે. તાવ આવે ત્યારે એને પેટે બાંધી છે. આંખ આવી હોય ત્યારે આંખે બાંધી છે.

હવે થોડું થોડું સમજાય છે કે હું પણ પેલા ઉપરવાળાનું માટીનું રમકડું જ છું. કદાચ આ આખું જગત પણ....

## ટિપ્પણ

**મહેક** - સુગંધ, સુવાસ **ઢોચકી** - નાની માટલી, ઘડો **માટીખાણ** - માટીની ખાણ **તગારું** - છાબડા આકારનું લોખંડનું બનેલું પાત્ર **ગાર** - ભીની માટી અને છાણાંનું મિશ્રણ **ઓકળી** - લીંપણમાં આંગળીઓથી પાડેલી ભાત

## રૂઢિપ્રયોગ

**ભાખોડિયાં ભરવાં** - કાર્ય કે પ્રવૃત્તિનો આરંભ કરવો (શીખવું) (શીખવાની શરૂઆત કરવી)
**લાડ લડાવવાં** - ખૂબ વ્હાલ કરવું
**કેફ ચડવો** - નશો ચડવો
**વધાઈ ખાવી** - ખુશીના સમાચાર આપવા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખકે ક્યારથી માટી ખાવાનું શરૂ કર્યું હતું ?
2. લેખકને શાનો કેફ ચડતો હતો ?
3. વરસાદ પડે એ પહેલા કોણ આવી પહોંચે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. લેખકે માટીમાંથી કઈ કઈ વસ્તુઓ બનાવી હતી ?
2. લેખકને ભણવામાં માટી શી રીતે મદદરૂપ બની ?
3. જુદાં જુદાં રોગોનો ઉપચાર કરવામાં લેખકે માટીનો કેવી રીતે ઉપયોગ કર્યો હતો ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. લેખક પોતાને ઉપરવાળાનું માટીનું રમકડું શા માટે કહે છે ?
2. તમે માટીની મહેકનો અનુભવ કયારે કયારે કર્યો છે ?
3. આપણે બધા ભગવાનનાં રમકડા છીએ એવું કહી શકાય ? શા માટે ?
4. લેખકનો માટીપ્રેમ વર્ણવો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દો લખો.**

હૈયું, કેફ, મા, આંખ, ચામડી

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

સુગંધ, બાળપણ, હાર, ભગવાન

**આટલું કરો**

1. માટીનું કોઈ એક રમકડું બનાવીને વર્ગખંડમાં રજૂ કરો.
2. વર્ષાઋતુના પહેલા વરસાદ વખતે તમને થતી 'માટીની મહેક'નો અનુભવ લખી વર્ગખંડમાં વાંચી સંભળાવો.

•

## વ્યાકરણ

# સંધિ

તમે જાણો છો કે જ્યારે બે શબ્દ પાસે આવે ત્યારે પહેલા શબ્દના છેલ્લા અક્ષર અને બીજા શબ્દના પ્રથમ અક્ષરમાં ઉચ્ચારણ સંદર્ભે પરિવર્તન – તે સંધિ એટલે કે સંધિ એ 'બોલવા' - નો વિષય છે.

આપણે પુનરાવર્તન કરીએ ? નીચેના વાક્યો વાંચો, આ વાક્યોમાં સંધિ છે. તમે ઓળખી શકશો ?

1. મેં અને તારી બાએ સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી.
2. રિક્ષાવાળાની સહાનુભૂતિ સમજી શકાય એવી હતી.
3. ગાંધીજીએ સૌ પ્રથમ સત્યાગ્રહના હથિયારનો ઉપયોગ કર્યો.
4. એ જ મને કહેતો હતો કે વિદ્યાધિકારીના હેડકલાર્ક છે.
5. સામે જ નગાધિરાજ હિમાલય તેની અનુપમ સુંદરતા સાથે ઊભો હતો.

ઓળખી શક્યો? ચાલો, સાથે જોઈએ :

1. સ્વેચ્છા, 2. સહાનુભૂતિ, 3. સત્યાગ્રહ, 4. વિદ્યાધિકારી, 5. નગાધિરાજ, હિમાલય, અનુપમ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | સ્વેચ્છા | - | સ્વ | + | ઇચ્છા |
| 2. | સહાનુભૂતિ | - | સહ | + | અનુભૂતિ |
| 3. | સત્યાગ્રહ | - | સત્ય | + | આગ્રહ |
| 4. | વિદ્યાધિકારી | - | વિદ્યા | + | અધિકારી |
| 5. | નગાધિરાજ | - | નગ | + | અધિરાજ |
| | હિમાલય | - | હિમ | + | આલય |
| | અનુપમ | - | અન | + | ઉપમ |

ચાલો તો કેટલીક સંધિ જોઈએ. તમે ધ્યાનપૂર્વક વાંચીને વિગ્રહ સમજો. તેના દ્વારા તમારી ભાષાસજ્જતા કેળવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કૃષ્ણાર્જુન | કૃષ્ણ | + | અર્જુન | ગુણાધીશ | ગુણ | + | અધીશ |
| ન્યાયાધીશ | ન્યાય | + | અધીશ | દેશાભિમાન | દેશ | + | અભિમાન |
| રામાયણ | રામ | + | અયન | રામાવતાર | રામ | + | અવતાર |
| લક્ષાધિપતિ | લક્ષ | + | અધિપતિ | શ્વેતાંબર | શ્વેત | + | અંબર |
| દેવાલય | દેવ | + | આલય | સ્વાર્થ | સ્વ | + | અર્થ |
| ઉપાહાર | ઉપ | + | આહાર | કાર્યાલય | કાર્ય | + | આલય |
| ગજાજન | ગજ | + | આનન | ગોળાકાર | ગોળ | + | આકાર |
| જીવાત્મા | જીવ | + | આત્મા | નિત્યાનંદ | નિત્ય | + | આનંદ |
| પરમાત્મા | પરમ | + | આત્મા | પ્રારંભ | પ્ર | + | આરંભ |
| રસાત્મા | રસ | + | આત્મા | વાતાવરણ | વાત | + | આવરણ |
| નાસ્તિક | ન | + | આસ્તિક | સિંહાસન | સિંહ | + | આસન |
| સ્વાધીન | સ્વ | + | આધીન | હતાશા | હત | + | આશા |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| હર્ષાવેશ | હર્ષ | + | આવેશ | પુસ્તકાલય | પુસ્તક | + | આલય |
| શાળોપયોગી | શાળા | + | ઉપયોગી | મદોન્મત | મદ | + | ઉન્મત |
| અથેતિ | અથ | + | ઈતિ | નેતિ | ન | + | ઈતિ |
| રમેશ | રમા | + | ઈશ | યોગેશ | યોગ | + | ઈશ |
| સુરેન્દ્ર | સુર | + | ઈન્દ્ર | પુત્રૈષણા | પુત્ર | + | એષણા |
| દિગંબર | દિક | + | અંબર | સંરક્ષણ | સમ્ | + | રક્ષણ |
| વિદ્યાલય | વિદ્યા | + | આલય | બ્રહ્માનંદ | બ્રહ્મા | + | આનંદ |
| આજ્ઞાધીન | આજ્ઞા | + | અધીન | ભાષાંતર | ભાષા | + | અંતર |
| વિદ્યાર્થી | વિદ્યા | + | અર્થી | ચિંતાગ્નિ | ચિંતા | + | અગ્નિ |
| યથેષ્ટ | યથા | + | ઈષ્ટ | અગ્ન્યાસ્ત્ર | અગ્નિ | + | અસ્ત્ર |
| અત્યંત | અતિ | + | અંત | પર્યટન | પરિ | + | અટન |
| વ્યતિરેક | વિ | + | અતિરેક | પરીક્ષા | પરિ | + | ઈક્ષા |
| ગિરીશ | ગિરિ | + | ઈશ | પૃથ્વી | પૃથુ | + | ઈ |
| સિંધૂર્મિ | સિંધુ | + | ઊર્મિ | સૂક્તિ | સુ | + | ઊક્તિ |
| અન્વેષણ | અનુ | + | એષણ | પરમેશ્વર | પરમ | + | ઈશ્વર |
| માત્રર્પણ | માતૃ | + | અર્પણ | માત્રર્થે | માતૃ | + | અર્થે |
| પિત્રાદેશ | પિતૃ | + | આદેશ | સદ્ભાવના | સત્ | + | ભાવના |
| જગદીશ | જગત | + | ઈશ | સદ્ગતિ | સત્ | + | ગતિ |
| વિદ્યુલ્લેખા | વિદ્યુત | + | લેખા | તલ્લીન | તત્ | + | લીન |
| જગન્નાયક | જગત | + | નાયક | ચિન્મય | ચિત્ | + | મય |
| તન્મય | તત્ | + | મય | સન્મતિ | સત્ | + | મતિ |
| વાઙ્મય | વાક્ | + | મય | ઉચ્ચારણ | ઉત્ | + | ચારણ |
| સજ્જન | સત્ | + | જન | ઉચ્છવાસ | ઉત્ | + | શ્વાસ |
| ઉદ્ધાર | ઉત્ | + | ધાર | ઉચ્છૃંખલ | ઉત્ | + | શૃંખલ |
| સંધિચ્છેદ | સંધિ | + | છેદ | આચ્છાદન | આ | + | છાદન |
| અનુચ્છેદ | અનુ | + | છેદ | સંચય | સમ્ | + | ચય |
| સંકલ્પ | સમ્ | + | કલ્પ | સંબંધ | સમ્ | + | બંધ |
| સંપૂર્ણ | સમ્ | + | પૂર્ણ | સંમતિ | સમ્ | + | મતિ |
| દુર્જન | દુઃ | + | જન | દુશ્ચક્ર | દુઃ | + | ચક્ર |
| દુર્ગંધ | દુઃ | + | ગંધ | નિર્દય | નિઃ | + | દય |
| ધનુર્ધર | ધનુઃ | + | ધર | ધનુર્વિધા | ધનુઃ | + | વિદ્યા |
| દુરાગ્રહ | દુઃ | + | આગ્રહ | દુરાચાર | દુઃ | + | આચાર |
| નિરાકાર | નિઃ | + | આકાર | નિશ્ચિંત | નિઃ | + | ચિંત |
| દુષ્કાળ | દુઃ | + | કાળ | નિષ્કપટ | નિઃ | + | કપટ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| નિઃશબ્દ | નિઃ + | શબ્દ | | ચતુષ્કોણ | ચતુઃ + | કોણ |
| ચતુષ્પાદ | ચતુઃ + | પાદ | | ધનુષ્ટંકાર | ધનુઃ + | ટંકાર |
| પુનરુદ્ધાર | પુનઃ + | ઉદ્ધાર | | નિસ્તેજ | નિઃ + | તેજ |
| અધોગતિ | અધઃ + | ગતિ | | નીરવ | નિઃ + | રવ |
| નીરસ | નિઃ + | રસ | | નીરોગી | નિઃ + | રોગી |
| મનોહર | મનઃ + | હર | | શિરોમણિ | શિરઃ + | મણિ |
| સરોજ | સરઃ + | જ | | નાવિક | નૌ + | ઈક |
| પવન | પો + | અન | | પાવક | પો + | અક |

આ સંધિ તો વાંચો જ. પણ સાથોસાથ પાઠના આરંભે કેટલાંક વાક્યોમાં આપ્યાં છે તેમ તમારા પાઠ્યપુસ્તકમાંથી પણ સંધિશબ્દો શોધવા અને તેનો વિગ્રહ કરવો તે સંધિના દઢીકરણ માટેનો સચોટ ઉપયોગ છે.

# 8. એમ કરું તો હું માણસ શાનો ?



**મોહનલલાલ પટેલ**

**જન્મ : ૩૦-૪-૧૯૨૭**

મોહનલાલ પટેલનો જન્મ ૨૫ એપ્રિલ, ૧૯૨૭, પાટણમાં થયો હતો. તેમના માતા જેઠીબેન, પિતા બાબાઈદાસ અને પત્ની હીરાબેન (લગ્ન ૧૯૪૫, કહોડા - સિદ્ધપુર) હતાં. તેમને કુલ ચાર સંતાન હતાં. તેમણે ૧૯૪૩માં મેટ્રિક, ૧૯૪૭માં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાતે મુંબઈ યુનિ.માંથી બી.એ. ૧૯૫૫ ગુજરાત યુનિ.માંથી બી.એડ અને ૧૯૬૧માં ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે એમ.એ. કરેલ.

વ્યવસાયે અમદાવાદની આર્ટ્સ કોલેજમાં અધ્યાપન કાર્ય છોડી કડીની શાળામાં પુનરાગમન. ઉમાશંકર જોશી સાતે ગાઢ મૈત્રી અને ભોળાભાઈ પટેલ એમના શિષ્ય હતા. ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના પ્રખર પુરસ્કર્તા. સર્વપ્રથમ ટૂંકી વાર્તા ‘બહાદર’ ૧૯૪૯, સપ્ટેમ્બરના ‘નવચેતન’માં પ્રકાશિત થઈ. ભારત ઉપરાંત અમેરિકા, કેનેડામાં ઘણી વખત પ્રવાસ કર્યો છે. ચિત્રકળા, શાસ્ત્રીય વાદ્યસંગીતના શોખીન. તેમની મુખ્ય રચનાઓમાં નવલકથા - હેતનાં પારખાં, અંતિમ દીપ, સાંજ ઢળે, પંખી કોઈ ઘટામાં, ભાસ-આભાસ, વાર્તાસંગ્રહ - રસ્તા, મોટી વહુ, પ્રત્યાલેખન, ક્રોસરોડ, લઘુકથા સંગ્રહ - ઝાકળમાં સૂરજ ઊગે, વિવેચન - ટૂંકી વાર્તા - મીમાંસા. તેમને ૧૯૮૪માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ગુજરાત રાજ્યનો એવોર્ડ મળેલો.

બહુ મોટી બસો-પાંચસો પાનાંની તે નવલકથા, તેથી નાની સો-દોઢસો પાનાંની તે લઘુનવલ, પાંચ-દસ પાનાંની તે ટૂંકી વાર્તા અને માંડ એકાદબેપાનાની તે લઘુકથા એવી સાદી સમજ છે.

પણ લઘુકથા એ ટૂંકીવાર્તાનું લઘુ સ્વરૂપ છે. એવું માની શકાય નહીં. એ એક સ્વતંત્ર સાહિત્યપ્રકાર છે. એનો કલાઘાટ અથવા કલાસ્વરૂપની વિશેષતાઓ તારવી-સમજી શકાય છે.

ટૂંકીવાર્તામાં કોઈ રહસ્યમય, બોધદાયક, રસ પડે એવો જીવનપ્રસંગ કલ્પનાના રંગે રંગાઈ અસરકારક રીતે આવે છે. લઘુકથામાં આવો પ્રસંગ હોય તો ય એમાંની એક પરિસ્થિતિ ઉપર જ લેખક કેન્દ્રિત થવા માગે છે. વાચકને પરિસ્થિતિમાંથી જીવનનો ચમત્કાર, જીવનનું રહસ્ય પોતાના અનુભવમાં આવેલી એવી જ પરિસ્થિતિ સાથે સરખાવીને સમજતો માણસો કરવાનો લેખકનો આશય હોય છે. જીવનની ઘટમાળમાંથી ઉપાડી લીધેલા અથવા ચીંધેલા કોઈએક મણકાનું મૂલ્ય કેટલું બધું છે તે લેખક દર્શાવે છે. જીવનની સમગ્ર સંવેદનાના અર્કનું એ એક માત્ર બિન્દુ જ હોય છે. તેને ચાખતાં જ વાચકનું હૃદય રણઝણી ઊઠે, ઝંકૃત થઈ જાય. પોતાના એવા જ કોઈ અનુભવ સાથે તેનું અનુસંધાન સધાતાં તેના હૃદય-મન ઉપર ઊંડી અસર થાય. ટૂચકા કે રમૂજ કરતાં એ જુદી છે કારણ કે એમાં તર્કની, કટાક્ષની, મનોરંજનની વાત નથી, માત્ર માનવસંવેદન, ઊર્મિ, લાગણીને સ્પર્શ કરવાની વાત હોય છે.

ગુજરાતી સાહિત્યમાં શ્રી મોહનલાલ પટેલ ઉપરાંત શ્રી ઈશ્વરભાઈ પરમાર લઘુકથાના જાણીતા લેખક છે.

ગરીબ માણસ પણ માણસાઈ બતાવી શકે છે. પ્રસંગને લેખકે પોતાની રીતે રજૂ કરીને લઘુકથાની ચોટ આપી છે. એક નાનકડો પ્રસંગ અથવા એક સામાન્ય પરિસ્થિતિ કઈ રીતે લઘુકથાનો કલાત્મક ઘાટ ધારણ કરે તે અહીં દેખાય છે. રિક્ષાવાળાએ પેલાં બહેનને તો રસ્તો બતાવ્યો જ પણ લેખકને અને આપણને સૌને રસ્તો બતાવ્યો એ પણ સમજો.

મારા બંગલાની સામે એક રિક્ષા આવીને અટકી. રિક્ષામાંથી કોણ ઊતરે છે એ જોવા મેં એ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. રિક્ષામાં પ્રૌઢ વયની એક મહિલા બેઠેલી હતી. એ પોતે રિક્ષામાંથી ઊતરી નહીં. પણ રિક્ષાવાળો મારી પાસે આવ્યો એણે પૂછયું : 'અહીં ડૉ. મહેતા ક્યાં રહે છે ?'

'ખબર નથી ભાઈ, બીજા કોઈને પૂછો' મેં જવાબ આપ્યો.

રિક્ષાવાળો બોલ્યો, 'સોસાયટીમાં અડધા કલાકથી આ બહેનને ફેરવું છું. કોઈ ડૉ. મહેતાની ભાળ આપતું નથી. મહેતા આ સોસાયટીમાં જ રહે છે. ડૉક્ટર છે. ડૉક્ટર જેવા માણસને કોઈ જ ન ઓળખતું હોય એ કેવું ?'

'અહીં તો પચાસ ઉપરાંત ડૉક્ટર રહે છે.

તમારી પાસે પૂરું સરનામું છે ?' મેં એને કહ્યું.

'બંગલા નંબર, લેન નંબર...'

આ સંવાદ ચાલતો હતો એ વખતે પેલી મહિલા મારી પાસે આવી. કાગળના એક ટુકડામાં લખેલું સરનામું એણે મારી સામે ધર્યું. સરનામામાં માત્ર ડૉ. મહેતા, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ એટલું લખેલું.

સત્યાગ્રહ છાવણી એટલે સેટેલાઈટ રોડ પર ભાવનિર્ઝર મંદિરથી માંડીને ગાંધીનગર-સરખેજ હાઈવે સુધીનો વિસ્તાર. એમાં સાડા પાંચસો કરતાં વધારે સંખ્યામાં પ્લોટ છે.

રિક્ષાવાળાએ કહ્યું : ''આપ ડૉ. મહેતાની ભાળ મેળવવામાં મદદ કરો.''

મેં કહ્યું : 'ડૉ. મહેતાની ભાળ બાબતમાં હું પણ તમારા જેવો અજાણ્યો છું.'

'બહેન દૂરથી આવ્યાં છે, એકલાં છે, મૂંઝાય છે. હું તો મારી રીતે એમને ફેરવી ચૂક્યો. તમે કંઈ મદદ કરો.'

રિક્ષાવાળાની સહાનુભૂતિ સમજી શકાય એવી હતી. મેં કહ્યું, 'ચાલો, હું તમારી સાથે આવું છું.'

હું રિક્ષામાં બેઠો. સોસાયટીના ડૉક્ટરો એક બીજાને જાણતા હોય એ ખ્યાલથી મેં રિક્ષા ૨૧મી લેનમાં એક ડૉક્ટરના બંગલા આગળ લેવડાવી, એ ડૉક્ટર, ડૉક્ટર મહેતાને જાણતા નહોતા. બે ત્રણ જુદી જુદી લેનોમાં રિક્ષા ફેરવ્યા પછી, પૂછપરછ કરતાં કરતાં ડૉ. મહેતાની ભાળ સોસાયટીના પશ્ચિમ છેડા તરફ એક છેવાડાના બંગલામાં મળી.

રિક્ષાવાળાએ પેલી સ્ત્રી પાસેથી ભાડાના ૪૫ રૂપિયા લીધા. આ સ્ત્રી ગીતામંદિરના બસસ્ટેશનેથી રિક્ષામાં બેઠી હતી. હું ઘણીવાર એ બસ સ્ટેશનથી રિક્ષામાં સત્યાગ્રહ છાવણી સુધી આવ્યો છું. આટલા અંતરનું ભાડું ૪૫ રૂપિયા થાય છે. રિક્ષાવાળો કોઈક વાર ૫૦ રૂપિયા માગે છે. આ રિક્ષાએ ભાડાના ૪૫ રૂપિયા લીધા તેની મને નવાઈ લાગી.

પૈસા લીધા પછી રિક્ષાવાળાએ મને કહ્યું : 'રિક્ષામાં બેસી જાઓ સાહેબ, હું તમને તમારા બંગલે ઊતારી ને પછી જઈશ.'

'હું ચાલીને જઈશ' મેં કહ્યું : 'તમે અહીંથી સીધા નીકળી જાઓ.'

'અમે હોય કંઈ ? તમે રિક્ષામાં બેસી જાઓ, સાહેબ.'

રિક્ષામાં બેઠા પછી રસ્તે જતાં મેં રિક્ષાવાળાને પૂછ્યું : 'તમે પેલાં બહેનને ગીતામંદિરના સ્ટેન્ડથી અહીં સુધી લાવ્યાં સોસાયટીમાં પણ ઘણાં ફેરવ્યાં અને ભાડું માત્ર ૪૫ રૂપિયા લીધું. એમ કેમ ? ૪૫ રૂપિયા તો ગીતામંદિરના સ્ટેન્ડથી સોસાયટી સુધીના જ થઈ જાય. એ પછી પણ તમારું મીટર તો કામ કરતું રહ્યું હશે ને ?'

'હું ય માણસ છું. સાહેબ', રિક્ષાવાળો બોલ્યો : 'બસ સ્ટેન્ડથી સોસાયટી સુધીનું જ ભાડું લીધું. પછી જે રિક્ષા ફેરવવી પડી એની વાત જુદી હતી. રસ્તો શોધતા કોઈ માનવીને આપણે રસ્તો બતાવીએ

એનું કંઈ વળતર લઈએ છીએ ? હું બહેનને રસ્તો શોધવામાં મદદ કરતો હતો. એ બહેન એકલાં હતાં, મૂંઝાયેલાં હતાં એ સ્થિતિનો લાભ લઉં ? એમ કરું તો હું માણસ શાનો ?'

રિક્ષામાંથી ઊતર્યા પછી મેં મિનિમમ ચાર્જ ના સાત રૂપિયા રિક્ષાવાળા તરફ ધરતાં કહ્યું : 'આ લઈ લો.'

રિક્ષાવાળો હસ્યો. એણે બે હાથ જોડ્યા. મારો ધરેલો હાથ ધરેલો જ રહ્યો અને એણે રિક્ષા મારી મૂકી.

## ટિપ્પણ

**પ્રૌઢ** - પુખ્ત (ત્રીસથી પંચાવન વર્ષની ઉંમરની વ્યક્તિ) **ભાળ** - ખબર **છેવાડા** - છેલ્લા

## રૂઢિપ્રયોગ

**ભાળ આપવી** - સરનામું (પત્તો) બતાવવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. રીક્ષામાં કોણ બેઠેલું હતું ? તેમની પાસે પૂરું સરનામું હતું ? પૂરું સરનામું કેવું હોય ?
2. રીક્ષાવાળો કોનું ઘર શોધી રહ્યો હતો ?
3. રીક્ષાવાળાને કઈ બાબતની નવાઈ લાગે છે ?
4. બહેનને ઉતાર્યા પછી રીક્ષાવાળો શું કહે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. લેખકને વિનંતી કરતાં રીક્ષાવાળો શું કહે છે ?
2. આખરે ડૉ. મહેતાનું ઘર કેવી રીતે મળ્યું ? પચાસ ઉપરાંત ડૉક્ટરો રહેતા હોય તેવી સોસાયટી કેવી ગણાય ?
3. પિસ્તાળીસ રૂપિયા ભાડું સાંભળીને લેખકને કેમ આશ્ચર્ય થયું ?
4. રીક્ષામાં બેઠા પછી લેખક-રીક્ષાવાળા વચ્ચે થયેલો સંવાદ રજૂ કરો.

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. તમે ભૂલા પડ્યા હો ત્યારે તમને કેવી મૂંઝવણ થાય છે તેનું આલેખન કરો.
2. રીક્ષાવાળાની કઈ બાબત તમને ગમી ? શા માટે ? 'સ્થિતિનો લાભ લેવો' એટલે શું ?
3. આપણે શા માટે બીજાને મદદ કરવી જોઈએ ?

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

મહિલા, મદદ, ઘર, મહેરબાની

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

જવાબ, અજાણ્યું, લાભ

**આટલું કરો.**

1. માનવતારજૂ કરતો કોઈ પ્રેરક પ્રસંગ પ્રાર્થનાસભામાં રજૂ કરો.
2. આ ગદ્યને નાટ્ય સ્વરૂપે વર્ગમાં ભજવો.
3. તમે કોઈને મદદ કરી હોય તે પ્રસંગ તમારા મિત્રને કહો.

## વ્યાકરણ

### સમાસ

મિત્રો, ગયા વર્ષે નવમા ધોરણમાં તમે સમાસ વિશે અભ્યાસ કર્યો હતો. તમે શીખ્યા હતા કે બિનજરૂરી પુનરાવર્તન ટાળવા, લાઘવ સાધવા જે પ્રયુક્તિ યોજાય છે તે સમાસ છે. જ્યારે ભાષાવ્યવહારમાં સમાસ પ્રયોજાય ત્યારે તેનું અર્થઘટન મહત્ત્વનું હોય છે. એટલે કે સમાસને સમજવા માટે ઉપરથી - બહારથી અર્થનું આરોપણ નથી કરવાનું હોતું. પણ તેની રચના વખતે જે વિગતો ટાળવામાં આવી હોય તે અર્થ સમજવાનો હોય છે. આ 'નહીં મૂકાયેલી' વીગતોને ફરીથી મૂકવાની ક્રિયાને 'સમાસવિગ્રહ' કહે છે. સમાસને સમજવા માટે, ઓળખવા માટે વિગ્રહ અનિવાર્ય બાબત છે.

તમે સમાસના વિવિધ પ્રકાર વિશે અભ્યાસ કર્યો હતો. તમને આ સમાસ યાદ છે ? ચાલો, નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી સામાસિક શબ્દ ઓળખો.

1. ષટદર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમિયાપતિ આરાધે રે.
2. ખુલ્લા ખુમચામાં રાખેલી મનોહર વાનગીઓ પર તૂટી જ પડો.
3. આજની આ ગળાકાપ હરિફાઈના જમાનામાં પણ સામૂહિક ખેતી થાય છે.
4. મેં અને તારી બાએ સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી.
5. ત્રિકોણ અને ચોરસ, લંબચોરસ અને વર્તુળ એવાં નામ તો શિક્ષકે શીખવ્યાં.

સામસિક શબ્દ શોધવાના છે. શોધી શક્યા છો ? ચાલો, જોઈએ 1. ઉમિયાપતિ, 2. મનોહર, 3. ગળાકાપ, 4. સ્વેચ્છા, 5. ત્રિકોણ, લંબચોરસ.

તમે સમાસના વિવિધ પ્રકારનો પણ અભ્યાસ કર્યો છે. નીચેનાં વાક્યોમાં અધોરેખા દ્વારા સમાસ દર્શાવવામાં આવ્યા છે. તમે તેનો વિગ્રહ કરી શકશો ?

તમે આગળના વર્ષો દરમિયાન સમાસ અને તેના વિવિધ પ્રકારનો અભ્યાસ કર્યો છે. તમને યાદ હશે કે જ્યારે સમાન વ્યાકરણી મોભો ધરાવતાં બે પદ જોડાય અને તેનો 'અને', 'કે', 'અથવા' થી વિગ્રહ થાય ત્યારે તેને 'દ્વન્દ્વ' સમાસ કહે છે. નીચે આપેલાં વાક્યોમાં દ્વન્દ્વ સમાસ છે. તેને ઓળખીને જુદા તારવો.

1. મૂઠી ધાન સારુ માબાપ છોકરાને વેચે છે ! ....
2. જે રાજાના દિલમાં રૈયતનાં સુખદુઃખનો આવો ખ્યાલ છે તેને અનાજ જરૂર મળી રહેશે...
3. વખારમાંનું બધું અનાજ એનાં ગરીબ ભાઈભાડુંઓનું છે....
4. સૂર્ય ઘઉંચણાના મોલ પર સોનુ છાંટવા લાગ્યો ....
5. આપણામાંથી પાંચપંદર વીરગતિને પામીશું તો ય ક્યાં પરવાહ ? ....

દ્વન્દ્વ સમાસ તો તરત ખ્યાલ આવી ગયો હશે. સમાસ જોઈએ 1. માબાપ - મા અને બાપ, 2. સુખદુઃખ - સુખ અને દુઃખ, 3. ભાઈભાડું - ભાઈ અને ભાડું, 4. ઘઉંચણા - ઘઉં અને ચણા, 5. પાંચપંદર - પાંચ અને પંદર

તત્પુરુષ સમાસ યાદ છે ને ! જે સમાસનું પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિથી જોડાયેલું હોય તેને તત્પુરુષ સમાસ કહે છે. વિભક્તિના પ્રત્યયો જાણતા જ હશો છતાં નીચેના કોઠા દ્વારા ફરી એકવાર યાદ કરી લઈએ ?

વિભક્તિ સંબંધ વિભક્તિપ્રત્યય

દ્વિતીયા    કર્મ    શૂન્ય, -ને
તૃતીયા    કરણ (સાધન)    -થી, વડે
ચતુર્થીતાદર્થ્ય (તે માટે)    માટે
પંચમીઅપાદાન (છુટા પડવું) -થી, થકી, -એ
ષષ્ઠી સંબંધ    -ન- (ઓ,ઈ,ઉ, આ...)
સપ્તમીઅધિકરણ (સ્થાન)    -માં, -એ, પર

જ્યારે સમાસનો યોગ્ય અર્થ મેળવવા માટે વિગ્રહ કરતી વખતે ઉપર કોઠામાં આપેલ વિભક્તિપ્રત્યય પ્રયોજવામાં આવે ત્યારે તેને તત્પુરુષ સમાસ કહે છે. નીચે કેટલાંક વાક્યોમાં તત્પુરુષ સમાસ છે. તેમને ઓળખી તેમનો યોગ્ય વિગ્રહ કરો.

1. વાઘો શોભે કેસરછાંટે રે, બાંધી પાઘડી અવળે પાટે રે
2. રહી મનુજસમૂહે રે વદન કરમાઈ ગયું.
3. સામે જ નગાધિરાજ હિમાલય તેની અનુપમ સુંદરતા સાથે ઊભો હતો.
4. ખેતરશેઢેથી પસાર થતી પગદંડી પર પગલાં પાડતાં.
5. કો' ન જાણે ત્રિભુવનભૂપ રે, વહાલે લીધું વાણિયાનું રૂપ રે.

ચાલો, ઉપરનાં વાક્યોમાંથી તત્પુરુષ સમાસ તારવીએ અને તેનો વિગ્રહ કરીએ.

1. કેસરછાંટે - કેસરના છાંટે
2. મનુજસમૂહ - મનુજ - મનુષ્યનો સમૂહ
3. નગાધિરાજ - નગ (પર્વત)નો અધિરાજ, હિમાલય - હિમનો આલય
4. ખેતરશેઢો - ખેતરનો શેઢો
5. ત્રિભુવનભૂપ - ત્રિભુવનનો ભૂપ.

આ પ્રકારના સમાસ જોઈશું ? નીચે કેટલાક સમાસ આપ્યા છે. તમે તેનો વિગ્રહ કરી શકશો ?


| | | | | |
|---|---|---|---|---|
| દયાપાત્ર | લાગણીવશ | યજ્ઞવેદી | ધનાઢ્ય | વરમાળા |
| ચિંતામુક્ત | અરણ્યવાસ | વિચારમગ્ન | મદોન્મત્ત | સજાપાત્ર |

દ્વન્દ્વ અને તત્પુરુષ સમાસ સ્પષ્ટ છે ને !

# 9. યુવાનો, પાણીપુરી ઝાપટો !

બકુલ ત્રિપાઠી

જન્મ : ૨૭-૧૧-૧૯૨૮




હાસ્યનિંબધકાર, નાટકકાર, જન્મ નડિયાદમાં. ૧૯૪૪માં મેટ્રિક. ૧૯૪૮માં બી.કોમ. ૧૯૫૨માં જમ.કોમ. ૧૯૫૩માં એલએલ.બી, ૧૯૫૩થી એચ.એલ.કોલેજ ઑફ કોમર્સમાં વાણિજયના અધ્યાપક. ૧૯૮૩થી 'ગુજરાત સમાચાર'ની આંતરરાષ્ટ્રીય આવૃત્તિના પરામર્શક તંત્રી. ૧૯૫૧માં કુમાર ચંદ્રક મળેલ. મનુષ્યની અને મનુષ્યના સમાજની આંતરબાહ્ય વિસંગતિઓને અને તેની નિર્બળતાઓને આછા કટાક્ષ અને ઝાઝા વિનોદથી ઝડપતી આ લેખકની મર્મદ્રષ્ટિ હાસ્યનિબંધના હળવા સ્વરૂપને ગંભીરપણે પ્રયોજે છે. આથી જ 'સચરાચર'માં (૧૯૫૫)માં વિષય અને વસ્તુના વૈવિધ્ય સાથે તાજગી છે. 'સોમવારની સવારે' (૧૯૬૬)માં લેખકની વર્તમાન પ્રસંગો પરત્વેની પ્રતિક્રિયા અને સામાજિક સભાનતા ભળેલી છે. ડાયરીપત્રો, સંવાદો જેવા વિવિધ તરીકાઓનો આશ્રય પણ લેવાયો છે. 'વૈકુંઠ નથી જાવું' (૧૯૮૩) નામના એમના લલિતનિબંધોના સંગ્રહમાં અંગતતા અને હળવાશનું વિશિષ્ટ સંવેદન રચાયું છે. 'હોળી' કે 'વૈકુંઠ નથી જાવું' જેવા નિબંધો નોંધપાત્ર છે. 'દ્રોણાચાર્યનું સિંહાસન !' (૧૯૮૫)માં શિક્ષણજગતના એમના સંચિત અનુભવો મૃદુ હાસ્યથી તીવ્ર કટાક્ષ દ્વારા નિબંધિકાઓના સ્વરૂપમાં મુકાયા છે.

'લલિતનિબંધ'ની વાત કરતાં આપણે તેને અંગત નિબંધ તરીકે પણ ઓળખાવ્યો હતો. એમાં અંગત અભિપ્રાયો, ગમા-અણગમા, અંગત અનુભવો આવે. એ ઉપરાંત તેની ભાષા ચમત્કૃતિપૂર્ણ હોય.

આવા 'લલિતનિબંધ' અથવા 'અંગત નિબંધ'નો લખનાર 'હું' એટલે કે લેખક પોતાના અભિપ્રાયો, અંગત ગમા-અણગમા, અંગત માન્યતાઓ કટાક્ષરૂપે, જે હોવું જોઈએ તેનાથી ઊંધું હોવું જોઈએ એવું પૂરવાર કરતાં કરતાં રજૂ કરે. વાચકને હસાવતાં હસાવતાં તેની (એટલે કે વાચકની) મુર્ખામીનું ભાન કરાવે ત્યારે તે હાસ્ય નિબંધ બને.

આમ હાસ્યનિબંધ એ લલિતનિબંધનો એક પેટાપ્રકાર ગણાય. એને ઘણા હળવોનિબંધ અથવા કટાક્ષિકા તરીકે પણ ઓળખાવે છે.

આવા પ્રકારના નિબંધ દ્વારા લેખક ઘણીવાર તો પોતાની અને એ રીતે માણસમાત્રની મુર્ખામી ઉપર હસતો હોય છે. એની કૂટેવો, ખોટી માન્યતાઓ, અભિમાન, કુરિવાજો, સમાજ વિરોધી વર્તન વગેરે વિશે એ હસતાં હસાવતાં વાચકને સભાન કરે છે.

હાસ્યનિબંધો મનોરંજન ઉપરાંત મોટેભાગે સમાજસુધારાનું અથવા વ્યક્તિ સુધારનું કામ કરે છે.

ગુજરાતી સાહિત્યમાં રમણભાઈ નિલકંઠ, જયોતીન્દ્ર દવે, ચિનુભાઈ પટવા જાણીતા હાસ્યનિબંધકારો છે.

આ હાસ્યલેખમાં આપણી કુટેવો ઉપર કટાક્ષ કરવામાં આવ્યો છે. ભારતનાં શહેરોમાં જ નહીં, ગામડાંઓ પણ લારીમાંથી, ખૂમચામાંથી ખુલ્લો ખોરાક ખાવાની ફેશન ચાલે છે. હવે તો નાનાં નગરોમાં પણ ખાઉધરગલી અથવા ખાઉબજાર હોય છે. ચોખ્ખાઈની વાતો કરનારાઓ માટે આ લપડાક છે.

આજે મારે યુવાનોને સંબોધન કરવું છે !

ભારત દેશના વીર યુવાનો ! ગુજરાતના થનગનતા કિશોરો, તરુણો, નવયુવાનો !... તમે બહાદુર છો, સાહસિક છો, સિંહણના સંતાન છો. બેકટેરિયાથી ડરશો નહીં !

ખુલ્લી રાખેલી ધૂળ-વિભૂષિત માખી-સ્પર્શિત પાણીપુરી ઝાપટો યુવાનો ! સડેલા બટાટાના ખોરા તેલમાં તળેલા પણ રંગે રાતામાતા સુગંધ મહોરતા સમોસા પર તૂટી પડો ! વીર યુવાનો ! આપણા બાપાઓ પણ ચાર દિવસના વાસી તીખા તમતમતાં તૈલમરચાં પ્લાવિત ભજિયાં આમ જ આરોગતા ! આપણા પૂજ્ય પિતાશ્રીઓના નામને રોશન કરો યુવાનો ! ડૉક્ટરોની ચેતવણીઓથી ડરશો નહીં !

મ્યુનિસિપલ હેલ્થ ખાતું ડરપોક છે. એના ઑફિસરો બીકણ બિલાડી છે. એના ઈન્સ્પેક્ટરો ભીરુ છે, ગભરુ છે, ચિકનહાર્ટેડ છે !

બેકટેરિયાથી વળી ડરવાનું શું ? મારું વાલું આવડું અમથું બેકટેરિયું નરી આંખે તો દેખાય પણ નહીં, એની તે વળી બીક શી ? બેકટેરિયા પોતે જ ડરપોક છે. એટલે તો પ્રગટ થઈને આપણી સામે આવતું નથી. પાણીપુરીમાં, ભેળપુરીમાં, ચણાપુરીમાં, ભોંયભીતર ભરાઈ રહે છે. એ બેકટેરિયાનાં ડરપોક બચ્ચાંઓ.

બહાર આવો અય બેકટેરિયાઓ, તમારી તાકાત હોય તો ! પ્રગટ થાઓ તમારી માએ શેર સૂંઠ ખાધી હોય તો !

બહાર નહીં આવે, પ્રગટ નહીં થાય એ ક્ષુદ્ર જંતુડાં !

એનાથી વળી આપણે મરદ માણસોએ ડરવાનું શું ?

અરે મહિલાઓ-યુવતીઓ, આપણી બાયુંબેન્યું પણ ડરતી નથી... એ વિરાંગનાઓ તમારે પડખે રહી, શું પાણીપુરી હોય કે શું પાઉંભાજી હોય, એનો ખાતમો બોલાવવા રણે ચડી જ હોય છે રણચંડીઓ !

એ બહાદુર બેનો કૉલેરા, ટાઈફોઈડ, કોલાઈટિસથી નથી ડરતી તો તમે મરદમૂછાળા ડરવાના ?

હમણાં... હમણાંથી આપણે ત્યાં ભારત દેશમાં બેકટેરિયાઓથી ડરવાની ફૅશન આવી છે, પોચા પામર અમેરિકનો પાસેથી એ લોકોએ બેકટેરિયા... બેકટેરિયાની ઈન્ટરનેશનલ બૂમો પાડીને આપણા ભોળા ભારતીય ભાઈઓને ભરમાવી દીધા છે. આપણામાંનાં એવા ઘણાં છે કે જે આ વિધર્મીઓના પ્રચારથી ગભરાઈને જાહેરમાં બણબણતી માખીઓના નૃત્ય વચ્ચે સુગંધી પુષ્પો જેવી શોભતી પાણીપુરીને સ્પર્શી પણ શકતાં નથી. અરે, એવી પાણીપુરીનો ખૂમચો જોઈને ધ્રૂજી ઊઠતા સજ્જનો મેં જોયા છે. શુદ્ધ અમેરિકનો તો ખરા જ, આપણા મા-ભારતીના પુત્રોને પણ !

મારો એક મિત્ર આમ ભારતીય, પણ અમેરિકાથી અહીં ફરવા આવેલો. મેં એમને પૂછ્યું, ''તારી મહેમાનગતી બરાબ્બરની કરવી છે મારે ! પાણીપુરી ખાઈશ ?''

''ના !'' એણે કહ્યું.

''ઝાપટને યાર ! સેવપુરી ?''

''ના ! ના !''

''ભાજીપાઉં ? ફેન્ટેસ્ટિક છે, હોં !''

''ઓહ નો !''

ફેન્ટેસ્ટિક શબ્દ પણ આ ફફડાટિયા ભાઈઓને આકર્ષી શકતો નથી. તમે કલ્પી શકશો અમેરિકન અને પશ્ચિમના બધા જ દેશોના શોષણખોર ડૉક્ટરોએ આ લોકોનાં બ્રેન્સને કેવાં વૉશ કરી દીધાં છે.

"સેન્ડ વીચ ?" હું હવે ડેસ્પરેટ થઈને વીચ શબ્દ પર ભાર મૂકીને, વીચ એટલે ડાકણ એ જાણું છું તેથી જ, એમને ભડકાવવા જ, પૂછું છું ! હવે આ બચાડાઓ આપણો ખોરાક માણી શકવાના નથી એ હું સમજી ગયો છું. હવે હું માત્ર ટીખળ કરવા જ પૂછું છું.

"સેન્ડ.. વીચ્ચ ?"

"એમાં પોટેટો હોય ?"

"ચટણી હોય ! ચટણી સેન્ડ..વિચ્ચ !"

"તાજી કે વાસી ?" એ પૂછે છે.

"એ હું ના જાણું. અમે તાજીવાસીની ભાષા નથી સમજતા." મેં કહ્યું, "અમે તો ખાનદાનીની ભાષા સમજીએ. આ ચટણી ઊંચા ખાનાદાનની છે. ચટણી ઉમેરીને એને મંગળ-બુધે એમ ને એમ જ વેચતા રહીને જે વધ્યું તેમાં ગુરુવારે થોડી નવી અને થોડીક સોમવારવાળી (વાસણમાં ધોવાઈ જવાની જેણે ના પાડી એવી) ચટણી ઉમેરીને... આજે કયો વાર થયો ? રવિવારને ? બસ તો પૂરા સાત સાત દિવસની ખાનદાન વંશપરંપરાની આ ચટણી... શો એનો રંગ ? શી એની સુગંધ ? શો એનો સ્વાદ ? ઓહ યમ યમ યમ યમ યમ..." મેં એને લલચાવવા કહ્યું.

એમના પગ ઢીલા પડી ગયા. કપાળે પરસેવો થવા માંડ્યો. મને કહે, "રિક્ષા ?" મેં કહ્યું, "રિક્ષા નહીં, ચટણી સેન્ડવિચ્ચ..."

"પ્લીઝ, પ્લીઝ રિક્ષા બોલાવો ને !" એ ઢીલા અવાજે ગણગણ્યો. એમને ખાઉબજારમાંથી ઉઠાવી રિક્ષામાં બેસાડીને હું ઘેર લઈ ગયો. ઘેર જઈ ઉકાળીને ઠંડા કરેલા પાણીથી એ નાહ્યા પછી જ જરાક સ્વસ્થ થયા.

હું ખૂબ નિરાશ થઈ ગયો. આ અમેરિકાવાસી ગુજરાતી મિત્રોએ મને અમેરિકામાં શહેરેશહેરમાં ગામેગામમાં ખૂબ ખવડાવ્યું-પીવડાવ્યું અને આજે ? આજે... આજે... મારા ભારત દેશમાં મારા ખાઉબજારમાં મારી પ્રિય રેંકડી પાસે ઊભા રહીને નંગ પાંચ પાણીપુરી પણ ચાખવા તૈયાર નથી. આપણે એમને માત્ર ઉકાળેલું પાણી (ઠંડુ પાડીને) પાઈને જ સંતોષ માનવાનો ?

આપણું હૃદય ભાંગી ન જાય ?

પણ હે ભારતના મારા યુવાન ભાઈઓ અને બેનો... ભલે આ આપણા મૂળ ભારતીય ભાઈબેનોએ આપણી સંસ્કૃતિને છેહ દઈને પાશ્ચાત્ય મૂલ્યો અપનાવી લીધાં હોય, પણ તમે, તમે મારા ભારતવાસી બંધુઓ, તમે ડરપોક ન બનશો.

ઝાપટો ! મંડી જ પડો ! જમાવી જ દો.. ખુલ્લા મેદાનમાં ખુલ્લા ખૂમચામાં રાખેલી મનોહર વાનગીઓ પર તૂટી જ પડો !.. આ તો અનંત યુદ્ધ છે ભારતીય યુવાનો અને ભારતીય બેક્ટેરિયા વચ્ચેનું ! આપણામાંના પાંચપંદર વીરગતિને પામીશું તોય ક્યાં પરવાહ ?

સામા લાખ્ખો બેક્ટેરિયાનો પણ સંહાર થશે જ ને ?

મારાથી હવે રહેવાતું નથી.. મને શહેરની બજારેબજારની પાણીપુરીઓ પોકારી રહી છે કે, અય બકુલ ત્રિપાઠી ! તમે ક્યાં છો ? ક્યાં છો ? અમે તમારી મીઠીમધુરી ખટમધુરી તીખીમધુરી પ્રતિક્ષા કરી રહ્યાં છીએ.. હું મારા અમેરિકાથી આવેલા ડરપોક મિત્રને ગેસ્ટરૂમમાં ઓઢાડી પોઢાડી ઢબૂડીને નીકળી પડું છું... રણમેદાને !... હમ લડેંગે. મરતે મરતે નહીં, લડાઈ મરનેવાલી, અય ! જાન જાયે તો જાયે પર પાણીપુરી.. હો... જાયે !

જયહિંદ !

## ટિપ્પણ

**વિભૂષિત** - શણગારેલું અહીં ચોંટેલું **પ્લાવિત** - સરસ રીતે ખીલેલું **ભીરુ** - ડરપોક **ગાભરું** - ડરપોક **ખોરા** - તેલની વાસ આવે તેવું બેસ્વાદવાળું **ક્ષુદ્ર** - તુચ્છ **બાયુંબેન્યું** - બાઈઓ, બેનો **ખૂમચો** - વેચવાની વસ્તુઓ ભરવાનો છીછરો થાળ **ફફડાટિયા** - ગભરું મનમાં બીક રાખનારાં **બ્રેન્સ** - બ્રેઈન(અંગ્રેજી શબ્દ) મગજ **ટીખળ**- મશ્કરી **રેંકડી** - હાથલારી **પ્રતીક્ષા** - રાહ

## રૂઢિપ્રયોગ

**ની માએ સેર સૂંઠ ખાવી** - હિંમત હોવી, બહાદૂરી હોવી
**રણ ચડવું** - લડાઈ કરવા નીકળવું
**પગ ઢીલા પડવા** - હિંમત હારી જવી
**કપાળે પરસેવો વળવો** - ગભરાઈ જવું
**હૃદય ભાંગી જવું** - દુઃખ થવું
**છેહ દેવો** - દગો દેવો, વિશ્વાસઘાત કરવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખક કોનાથી ડરવાની ના પાડે છે ?
2. લેખક કેવી પાણીપુરી ઝાપટવાની સલાહ આપે છે ?
3. આપણા બાપદાદા પણ કેવા ભજીયા આરોગતા હતા ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. લેખક મહિલાઓને શા માટે 'વિરાંગના' શબ્દથી નવાજે છે ?
2. લેખક બેકટેરિયાથી ડરવાની શા માટે ના પાડે છે ?
3. ભારતીયો કયા કારણથી બેકટેરિયાથી ડરવા લાગ્યા છે ?
4. વિદેશી લોકો શા માટે પાણીપુરી કે સેન્ડવીચ નથી ખાતા ?
5. વિદેશી મિત્રોને શા માટે પરસેવો વળી જાય છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. ધૂળ - વિભૂષિત, માખી-સ્પર્શિત, પાણીપુરી, ચિકનહૉટડ - એ ચાર સમાસ ઓળખાવો.
2. નિબંધમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોી યાદી બનાવો.
3. નિબંધમાં પ્રશ્નવાચક વાક્યો કેટલાં છે ? તેમની યાદી બનાવો. તેમાંથી માહિતી માગનારાં વાક્યો કયાં છે ?

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

તાકાત, પુત્ર, મહેમાનગતિ, કપાળ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

યુવાન, બહાદુર, પ્રગટ, ભોળું, સજ્જન

## આટલું કરો

1. 'આહાર અને આરોગ્ય' વિશે કોઈ ડૉક્ટરનું વ્યાખ્યાન આયોજિત કરવા માટે શિક્ષકને વિનંતી કરો.
2. રોડ પર વેચાતી ખાણીપીણીની વાનગીમાં જોવા મળતી ગંદકી વિશે વર્ગમાં વાત કરો.
3. ગાંધીજી દ્વારા લિખિત 'આરોગ્યની ચાવી' પુસ્તક મેળવીને વાંચો

•

## વ્યાકરણ

### સમાસ

**મધ્યમપદલોપી સમાસ :**

જ્યારે માત્ર વિભક્તિપ્રત્યય જ ઉમેરાય ત્યારે તે તત્પુરુષ સમાસ છે. પરંતુ ક્યારેક યોગ્ય અર્થઘટન મેળવવા માટે માત્ર વિભક્તિપ્રત્યય ન ઉમેરતાં અન્ય શબ્દ કે પદ ઉમેરવાં પડે છે. અર્થાત્ આ સમાસની રચના કરવા માટે વચ્ચેના પદનો લોપ કરવો પડે છે. તેથી તેને મધ્યમપદલોપી સમાસ કહે છે જેમકે,

ટપાલપેટી

આ શબ્દ સાંભળતાં તમે ખરેખર શું સમજો છો ?

ટપાલ અને પેટી ? પેટીમાં ટપાલ ? કદાચ 'ટપાલ માટેની પેટી' એવો વિગ્રહ સાચો લાગે. પણ જો તમે 'ટપાલ નાંખવા માટેની પેટી' એવો વિગ્રહ કરો તો - વધુ સમજાય છે ?

નીચેનું વાક્ય વાંચો :

અ. ચેન્નાઈનું વિમાનમથક પાણીમાં ડૂબી જાય છે.

તેના બદલે જો આમ કહીએ તો -

બ. ચેન્નાઈનું વિમાનના ઉડવા-ઉતરવાનું મથક - સ્થાન પાણીમાં ડૂબી જાય છે.

આ વાક્યો સમજવામાં શો ફેર પડ્યો ? દેખીતી રીતે લાગશે કે બન્ને વાક્યોના અર્થ તો સરખા જ છે. વાક્ય અ.માં ટૂંકામાં ખબર પડી જાય છે અને વાક્ય બ. માં લાંબુંલાંબું લખ્યું છે. ખરેખર, સમાસ ટૂંકામાં વિગત આપે છે, તે વાત સાચી છે. તો વાક્ય બ. માં શું થયું ? તમે જોઈ શકો છો કે વાક્ય અ.માં 'વિમાનમથક' કહેતાં જ મનમાં જે અર્થ સમજાય છે, તે મેળવવા માટે વાક્ય બ. માં પદ ઉમેર્યાં છે. વાક્ય બ માં અપાયેલ વિગત તે ખરેખર તો આપણને સમજાતી વિગત છે. અર્થાત્ જે સમાસની રચના વખતે તેનાં વચ્ચેનાં પદોનો લોપ થાય તેવા આ સમાસને મધ્યમપદલોપી સમાસ કહેવાય છે. અન્ય ઉદાહરણ જોવાથી આ સમાસ વધુ સ્પષ્ટ થશે.

કલ્પવૃક્ષઃ કલ્પના - ઈચ્છા મુજબનું આપનાર વૃક્ષ

આવકવેરો - આવક ઉપર ભરવો પડતો વેરો

સિંહાસન - સિંહ આકારનું આસન

હાથરૂમાલ - હાથમાં રાખવાનો રૂમાલ

ધારાસભા - ધારા - કાયદા ઘડવા માટેની સભા

તમને મધ્યમપદલોપી સમાસ સમજાયો ? ચાલો, ખાતરી કરીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં મધ્યમપદલોપી સમાસ છે. તેને ઓળખો અને તેનો યોગ્ય વિગ્રહ કરો.

1. રાજા જગડુશાનો હાથ પકડી રાજગાદી તરફ દોડી જાય છે. ....
2. દરેકે દરેક વખારની અંદર ભીંતપત્ર પર તાંબાપતરામાં લેખ લખાવીને જડાવેલો છે. ...

3. કલેક્ટરે જળસ્રોતો પર કલમ ૧૪૪ લગાવી છે. ....

4. શેરડીની ખેતી કરીને ભૂજળ બધું જ ખેંચી લીધું છે. ....

5. જાણે પરીઓનું ક્રીડાંગણ. ...

આ વાક્યોમાં રહેલા સામસ ઓળખી શકયા ? જુદા તારવ્યા ? ચાલો, સાથે જોઈએ.. 1. રાજગાદી, 2. ભીંતપત્ર, 3. જળસ્રોત, 4. ભૂજળ, 5. ક્રીડાંગણ

હવે, તમે વિચારો કે આ સમાસના યોગ્ય અર્થ મેળવવા કેવી રીતે વિગ્રહ કરશો ? ચાલો, વિગ્રહ કરીએ.

રાજગાદી - રાજાને બેસવા માટેની વિશેષ ગાદી

ભીંતપત્ર - ભીંત પર લગાવેલ કે લખાયેલ પત્ર

જળસ્રોત - જળ મેળવવા માટેના સ્ત્રોત

ભૂજળ - જમીનમાં રહેલું પાણી

ક્રીડાંગણ - ક્રીડા કરવા માટેનું આંગણું

**દ્વિગુ સમાસ :**

જ્યારે સમાસનું પહેલું પદ સંખ્યાવાચક વિશેષણ હોય અને બીજું પદ તેનું વિશેષ્ય - સંજ્ઞા હોય ત્યારે તે દ્વિગુ સામસ તરીકે ઓળખાય છે. નીચે આપેલા સમાસ જુઓ :

આ સમાસની વિશેષતા એ છે કે તે હંમેશા સમૂહનો નિર્દેશ કરે છે અને એકવચનમાં પ્રયોજાય છે. જેમકે, ‘ચોમાસું’ - ચાર માસનો સમૂહ - કેરળમાં ચોમાસું બેઠું.

અન્ય ઉદાહરણ જોતાં આ સમાસ વધુ સ્પષ્ટ થશે.

પંચામૃત - ઘી, દૂધ, દહી આદિ પાંચ અમૃતનો સમૂહ

ત્રિભુવન - ત્રણ ભુવનનો સમૂહ

ત્રિલોક - ત્રણ લોકનો સમૂહ

પંચવટી - પાંચ વડનો સમૂહ

ષટ્કોણ - ષટ્ - છ કોણનો સમૂહ

સપ્તાહ - સપ્ત (સાત) અહ્ન (દિવસ)નો સમૂહ

નવરાત્રિ - નવ રાત્રિનો સમૂહ

તમને દ્વન્દ્વ, તત્પુરુષ, મધ્યપદલોપી તથા દ્વિગુ સમાસ પણ સમજાઈ ગયા હશે.

નીચે કેટલાક મધ્યમપદલોપી અને દ્વિગુ સમાસ આપ્યા છે. તેનો વિગ્રહ કરો અને તેને આધારે પ્રકાર ઓળખાવો.

સપ્તર્ષિ, ઘરજમાઈ, ટિકિટબારી, ત્રિકોણ, પંચેન્દ્રિય
લોકગીત, સપ્તપદી, વરાળયંત્ર, શતાબ્દી, આમંત્રણપત્રિકા

આ સમાસનો વિગ્રહ કરવો અને તેથી ઓળખવા સહેલા છે ને !

# 10. વેલી ઑફ ફલાવર્સ



**બેલા ઠાકર**

**જન્મ : ૨૬-૪-૧૯૬૩**

બેલાઠાકર વ્યવસાયે પત્રકાર છે. તેમનો જન્મ અમદાવાદમાં ૨૬ એપ્રિલ, ૧૯૬૩ના રોજ થયો. પિતા : મહેશ ઠાકર. માતા : જયવિદ્યાબેન. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી સાહિત્યમાં તેમ જ ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરી છે. પત્રકાર તરીકેની પચ્ચીસ વર્ષની સુદીર્ઘ કારકિર્દી દરમિયાન તેઓ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા (ગુજરાતી), ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર વગેરે અખબારોમાં કામ કરી ચૂક્યાં છે. હાલ તેઓ અમદાવાદથી પ્રકાશિત થતાં ગુજરાતી દૈનિક 'નવગુજરાત સમય'માં આસિસ્ટન્ડ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. તેમણે મહિલાઓના પ્રશ્નો અને સમસ્યાઓ પર વિશેષ ખેડાણ કર્યું છે અને આ વિષય પર ઘણા લેખો લખ્યાં છે. તેમને પ્રવાસનો ખૂબ જ શોખ છે. તેમણે દેશ-વિદેશમાં અનેક પ્રવાસ કર્યા છે અને વિવિધ ગુજરાતી સામયિકો તથા અખબારોમાં તેમના પ્રવાસલેખો પ્રકાશિત થયા છે. તેમણે પાંચ પુસ્તકો લખ્યાં છે, જેમાં 'નારી પ્રતિભાઓ', 'સાંપ્રત સમયમાં નારી', 'સંતાન ઘડતરના પડકારો' વગેરે મુખ્ય છે. તેમના પુસ્તક 'નારી પ્રતિભાઓ'ને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે.

'લલિતનિબંધ'ની જેમ પ્રવાસનિંબધ પણ અંગત નિબંધ હોય છે. પ્રવાસ નિબંધને લલિતનિબંધનો પેટાપ્રકાર પણ ગણી શકાય.

અંગત નિબંધ જ્યારે પ્રવાસનિબંધરૂપે આવે ત્યારે લેખક પોતે કરેલા પ્રવાસને પોતાની નજરે રજૂ કરે છે. એમાં એનાં અંગત નિરીક્ષણો, પોતાના અનુભવો એ અનુભવો ઉપરના અભિપ્રાયો કાવ્યમય અથવા શણગારાયેલી અસરકારક ભાષામાં રજૂ થાય છે.

એમાં પ્રવાસ કેન્દ્રમાં હોય છે એટલો જ લેખક પણ કેન્દ્રમાં હોય છે. આ કારણે લેખકે પોતે વાંચેલી કવિતાઓ, નવલકથાઓ, વાર્તાઓ, અન્ય લેખકોનાં આ જ પ્રવાસ વિશેનાં વર્ણનો વગેરે પણ યાદ આવે. તે એમાં અવતરણોરૂપે રજૂ પણ કરે. આ કારણે પોતે જેનાથી પરિચિત નથી એવો વાચક એ બધું વાંચતાં રોમાંચ પણ અનુભવે અથવા ક્યારેક કંટાળો પણ અનુભવે.

પ્રવાસનિબંધો ઘણીવાર માહિતીપ્રધાન નિબંધ પણ બની જતા હોય છે. સામાન્ય રીતે એવા માહિતીપ્રધાન પ્રવાસનિબંધોને સાહિત્યિક નિબંધો ગણવામાં આવતા નથી. આ જ કારણે વિદ્યાર્થીઓએ લખેલા પ્રવાસનિબંધો માહિતીપ્રધાન નિબંધ બની જતાં સાહિત્યિક નિબંધ બનતા નથી.

ગુજરાતી સાહિત્યમાં શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રીમતી પ્રીતિ સેનગુપ્તા પ્રવાસનિબંધો માટે જાણાતાં છે.

પ્રવાસનિબંધ સરળ ભાષામાં છતાં ચોકસાઈથી કઈ રીતે લખી શકાય તેનો આ નમૂનો છે. સમજવા અઘરા પડે તેવા શબ્દો કે વાક્યો વાપર્યા વિના પણ પોતાનાં સંવેદનો અને આનંદને કઈ રીતે રજૂ કરી શકાય તે આ નિબંધ વાંચતાં સમજાશે.

આશરે સાતસો - સાડા સાતસો જેટલા શબ્દોમાં, પંદર પરિચ્છેદમાં લખાયેલો આ એક પ્રમાણમાં ટૂંકો પ્રવાસનિબંધ છે. પ્રવાસ માટેનું કારણ અને નિમિત્ત પહેલા બે પરિચ્છેદમાં છે. પછીના ત્રણ પરિચ્છેદમાં

પ્રવાસ કઈ રીતે કર્યો તેનું વર્ણન છે. આ પાંચે પરિચ્છેદ પ્રવાસવર્ણન માટેની ભૂમિકાની સમજૂતી આપે છે. બીજી રીતે જોઈએ તો ચોથા પરિચ્છેદથી ખરેખરા પ્રવાસસ્થળનો પરિચય થાય છે. છઠ્ઠા પરિચ્છેદથી તો પ્રવાસસ્થળનું સીધું વર્ણન થાય છે. આ વર્ણનમાં પોતાના ઉપર થયેલી અસર, એ અસરને કારણે આવેલા વિચાર, અનુભવેલી લાગણીઓની સાથે એ સ્થળના સૌન્દર્યનો અને ઇતિહાસનો પરિચય અપાયો છે. છેલ્લા ત્રણ પરિચ્છેદમાંસ આ પ્રવાસથી પોતાને જે અંગત લાભ થયો તેની વાત છે અને એ રીતે તેનું સમાપન છે. પ્રવાસવર્ણનનો આવો ઢાંચો અથવા આકાર 'પ્રવાસનિબંધ' તરીકે નમૂનારૂપ ગણાય.

---

બન્યું એવું કે ઈ.સ. ૧૯૩૧માં વર્ષાઋતુ દરમિયાન ફ્રૅંક સ્મિથ નામના એક બોટનિસ્ટ, પર્વતારોહક હિમાલયમાં રસ્તો ભૂલ્યા. કામેત શિખર પરથી પાછા ફરતાં અજાણી ખીણમાં જઈ ચડ્યા. વિવિધ જાતિનાં અધધ ફૂલો ખીલ્યાં હતાં. પગ મૂકવાની જગ્યા નહોતી. તે તો આભા બની ગયા. પાછા ફરી 'વેલી ઑફ ફલાવર્સ' નામે પુસ્તક લખ્યું. દુનિયાને આ અનોખી ખીણની જાણ થઈ. ૧૯૮૨માં ભારત સરકારે આ વિસ્તારને રાષ્ટ્રીય ઉદ્યાન (નેશનલ પાર્ક) જાહેર કર્યો. હવે તો યુનેસ્કોએ તેનો 'વર્લ્ડ હેરીટેજ સાઇટ'માં સમાવેશ કર્યો છે.

જૂન ૨૦૦૯માં એક દિવસ અનાલા (અમદાવાદ નેચર લવર્સ એસોસિએશન)ના સંચાલક, મિત્ર મધુ મેનનનો ફોન આવ્યો. આ ઓગસ્ટમાં એક સુંદર સ્થળે ટ્રેકિંગમાં આવવું છે? 'વેલી ઑફ ફલાવર્સ' ? મન નાચી ઉઠ્યું. તરત જ નામ નોંધાવી દીધું.

ઑગસ્ટના બીજા અઠવાડિયામાં અમારું ૨૩ જણનું ગ્રૂપ ટ્રેન દ્વારા હરિદ્વાર પહોંચ્યું. ત્યાંથી મિની બસમાં જોશીમઠ તરફ રવાના થયું. અઢીસો કિલોમીટર પછી જોશીમઠ આવે. ત્યાંથી જમણી બાજુના રસ્તે બાવીસ કિલોમીટર દૂર ગોવિંદઘાટ જવાય. ત્યાંથી આગળ ચૌદ કિલોમીટર દૂર ઘાંઘરિયા. ચાલતા કે ઘોડા પર જ જવાય. ત્યાંથી વળી ત્રણ કિલોમીટર દૂર 'ફલાવર્સ ઑફ વેલી'. હાથમાં લાકડી અને શરીર પર બરસાતી (રેઈનકોટ જેવો વરસાદી કોથળો) છતાં પડતાં-આખડતાં, પલળતાં, થરથરતાં છ કલાકે ઘાંઘરિયા પહોંચ્યા. બાજુમાં સતત ખળખળ વહેતી જતી લક્ષ્મણગંગા ! રસ્તામાં બોર્ડ હતું : ... પણ હોશ જ કોના હતા ?

ઘાંઘરિયા એટલે 'વેલી ઑફ ફલાવર્સ' - 'ફૂલોની ખીણ' જવા માટેનું બેઝકેમ્પ. અહીં કોઈ ઘર નથી. હોટલ્સ પણ ગણીગાંઠી-ઓછી. એક મોટું ગુરુદ્વાર છે, જે 'ગોવિંદધામ' તરીકે ઓળખાય છે. શીખોનું મોટું તીર્થધામ.

ઘાંઘરિયાથી ફૂલોની ખીણ તરફ જવાના રસ્તે અદ્‌ભુત સૌંદર્ય વેરાયેલું છે. રસ્તાની આસપાસ મનમોહક રમ્ય ફૂલો અને ઉપર હેમકુંડ સરોવરમાંથી ધોધરૂપે વહી આવતી લક્ષ્મણગંગા !

ખીણમાં દાખલ થતાં જ ખળખળ નિનાદ કાને પડ્યો. એ હતી પથ્થરો અને ખડકો વચ્ચેથી વહી જતી પુષ્પાવતી નદી. ચારે બાજુ લીલાછમ પહાડો પરથી વહી આવતાં રમતિયાળ ઝરણાં. વચ્ચે વચ્ચે આકાશમાં દેખાતાં રૂના પોલ જેવાં વાદળાં.

સામે જ ખીણનું વિહંગમ દૃશ્ય દેખાયું. આંખો ચાર થઈ ગઈ. સમગ્ર ખીણમાં સફેદ અને ગુલાબી ફૂલોની જાજમ પથરાઈ હતી. એ જાજમ લગભગ દસ કિલોમીટર લાંબી અને બે કિલોમીટર પહોળી છે. વચ્ચે એક નાનો રસ્તો છે, ચારે બાજુ ફૂલો. જાણવા મળ્યું કે લગભગ ૩૦૦ પ્રકારનાં ફૂલો ખીલે છે. એનેમોનસ, બાલસમ, લીલી, ડેઝીસ, મેરિગોલ્ડ... ગાઈડ ફૂલોની ઓળખાણ કરાવતો જાય. અમે

ફોટા પાડતાં જઈએ. કોઈ કોઈ યાદી પણ કરતા જાય. પણ ક્યાં સુધી ? કાન સાંભળતા બંધ થયા. હાથ લખતાં થાક્યા. બસ, આંખો જ બધું ધરાઈને, મન ભરીને જોતી રહી.

જો પૃથ્વી પર પરીઓ રહેતી હોત તો ખરેખર અહીં જ રહેતી હોત, જાણે પરીઓનું ક્રીડાંગણ.

અહીં કેટલાંક અલભ્ય પ્રકારનાં ફૂલોની સાથે અલભ્ય જડીબુટ્ટીઓ પણ ઊગે છે. ઓળખતાં આવડે તો ઝવેરાત, નહીં તો પથ્થર. કહે છે કે રામ-રાવણ યુદ્ધ સમયે હનુમાનજી સંજીવની જડીબુટ્ટી લેવા અહીં જ આવેલા. આજ દ્રોણાગિરી - આ જ પર્વત ઉપર.

સાંભળ્યું હતું કે પુષ્પાવતી નદીને પેલે પાર તો આનાથી યે સુંદર પુષ્પો ખીલે છે. અને તે તરફ પ્રયાણ આદર્યું ત્યાં ઠંડો પવન ફૂંકાવા માંડ્યો. કાળાં વાદળો ઘેરાવા માંડ્યાં. વરસાદના છાંટા પણ શરૂ થયા. નાછૂટકે અમે ઘાંઘરિયા તરફ પાછા ફર્યાં.

પ્રકૃતિને માતા શા માટે કહી છે તે હવે સમજાયું. પ્રકૃતિના ખોળામાં એવી જ પરમ શાંતિ અને આનંદનો અનુભવ થાય છે. જેવો માતાની ગોદમાં. મન તૃપ્ત થઈ ગયું.

સામે જ નાગાધિરાજ હિમાલય તેની અનુપમ સુંદરતા સાથે ઊભો હતો. કુદરતનાં અને જીવનનાં કંઈ કેટલાંયે રહસ્યો તેની ગોદમાં ગોપિત છે. તે રહસ્યોને પામવા સંતો, ઋષિઓ આ કેડીઓ ખૂંદી વળ્યા છે. કેટલાક ત્યાં સુધી પહોંચ્યા છે, જ્યાં આપણે નથી પહોંચી શક્યા.

પાછા ફરતાં પાછી વળી વળીને એ ફૂલોને નીરખતી રહી. આંખોમાં અને મનમાં ઉતારતી રહી. એની સ્વર્ગીય સુગંધને ઊંડા શ્વાસ લઈને ફેફસાંમાં ભરતી રહી. કોને ખબર, ‘ફૂલોમાં રમતું આ નગર ફરી મળે, ન મળે !’

## ટિપ્પણ

**હોંશ** - ઉત્સાહ **હોશ** - ભાન **નિનાદ** - અવાજ **રૂનાંપોલ** - રૂનો જથ્થો **વિહંગમ** - પંખી **અલભ્ય** - મળવું મુશ્કેલ **પ્રયાણ** - ની તરફ જવું **આદર્યું** - શરૂ કર્યું **ગોપિત** - છુપાયેલું

## રૂઢિપ્રયોગ

**આભા બની જવું** - આશ્ચર્યચકિત થઈ જવું
**આંખો ચાર થઈ જવી** - આશ્ચર્ય પામવું
**મન તૃપ્ત થવું** - સંતોષ થવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ફ્રૅંક સ્મિથે શા માટે પુસ્તક લખ્યું ?
2. ભારત સરકાર અને યુનેસ્કોએ ‘વેલી ઓફ ફલાવર્સ’ માટે શું કર્યું ?
3. ‘વેલી ઑફ ફલાવર્સ’ સાથે કઈ પ્રાચીન કથા જોડાયેલી છે ?
4. ‘વેલી ઑફ ફલાવર્સ’માં કયાં કયાં ફૂલો જોવા મળે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. પ્રકૃતિને શા માટે માતા ગણવામાં આવી છે ?
2. વેલીમાં દાખલ થતી વેળાએ લેખકને શી અનુભૂતિ થાય છે ?

3. વેલીથી પાછા ફર્યા પછી પણ લેખકને શું વિચાર આવે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. લેખના 'વેલી ઑફ ફ્લાવર્સ'ના પ્રવાસમાર્ગનું વર્ણન કરો.
2. 'વેલી ઑફ ફ્લાવર્સ'ને જોતાં જ લેખકને કેવી અનુભૂતિ થાય છે ?
3. લેખક શામાટે 'વેલી ઑફ ફ્લાવર્સ'ને પરીઓનું ક્રિડાંગણ કહે છે ?
4. તમને કયું ફૂલ ગમે ? શા માટે ? જણાવો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

ફૂલ, પર્વત, શરીર, ઘર

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

પૃથ્વી, પહોળું, સુંદર, સ્વર્ગ

**આટલું કરો**

1. તમારા પ્રવાસનું વર્ણન કરતો અહેવાલ તૈયાર કરી પ્રાર્થના સભામાં વાંચી સંભળાવો.
2. પ્રાકૃતિક સ્થળની મુલાકાત લઈ તેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.
3. તમને ગમતા ફૂલ વિશે કવિતા લખી શિક્ષકને બતાવો.

●

## વ્યાકરણ

### નિબંધ

મિત્રો, તમે નિબંધ લખો જ છો. અહીં આપણે થોડી નોંધપાત્ર બાબતો જોઈશું જે તમારા નિબંધને અભિવ્યક્તિક્ષમ અને વધુ ચુસ્ત બનાવી શકે.

- તમે પહેલાં નક્કી કરો કે તમે ક્યા પ્રકારનો નિબંધ વધુ સારી રીતે લખી શકો. તમને ખ્યાલ તો છે જ કે નિબંધ વિવિધ પ્રકારના હોય છે. પ્રકૃતિવિષયક, માહિતીપ્રધાન, ઘટનાપ્રધાન, ચિંતનપ્રધાન, આત્મકથા, પ્રવાસનિબંધ જેવા નિબંધો લખવાના થતા હોય છે.

- તમે જે નિબંધ લખવા માંગો છો તેમાં કઈ કઈ વિગતો આવી શકે, તે વિચારો અને નોંધો. તેના મુદ્દા તારવો. આ મુદ્દાની કાચી યાદી બનાવો. ત્યાર બાદ મુદ્દાની ક્રમિકતા નક્કી કરો. કયો મુદ્દો પહેલાં લેવાથી તમારો નિબંધ વધુ ચુસ્ત બનશે અને લખાણ વધુ પ્રવાહી લાગશે.

- તમે સમાનાર્થી, વિરુદ્ધાર્થી, રૂઢિપ્રયોગ, કહેવત, દૂહાઓ વગેરેનો અભ્યાસ કર્યો છે. તેનો ઉપયોગ કરો અને તમારા લખાણને વધુ સચોટ અને અસરકારક બનાવો.

- પસંદ કરેલા નિબંધ અનુસાર તમારી ભાષા હોવી જોઈએ.

● જો તમે પ્રકૃતિવર્ણનનો વિષય પસંદ કર્યો હોય તો તેમાં પ્રકૃતિનું દૃશ્ય નજર સામે ઊભું થઈ જાય તેવું, સૂક્ષ્મ વિગતો સાથે વર્ણન કરવું જોઈએ. પ્રકૃતિના રમ્ય - રૌદ્ર રૂપની વાત કરતી વખતે તેને માનવસ્વભાવની સંકુલતા સાથે પણ સાંકળી શકાય. પ્રકૃતિ મન-હૃદયને સ્પર્શતી હોય છે. તેથી તેમાં પ્રયોજાયેલાં ભાવવાચક, ઉદ્ગારવાચક વાક્યો પણ નિબંધને વધુ હૃદયસ્પર્શી બનાવી શકે.

● જો તમે માહિતીપ્રધાન નિબંધ લખવા માગતા હોવ તો તમારી પાસે મુદ્દાઓને અનુરૂપ માહિતી હોવી જોઈએ. જરૂરી પરિભાષા, તેના લાભ-ગેરલાભ અંગે અથવા પક્ષ-વિપક્ષ અંગેની માહિતી, તેના કારણો, ઉપાયો વગેરે જેવી વિગતો સમાવી લેવી જોઈએ.

● ઘટનાપ્રધાન નિબંધ લખવા માગતા હોવ તો એ ઘટનાનું તમારે મન શું મહત્ત્વ છે, વ્યક્તિગત અથવા સામાજિક સંદર્ભોમાં એ ઘટના વિશેષ છે ? તમારા મનમાં રોપાયેલી ઘટના વાંચનારના મનમાં રોપાય તેવું વર્ણન ઘટનાપ્રધાન નિબંધને આસ્વાદ્ય બનાવી શકે.

● જો ચિંતનાત્મક નિબંધ લખવો હોય તો શીર્ષકના શબ્દોને ખોલીને ઉદાહરણ - દૃષ્ટાંત દ્વારા તેની પરિભાષાને સ્પષ્ટ કરીને તાર્કિક ક્રમિકતાથી બધી વિગતો ચુસ્ત રીતે મુકાવી જોઈએ. પ્રકૃતિવિષયક કે ઘટનાપ્રધાન નિબંધમાં થોડો સ્વૈરવિહાર થઈ શકે. પણ ચિંતનાત્મક નિબંધમાં સ્વૈરવિહાર તેની નબળી બાજુ બને.

● જો તમારે આત્મકથનાત્મક નિબંધ લખવો હોય તો તમે વિચારી જુઓ કે તમને કેવી વાત સાંભળવામાં રસ પડી શકે ?કોઈ પોતાની આત્મકથા કહે તો કોણ સાંભળે, ક્યારે સાંભળે ? તેથી આ પ્રકારના નિબંધમાં બોલચાલની લઢણ નિબંધને આકર્ષક બનાવી શકે. વળી જે પોતાના જીવનના અંતિમ તબક્કામાં હોય, તે પોતાના જીવનના સારરૂપ કોઈ સંદેશ આપે, તેથી કોઈ પણ આત્મકથા જે જીવનસંદેશ આપતી હોય તો તેનું મહત્ત્વ હોય.

- આમ, નિબંધને યોગ્ય ભાષા, રૂઢિપ્રયોગ - કહેવત - અલંકાર આદિના ઉપયોગથી ઉપસતી આકર્ષક શૈલી, તાર્કિકતા, પ્રવાહિતા વગેરે તમારા નિબંધને વધુ આસ્વાદ્ય બનાવી શકે.

નિબંધનું માળખું :

નિબંધના લખાણને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય : (૧) આરંભ (૨) વિષયવસ્તુ (૩) સમાપન.

- આરંભ : નિબંધનો આરંભ વિષયનો પ્રવેશ કરાવનાર હોવો જોઈએ. કાવ્યપંક્તિ, સુભાષિત કે પ્રસંગથી થતો આરંભ આકર્ષક લાગે છે.

- વિષયવસ્તુ : નિબંધનો આ ભાગ મહત્ત્વનો છે. તેમાં મહત્ત્વના મુદ્દાઓ સ્પષ્ટ રીતે, તર્કબદ્ધ રીતે મુકાયેલા હોવા જોઈએ.

- સમાપન : આખા નિબંધના અંતે વિગતના સારરૂપ ફકરો આવવો જોઈએ. એમાંય જો સૂત્રાત્મક રીતે મૂકી શકાય તો અંત વધુ આકર્ષક અને સચોટ બને.

નીચે નિબંધનાં કેટલાંક શીર્ષક આપ્યાં છે તમે એ નિબંધ વિશે વિચારી જુઓ.

1. જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ
2. મૈત્રીની મહેક
3. સિદ્ધિ એને વરે જે પરસેવે ન્હાય
4. પરિશ્રમ એ જ પારસમણિ
5. ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.
6. પાણી બચાવો - પ્રાણી બચાવો
7. મારો પ્રિય સર્જક
8. દીકરી, ઘરની દીવડી
9. આજનો વિદ્યાર્થી - વિદ્યાર્થી કે પરીક્ષાર્થી
10. મારું પ્રિય પુસ્તક
11. વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો
12. માતૃભાષાનું મહત્ત્વ
13. યાદગાર પ્રવાસ
14. આધુનિક સાધનો - શાપ કે આશીર્વાદ
15. મારો પ્રિય તહેવાર

# 11. ખૂલતાં હૃદય, ખીલતાં ફૂલો

.....

........

સામાન્ય રીતે 'અનુવાદ'ને સાહિત્યસ્વરૂપ ગણવામાં આવતો નથી. પરંતુ 'અનુવાદ'એ જેટલું 'વિજ્ઞાન' છે એટલા જ પ્રમાણમાં 'કલા' પણ છે. ઘણા તો અનુવાદને પુનઃસર્જન અથવા અનુસર્જન તરીકે (એટલે કે અનુવાદ કે ફરીથી એ જ અનુભવનું સર્જન ભાષામાં કર્યું છે) ઓળખાવે છે.

'અનુવાદ' એક ભાષામાંથી એની એ વાતને બીજી ભાષામાં રજૂ કરવાની કામગીરી એ વાત સાચી. જે વાત એક ભાષામાં રજૂ થઈ હોય તે ભાષાના શબ્દોના અર્થસંદર્ભો, વાક્ય સંદર્ભો અને જીવનસંદર્ભોને. બીજી ભાષામાં ઉતારવા એ કંઈ ઓછું કલાત્મક કામ નથી. પોતાની ભાષામાં જ એકના એક શબ્દનો બરાબર બંધબેસતો સમાનાર્થી બીજો શબ્દ શોધવો અત્યંત મુશ્કેલ અને કદાચ અશક્ય જેવું કામ છે. અનુવાદ માટે ગુજરાતી ભાષામાં બીજા સમાનાર્થી શબ્દો તરજુમો અને ભાષાંતર છે જ. પણ 'તરજુમો' નો માત્ર શાબ્દિક સમાનાતવાળું તેના મૂળ ભાવ કે છટા વિનાનું એવો અર્થ તો પાછો કોશમાં જ છે. 'અનુવાદ' તેના મૂળ ભાવ કે છટા વિના કેવી રીતે થઈ શકે ?

એટલે શબ્દશઃ અનુવાદ કે ભાવાનુવાદ બંનેની વચ્ચે 'અનુવાદ' પોતે એક સાહિત્યિક પ્રવૃત્તિ છે. કેટલાક તેને એક હૃદયને અન્ય શરીરમાં પ્રત્યારોપણ કરવાની પ્રક્રિયા સાથે ... સરખાવે છે. તમે વાંચો કે અહીં આપેલા અનુવાદમાં (એટલે કે 'ખૂલતાં હૃદય, ખીલતાં ફૂલો' પાઠમાં) અનુવાદકનું હૃદય પ્રવેશ્યું છે કે નહીં ?

ગુજરાતીમાં અંગ્રેજી, હિન્દી, બંગાળી, મરાઠી, તામિલ, તેલુગુ, કન્નડ, મળયાળમ વગેરે ભાષાઓની અનેક સાહિત્યકૃતિઓના અનુવાદ થયેલા છે.

વૃક્ષપ્રેમી જાપાનીઓ આપણે માટે હૃદયસ્પર્શી સંદેશો આપે છે. જલદ આંદોલનો કર્યા વિના કે જોરદાર પ્રચાર કર્યા વિના પર્યાવરણને કઈ રીતે બચાવી શકાય તેનો આ હૃદયસ્પર્શી કિસ્સો છે. 'અપારે જગવિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ' એ વિશ્વશાંતિનો સંદેશો આમાં સમાયેલો છે.

---

જાપાનનું એક મોટું શહેર ફુકુઓકા. ત્યાંનો એક ભીડભાડવાળો રસ્તો પહોળો કરવાની જરૂર પડી. આને માટે રસ્તાની ધારે ઊભેલાં સળંગ ચેરી વૃક્ષો કાપવાં પડે તેમ હતું.

એક વૃક્ષ કપાતું હતું. તેની કળીઓ ખીલુંખીલું થતી હતી. અન્ય વૃક્ષોની જેમ એ પણ પચાસેક વરસ જૂનું હતું.

વૃક્ષ કપાતું જોઈ ત્યાંથી પસાર થતો એક યુવાન થોભી ગયો. તેની ખીલું-ખીલું થતી કળીઓ જોઈ રહ્યો. તેની આંખમાં આંસુ આવ્યાં. થોડું વિચારી તેણે તેની પાસેનાં પેન અને કાગળ કાઢ્યાં. કાગળ પર લખ્યું,

"શહેરના રખેવાળ માનનીય મેયર શ્રી,
રસ્તો પહોળો કરવો અત્યંત જરૂરી છે.
પણ આ ફૂલો પર દયા કરજો.
તેમને ખીલવા માટે પંદર દિવસની મુદત આપવા દયા કરજો,

જેથી તેઓ પણ આ વસંતને છેલ્લીવાર માણી લે.''

તેણે એ કાગળને બાજુના વૃક્ષ પર લટકાવી દીધો. આંસુ લૂછ્યાં. તેને આંસુ લૂછતો, કાગળને વૃક્ષ પર લટકાવતો જોઈ અનેક રાહદારીઓ પણ થોભી ગયાં. તેમણે પણ પોતાની લાગણી બતાવતા પત્રો અનેક વૃક્ષો પર લટકાવી દીધા.

આ બધું જોઈ રહેલા વૃક્ષ કાપનારા અટકી ગયા. શહેરમાં આ સમચાર ચારે બાજુ ફેલાઈ ગયા.

બીજે દિવસે સવારે ત્યાંથી પસાર થતા રાહદારીઓએ એક મોટું બોર્ડ જોયું. તેના ઉપર લખેલું હતું.

''વહાલાં શહેરીજનો,

જે હૃદય ફૂલોને માટે આંસુ સારે છે તે જીવતાં ઉમદા હૃદયને નમન. આ મૃદુ ભાવના સર્વત્ર વ્યાપ્ત રહો. વૃક્ષો કાપવાનું મુલતવી રખાયું છે.''

- તમારો મેયર

આનંદથી ઝૂમી ઊઠેલાં શહેરીજનોએ મેયરને ધન્યવાદ આપતાં કાવ્યોથી વૃક્ષોની ડાળીઓ ભરી દીધી.

પછી તો ચેરી વૃક્ષો ખીલ્યાં. જાણે નીલ આકાશ નીચેનાં વૃક્ષો પર ગુલાબી પરીઓ હસતી હતી.

વસંત વીતતાં સત્તાવાળાઓને પણ સમજાયું કે વૃક્ષો કાપવા કરતાં સમાંતર બીજો રસ્તો બનાવવો એ વધુ શાણપણભર્યું છે. હજુય એ ચેરી વૃક્ષો દર વસંતે ખીલીને પેલા ભાવુક યુવાનનાં ગીતો ગાય છે.

('રીડર્સ ડાયજેસ્ટ' ઑક્ટોબર, ૧૯૮૫ - અંગ્રેજી પરથી.)

## ટિપ્પણ

**ધારે** - કિનારે **રખેવાળ** - રક્ષણ કરનાર, ચોકીદાર **રાહદારી** - મુસાફર, પથિક **મૃદુ** - કોમળ **શાણપણ ભર્યું** - ડહાપણ ભર્યું

## રૂઢિપ્રયોગ

**ઝૂમી ઊઠવું** - ખુશ થવું, આનંદિત થઈ જવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ચેરીનાં વૃક્ષો કાપવાની જરૂર શા માટે ઊભી થઈ ?
2. વિકાસ માટે રસ્તા પહેલા કરવા જરૂરી છે ?
3. કઠિયારાઓ જે વૃક્ષ કાપી રહ્યા હતા તે કેવું હતું ?
4. કપાતા વૃક્ષને જોઈને યુવાનને કેવી લાગણી થાય છે ?
5. અંતે સત્તાવાળાઓને કયુ સત્ય સમજાયું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. કપાતા વૃક્ષને જોઈને દ્રવી ઊઠેલા યુવાને શું કર્યું ? તેણે વિરોધ માટે ઉપવાસ-ધરણા કર્યા હોત તો ?

2. વૃક્ષો કાપનારા શા માટે અટકી ગયા ?
3. લોકોના પત્રોનું કેવું પરિણામ આવ્યું ?
4. લોકો શા માટે મેયરને ધન્યવાદ આપે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. લીલુછમ વૃક્ષ જોઈને તમારા મન પર શી અસર થાય છે તેનું વર્ણન કરો.
2. વૃક્ષો તમને ક્યાં અને કેવી રીતે ઉપયોગી થાય છે તે જણાવો.
3. વૃક્ષો બચાવવા માટે શું શું કરી શકાય તે માટેના તમારા વિચારો લખો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

વૃક્ષ, આંખ, રાહદારી, ફૂલ, આકાશ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

જૂનું, પહોળું, વસંત, દિવસ

**આટલું કરો**

1. શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરો.
2. વૃક્ષોનું મહત્ત્વ દર્શાવતા સુવિચારો બ્લેકબોર્ડ પર લખો.
3. તમારા મિત્રને વૃક્ષનું મહત્ત્વ દર્શાવતો પત્ર લખો.

●

## વ્યાકરણ

### અહેવાલલેખન

અહેવાલ એટલે વૃત્તાંત, નિવેદન, કોઈ પ્રસંગ, ઘટના કે કાર્યક્રમની હકીકત જણાવવી, તેનું વર્ણન કરવું. અહેવાલ વાંચવાથી સંસ્થાને અથવા અન્ય લોકોને જે - તે કાર્યક્રમ, પ્રસંગ કે ઘટના વિશેની સાચી અને મહત્ત્વની વિગતો મળી શકે. આ અહેવાલ કેવી રીતે લખાય તે સમજીએ.

● અહેવાલ સંપૂર્ણપણે તટસ્થ આલેખન હોય છે. તેમાં અહેવાલ લખનારના દૃષ્ટિકોણ, અભિપ્રાય કે મંતવ્યને કોઈ અવકાશ હોતો નથી.

● અહેવાલમાં કાર્યક્રમ, પ્રસંગ કે ઘટનાનું યથાતથ નિરૂપણ અપેક્ષિત છે.

● અહેવાલમાં વિગતોનું સચોટ અને ટૂંકું વર્ણન કરવામાં આવે છે.

● જે દિવસનો કાર્યક્રમ હોય તેનાં તારીખ, દિવસ અને સમયગાળો ચોકસાઈપૂર્વક નોંધવાં.

● પ્રસંગ, ઘટના કે કાર્યક્રમની વિગતોની ક્રમિક નોંધ લેવી.

● અગત્યની વિગતો ચૂકી ન જવાય તેની કાળજી રાખવી અનિવાર્ય છે.

● જે કોઈ મુખ્ય વક્તા હોય તેમના વ્યાખ્યાનમાં જણાવાયેલી મહત્ત્વની, સારરૂપ વિગત અવતરણરૂપે લઈ શકાય.

● અહેવાલની ભાષા અન્ય સાહિત્યસ્વરૂપો કરતાં અલગ હોય છે. તે ખાસ ધ્યાન રાખવું.

- પરિચિત શબ્દો ધરાવતી સાદી અને સરળ ભાષા હોવી જોઈએ.
- આલંકારિક ભાષાનો ઉપયોગ ટાળવો જોઈએ.

- આવશ્યકતા અનુસાર બે કે ત્રણ ફકરામાં આખો અહેવાલ સમાઈ જવો જોઈએ.
- બિનજરૂરી લંબાણ, પુનરાવર્તન અહેવાલને શિથિલ પાડી શકે.
- સામાન્ય રીતે અખબાર કે સામયિકમાં અહેવાલ પર હેડલાઈન હોય છે. પરંતુ અહીં તમારે સચોટ શીર્ષક પ્રયોજવું.

તમારી શાળામાં કોઈ કાર્યક્રમ થાય કે તમે ક્યાંક પ્રવાસે ગયા હોવ તો તમે તેનો અહેવાલ લખી શકો ?

- તમે જોયેલા જીવલેણ અકસ્માતનો અહેવાલ લખો.
- તમારી સંસ્થાના નિવૃત્ત થતા શિક્ષક - અધ્યાપકના વિદાય સમારંભનો અહેવાલ લખો.
- તમારી શાળાએ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલ પુસ્તકબેન્કના ઉદ્‌ઘાટન પ્રસંગનો અહેવાલ લખો.
- તમારી સંસ્થામાં યોજાયેલ 'સ્વચ્છતા અભિયાન'નો અહેવાલ લખો.
- તમારી સંસ્થાના દસમા ધોરણના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનો અહેવાલ લખો.
- તમારી સંસ્થામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ તૈયાર કરો.
- તમારી શાળામાં યોજાયેલ 'શિક્ષકદિન'ની ઉજવણીનો અહેવાલ લખો.
- તમારી સંસ્થામાં સ્વાંતત્ર્યદિનની ઉજવણીનો અહેવાલ તૈયાર કરો.
- તમારી સંસ્થામાં રેડક્રોસ સાથે મળીને યોજાયેલ રક્તદાનશિબિરનો અહેવાલ લખો.
- તમારી સંસ્થામાં યોજાયેલ પુસ્તકપ્રદર્શનનો અહેવાલ તૈયાર કરીને તમારી સંસ્થાના સંચાલકમંડળને મોકલો.
- તમારી સંસ્થામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ લખો.